પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

# કુમાર

નવેમ્બર
૨૦૦૦
વર્ષ ૭૩

સળંગ
અંક
૮૭૫

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી : ધીરુ પરીખ



ફોટો] અમદાવાદ નજીક અંબાપુરની વાવ [પ્રણવ



ચિત્રકાર] મનુષ્યાકૃતિઓમાં **પુષ્પો**નું માર્દવભર્યું ચિત્રાંકન [લક્ષ્મણ પાઈ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

# કુમાર

વર્ષ ૭૩મું | અંક ૧૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
**ધીરુ પરીખ**

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ


**સૂચના**

- કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવો અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી મૂળાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર‌વ્યવહારમાં અવશ્ય જણાવવો.

નવેમ્બર 2000

કુમાર સળંગ અંક ૮૭૫




કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

# વાચકો લખે છે

## મંગળ વિષે

'આપણો ઉદ્‌ભવ મંગળ પર થયો હતો?' લેખમાં ડો. જે. જે. રાવલનું કથન છે : 'સન ૧૯૮૪માં એન્ટાર્કિટકાના પ્રદેશમાં ભૂ-ભૌતિક અને ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસ કરવા ગયેલી અમેરિકી ભૂસ્તર-શાસ્ત્રીઓની ટુકડીને જ્યારથી મંગળ પરથી આવેલ ઉલ્કાનો ટુકડો મળ્યો અને તેનો અમેરિકી વિજ્ઞાનીઓએ અભ્યાસ કરી કહ્યું કે તેમાં તો ભૂતકાળના ત્રણ અબજ વર્ષ પહેલાં મંગળ પર જીવન હતું તે પુરવાર કરતા અસ્થિઓ છે ત્યારથી લોકો અને વિજ્ઞાનીઓમાં મંગળ પર જીવન હોવાના પ્રશ્ને ખૂબ જ ઉત્તેજના પ્રવર્તે છે.' (જ. પ્ર. રવિવાર, ૧૨-૧૨, ૧૯૯૯) પ્રસ્તુત ઉલ્કાનો ટુકડો એટલે બટેટાના કદનો એ.એલ.એચ. ૮૪૦૦૧ ધરાવતો ટુકડો.

તા. ૭ ઑગસ્ટ, ૧૯૯૬ની વૉશિંગ્ટન મધ્યેની અખબારી ગોષ્ઠિમાં 'NASA' વૈજ્ઞાનિકોએ દાવો કર્યો કે ઉલ્કાનો પ્રસ્તુત ટુકડો 'CONTAINED WHAT APPEARED TO BE MARTIAN FOSSILS...WE MAY SEE THE FIRST EVIDENCE THAT LIFE MIGHT HAVE EXISTED BEYOND THE CONFINES OF THIS PLANET. THE ROCK FROM THE SUN.'

પરંતુ મંગળ પર જીવનની હસ્તીનો કરવામાં આવેલ દાવો પોકળ નીવડ્યો; છતાં વૈજ્ઞાનિકોએ આશા ત્યજી નથી.

(નેશનલ જ્યોગરોફિક, જાન્યુ. ૨૦૦૦, પૃ. ૩૯-૪૧ — એનસાઇક્લોપીડિઆ ઑવ્ ધ સૉલર સિસ્ટમ. સંપાદક : PAUL R. WEISSMAN. 1999. પૃ ૭૧૪).

મંગળ પર ત્રણ અબજ વર્ષ પહેલાં જીવનની શક્યતા હોય તો પછી સૃષ્ટિ ક્યારે હસ્તીમાં આવી? પૃથ્વી ક્યારે હસ્તીમાં આવી? પૃથ્વી પર જીવન પ્રથમ ક્યારે હસ્તીમાં આવ્યું? વર્તમાન માનવીની પૃથ્વી પર હસ્તી ક્યારથી?

વૈજ્ઞાનિકોનાં અદ્યતન મંતવ્ય અનુસાર સૃષ્ટિ 'BIG BANG' (વૈશ્વિક ધડાકા)ની રૂએ હસ્તીમાં આવી. ('BIG BANG' સંજ્ઞા વૈજ્ઞાનિક સર ફ્રેડ હોઇલે કંઈક તિરસ્કારમાં પ્રયોજેલી.)

'વૈશ્વિક ધડાકા'ની આછી રૂપરેખાનું શ્રેય વૈજ્ઞાનિક LEMAITRE ABBE GEORGES ને છે (ઇ. ૧૯૨૭). પ્રસ્તુત થીઅરીનો પુનરોદ્ધાર કરવાનું, સુયોજિત કરવાનું, વિસ્તારવાનું શ્રેય છે જ્યોર્જ ગેમોવને, રાલ્ફ આલ્ફરને, હંસ બેથેને (ઈ. ૧૯૪૬-૧૯૪૮). પ્રસ્તુત થીઅરીને વૈજ્ઞાનિકરૂપે પુરવાર કરવાનું શ્રેય છે ARNO PENZIAS અને રોબર્ટ વિલ્સનને, જેમણે ઈ. ૧૯૬૪માં 'બેક ગ્રાઉન્ડ' કૉસ્મિક રેડિઓ વેવ રેડિએશન ની હસ્તી પુરવાર કરી જે બદલ એમને ઈ. ૧૯૭૮માં નોબેલ પારિતોષિક એનાયત થયું. 'બિગ બૅંગ' થીઅરીને 'INFLATIONARY' થીઅરી રૂપે વિકસાવવાનું શ્રેય છે ALAN HARDE (૧૯૮૦,૧૯૮૧) COSMIC BACK-GROUND EXPLORER (COBE) 'દ્વારા અધિક સમર્થન સાંપડ્યું (૧૯૯૨) 'બિગ બૅંગ' થીઅરીની સમજ માટે જુઓ : (- ધી એસેન્ટ ઑવ્ સાયન્સ BRAIN SILVER ૧૯૯૮, પૃ. ૪૬૪-૫૭૯)

(- 'ડિસકવર', જુલાઈ ૧૯૯૯, પૃ. ૬૨-૬૩)

(- 'મેઝરિંગ ધ યુનિવર્સ કિટી ફરગ્યુશન, ૧૯૯૯'.)

સૃષ્ટિની હસ્તી કેટલાં અબજ વર્ષો પૂર્વે તે વિષે ઠીક ઠીક મતમતાંતર પ્રવર્તે છે, પરંતુ અદ્યતન મંતવ્ય અનુસાર સૃષ્ટિ બારેક અબજ વર્ષો પૂર્વે 'બિગ બૅંગ' (વૈશ્વિક ધડાકા)ના ફલસ્વરૂપ હસ્તીમાં આવી.

| સૃષ્ટિની હસ્તી કેટલાં અબજ વર્ષો પૂર્વે | સંદર્ભ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૦ થી ૨૦ | ધ ન્યૂ યૉર્ક લાઇબ્રેરી | ૩૧૫ |
| અને ૧૨ | સાયન્સ ડેસ્ક રેફરન્સ, ૧૯૯૫ | |
| ૧૫ થી ૧૮ | ઑક્સફર્ડ, ડિક્ષનરી ઑવ્ સાયન્સ, ૧૯૯૯ | ૮૪-૮૫ |
| ૧૫ | પ્રા. સ્ટીફન હોકિંગ 'Time' ૩૧ ડિસે.૧૯૯૯ | ૮૦ |
| ૧૨થી ૧૫ | એસ્ટ્રોનોમર્સ કમ્પ્યૂટર કમ્પેનિઅનં JEFF FOUSYઅને અન્ય, ૨૦૦૦ | ૧૯૬-૭ |
| ૧૪ | 'ડિસકવર', જુલાઈ, ૧૯૯૯ | ૬૨ |
| ૧૩ | ધ ન્યૂ યૉર્ક ટાઇમ્સ, ૩૧, ડિસે. ૧૯૯૯ | ૩૨ |
| ૧૩ | ન્યૂ સાયન્ટિસ્ટ, ગ્રંથ ૧૬૪, ક્રમાંક ૨૦૧૮, ડિસે. ૨૫ ૧૯૯૯ / ૧ જાન્યુ. ૨૦૦૦ | ૧૮ |
| ૧૨ | WENDY. FREEDMAN 'ડિસકવર', ઑક્ટો. ૧૯૯૯ | ૨૪ |

WENDY FREDMAN : "THERS'S DUST BETWEEN STARS WHICH BLOCKS LIGHT. IF YOU DON'T CORRECT FOR THAT, YOU GET THE DISTANCE WROING" ૧૦-૧૨ પોપ્યુલર સાયન્સ, ઑક્ટો. ૧૯૯૯. ૩૫ આપણી પૃથ્વી કેટલાં અબજ વર્ષો પૂર્વે હસ્તીમાં આવી?

| | | |
|---|---|---|
| ૪.૫ | પ્રા. સ્ટીફન હોકિંગ, 'LARRY KING LIVE CNN ડિસે. ૨૫, ૧૯૯૯ | ૯ |
| ૪.૫ | ન્યૂ સાયનટિસ્ટ, એજન | ૧૯ |
| ૪.૬ | ધ ન્યૂ યૉર્ક ટાઇમ્સ, ઑગસ્ટ, ૧૩, ૧૯૯૯ વિલિઅમ કે. સ્ટીવન્સ | |
| ૪ | 'ડિસકવર' જુલાઈ, ૧૯૯૯ (૧૦ અબજ વર્ષો સુધારીને ચાર અબજ વર્ષો ગણવાનાં) | ૬૩ |

આપણી પૃથ્વી પર પ્રથમ જીવન કેટલાં અબજ વર્ષો પૂર્વે હસ્તીમાં આવ્યું?

૪ ધ વૉલ સ્ટ્રીટ જર્નલ, જાન્યુ. ૧,'૦૦, ૨૮

પૃથ્વીની (હસ્તી ચાર અબજ વર્ષો પૂર્વે હોય અને તેની અગાઉ નહિ તો પછી પૃથ્વી પર પ્રથમ જીવન ત્યાર બાદ, તે પૂર્વે નહિ)

(અનુસંધાન પૃ. ૭૨૨)

## *જાણું ના, જાણું હા / હસમુખ પાઠક*

(ગાન)

માધવ, મુજ મન શુંય ખટકતું ?
જાણું ના.
ભૂમંડળ પર કેર વર્તતો,
અંતરીક્ષ મહિં રુદન,
માનવ-મન અવ જંપે નહિ તો
ગ્રહ-મંડળ સુધી ગમન-
સૂર્ય સ્પર્શથી કેમ અટકતું ?
જાણું ના.
સૂર્ય-કોટિ સમ પ્રભવે માધવ
જાણું હા.

મનુજ-કુળોના ધર્મ નિરાળા,
વળે સનાતન વાટે;
સહુને અંતર એક જ જ્વાળા
જલે પરમપદ માટે
કિંકર હસમુખ અરઘે માધવ
જાણું હા.

## *...ક્યાં જશે ?/ ભરત વિંઝુડા*

(ગઝલ)

આટલામાં ક્યાંક પૃથ્વી પર હશે
દૂર જઈ જઈને ય આખર ક્યાં જશે ?

પીઠ દેખાતી રહી તો શું થયું ?
શક્ય છે કે પાછાં પગલે આવશે.

પોતપોતાની સહુ ચિંતા કરે
ને કરે ચિંતા કે સૌનું શું થશે ?

જળ સમંદરનું બીજું કરશે ય શું ?
વહાણને ડુબાડશે કે તારશે !

તું જગાડીને કરે છે પાપ કાં ?
ઊંઘ પૂરી થઈ જશે ને જાગશે.

## *અજાણ રસ્તામાં હું/ રામચન્દ્ર પટેલ*

(વસંતતિલકા . સાંનેટ)

ભૂલો પડ્યો નથી છતાં બસ થાય એ જ
રસ્તો : જવા પગ ઉપાડું, પડુંય પાછો
તોયે હું ચાલું... ફરું, આથડું : આસપાસનો
વિસ્તાર તો અટપટો, વચમાં જ ટીંબા.
સૂકું છવાયું સઘળે અવ ઘાસ ઘાસ
જે વાયુ સાથ હલી ઝાકળશ્વાસ છાંટે.
આવી ચઢે અવનવા સજી દેહ વાદળાં
એ છાંય ખેરવી ઘડીક, થતાં અદૃશ્ય...
ને પંખ ક્યાંય નજરે ન પડે, ન ક્યાંય
બોલે : હતાં ખખડતાં તરુપર્ણ એકલાં.
વંટોળધૂળ, તડકો રચી સૂર્ય ઊડે...
પાછાં રહી રહી ઝગે જળનૃત્ય ઝાંઝવાં.
ચારે દિશા સહ હતો સૂનકાર બેઠો,
લાગે શરીરમહીં એ કળિ જેમ પેઠો.

## *પદપ્રાંજલિ/ હરીશ મીનાશ્રુ*

૧

સાધો દઈશું અમે ગવાહી
કબીરા કાહે જૂઠ બોલિયા : તા મેં દો ન સમાહી.
સાવ સાંકડી ગલીમાં ભેટી પડવા
નેહે નવધા
એકમેકને જોઈ થઈ ગયાં
બન્ને અડધાં અડધાં
જુઓ. મોકળે મ્હાલે બબ્બે જણ બિસતંતુ માંહી
ગોળ ભાંગતા આરોપીની
કુલડીમાં ફરિયાદી
તો ઉપર ઘાણા ભભરાવી
વહેંચું પરમપ્રસાદી
હ્રદે લાગી તો હવે રહી ગઈ કેવળ લાપરવાહી.

૨

સાધો, આ તે સત કે ભ્રમણા
એક હરિ આલો તો તરત જ કરી બતલાવે બમણા ?
પ્રેમગલીની વચ્ચે બોલાવે
કીમીયાગર કપટી
હરિમાં હું ને હુંમાં હરિ
ત્યાં ઊભાં ચપટીચપટી
સુખની જ્યાં કોઈ મણા નહીં : સગપણનું નામ સુખમણા
હું જ મને ઢાંકીને બેઠો રહું
મારી પછવાડે
ઢાંકપિછોડા છોડ, હરિ
થઈ જાશે ખડા રૂંવાડે
હું ને ઊહું કહું તો હરિ ભેટે હમણાં ને હમણાં.

માનવ થાઉં તો ઘણું

# 'સાધુચરિત કર્મઠ સંસારી ઋષિ ગોપાળરાવ વિદ્વાંસ'

સુધીર દેસાઈ

તા. ૧૧-૧-૧૯૫૨ના રોજ ગુજરાતના લોકપ્રિય નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈ 'ક્રૌંચવધ' નામની એવા જ સમર્થ નવલકથાકાર વિ.સ. ખાંડેકરની નવલકથાની પ્રસ્તાવનામાં આ પ્રમાણે નોંધે છે :

'શ્રી ખાંડેકરની સાહિત્યકલાને ગુજરાતીમાં ઉતારવાનો પ્રશંસાભર્યો પ્રયત્ન શ્રી. ગોપાળરાવ વિદ્વાંસ કેટલાય વખતથી કરી રહ્યા છે. શરમાળપણું એ કદાચ મહારાષ્ટ્રીઓનો ગુણ કે અવગુણ ન પણ હોય. પણ શ્રી ગોપાળરાવ બહુ વિનમ્ર અને શરમાળ છે. નવી બાલકેળવણીના સર્જક તરીકે 'દક્ષિણામૂર્તિ'ના તેજસ્વી સમૂહમાં શ્રી ગોપાળરાવનું અગ્રસ્થાન છે. અમલદારીનાં આમંત્રણ પાછાં વાળીને સામાન્યતામાં ભળી ગયેલ શ્રી ગોપાળરાવ વિદ્વાંસ એક સરસ લેખક છે, એ તેઓ જેમ બને તેમ વધારે યાદ રાખે તેમ આપણા સાહિત્ય માટે સારું છે. મરાઠી ભાષા એ તેમની જન્મભાષા-માતૃભાષા. છતાં ગુજરાતનાં પેઢીધરનાં દીર્ઘ નિવાસે તેમને ગુજરાતી જ બનાવી દીધા છે, એમ કહીએ તો ચાલે. શ્રી ખાંડેકરની સમર્થ કલાકૃતિઓને ગુજરાતીમાં ઉતારવાની તેમનામાં શક્તિ છે, સહૃદયતા છે અને કૌશલ્ય પણ છે. ઘણી વાર ભાષાંતરકારને મૂળ લેખકની પરિપાટીએ પહોંચવું પડે છે. અંગ્રેજીમાં ફિટ્ઝજરલ્ડનાં ભાષાંતરો અને ગુજરાતીમાં કેશવલાલ ધ્રુવનાં ભાષાંતરો મૂળની કક્ષાએ પહોંચેલા અનુવાદના દૃષ્ટાંતો તરીકે મૂકી શકાય. શ્રી ગોપાળરાવ વિદ્વાંસને પણ હું આ કક્ષાએ મૂકું છું. જે શૈલીએ, જે વસ્તુએ અને જે પાત્રાલેખને શ્રી ખાંડકરને મહારાષ્ટ્રપ્રિય બનાવ્યા તે ખાંડેકરને ગુજરાતપ્રિય બનાવવાનું મહાકાર્ય કરનાર શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પણ આપણા ભારે આભારના અધિકારી છે. તેમના દ્વારા મહારાષ્ટ્રી સંસ્કૃતિની પિછાન મેળવવાનું સારું સાધન આપણને ઊભું થયું છે. ભાષાંતરોની આવી સુંદર પરંપરા આપનાર મહારાષ્ટ્રી-ગુજરાતી શ્રી ગોપાળરાવને હું અભિનંદન આપું છું અને ઇચ્છું છે કે તેમની આ શુભ પ્રવૃત્તિ ચાલ્યા જ કરે.'

આવા કર્મઠ પુરુષ જેમને આપણા સમર્થ સાહિત્યકાર શ્રી ર.વ. દેસાઈ આ શબ્દોમાં અભિનંદન આપે એ શ્રી ગોપાળરાવ વિદ્વાંસ માણસ તરીકે કેવા હશે? આપણને જાણવાનું કુતૂહલ થાય જ, એ સ્વાભાવિક છે. મારા ઉપર જેમને ખૂબ જ પ્રેમ છે એવા મારા નાના ભાઈ જાણે ન હોય એવા પ્રોફેસર અને હવે ઉદ્યોગપતિ ડૉ. ધનવંત શાહને શ્રી ગોપાળરાવ વિદ્વાંસ જોડેનો નિકટ પરિચય. બાળપણમાં એ અને એમનો દીકરો શિશિર બન્ને એક જ ક્લાસમાં ભણે અને ઘનિષ્ઠ મિત્રો. એમના લેખ 'સાધુચરિત શ્રી ગોપાળરાવ વિદ્વાંસ' હમણાં જ વાંચ્યો. મારા એવા જ સજ્જન સર્જકમિત્ર શ્રી ચંદુલાલ સેલારકા દ્વારા સંપાદિત પુસ્તક, 'વિ.સ. ખાંડેકર : સર્જક અને સર્જન'માં શ્રી ધનવંતભાઈના શબ્દોમાં જ એ પ્રસંગ જોઈએ :

'એક વખત વૅકેશનમાં બપોરની ગાડીમાં અમારે અમદાવાદ જવાનું થયું. એમના લઘુબંધુ શિક્ષણશાસ્ત્રી ભાસ્કરરાવ વિદ્વાંસ અમદાવાદ રહે અને મારા કુટુંબીજનો પણ અમદાવાદમાં. હું, શિશિર અને એમના અન્ય કુટુંબીજનો ગાડીમા ગોઠવાયા. છેલ્લી મિનિટે એમના ઘરના એક સભ્ય સાથે આવવાનું નક્કી કર્યું. ઉતાવળ ખૂબ. સ્ટેશને મોડા પહોંચ્યા, લગભગ ગાડી આવી ત્યારે. એટલે સ્વાભાવિક છે કે એ સભ્યની ટિકિટ લેવાનો સમય વધ્યો નહિ. અમે સૌ ગાડીમાં ગોઠવાયા, પણ અન્ના ચિંતિત, ભયથી નહિ પણ અપરાધભાવથી. એ વખતે ગાડીમાં કોઈ કડક ચેકિંગ નહિ, બધું ચાલે. પણ ગોપાળરાવજીને ચાલે? જેવું બીજું સ્ટેશન ધોળા આવ્યુ, ત્યાં ગાડી વધુ સમય ઊભી ન રહે તો પણ અન્ના જલદી નીચે ઊતર્યા, આખી ગાડી ફરી વળ્યા, ગાર્ડને છેલ્લા ડબ્બામાં શોધી કાઢ્યો, ત્યારે ટી.સી.ની. પ્રથા શરૂ નહિ થયેલી, કદાચ હશે તો બાપુની એ ગાડીઓમાં કોઈને પડી નહિ હોય. એ ગાર્ડ અન્નાને જાણે કહે કે અંદર આવીને ટિકિટ આપું છું, પણ અન્ના માને? વગર ટિકિટે થોડા અંતરની પણ મુસાફરી કેમ કરાય? ન કરાય. ગાર્ડને કહે કે હમણાં ટિકિટ ન આપો તો ભલે, પણ પૈસા રાખો, અંતે ગાર્ડ ડબ્બામાં આવ્યો. ટિકિટ બનાવી તો અન્ના કહે 'દંડ'ની રકમ પણ લઈ લ્યાં. ગાર્ડ કહે 'મેં તમને પકડ્યા નથી, ઉપરાંત બીજા જ સ્ટેશને તમે મને જાણ કરીને મને શોધી કાઢ્યો છે એટલે નિયમ પ્રમાણે પણ મારાથી દંડ ન લેવાય. વળી તમારો પુત્ર વિદ્યાર્થી છે, નાનો છે, છેલ્લી મિનિટે જીદ થઈ હશે, દંડ તો ન જ લઉં.' 'પણ અન્ના કોઈ વાતે માને નહિ. બન્નેની જોરદાર દલીલો. અંતે ગાર્ડ હાર્યો.' પેલાએ દંડના પૈસા લીધા ત્યારે જ એનો છુટકારો થયો. અન્નાના મુખ ઉપર દલીલજીતની નહિ પણ નૈતિકતાની પ્રસન્નતા ખીલી ઊઠી.'

એક બીજો પ્રસંગ જોઈએ.

'શિશિરથી મોટાભાઈનું નામ આનંદ. ભણવામાં ખૂબ જ તેજસ્વી. મને એનો પણ પરિચય. આનંદ એટલો આનંદી કે એક વાર મળો એટલે આનંદના તરંગો તમારામાં ગોઠવી દે. એની સાથેની બધી મુલાકાતો ચિરસ્મરણીય બની રહે. આનંદ સિવિલ એન્જિનીઅર થયા ઉત્તમ કક્ષાથી. નોકરી માટે ન તો ગોપાળરાવજી ભલામણ કરે કે ન ચિઠ્ઠી લખી આપે. ભાસ્કરરાવજી સૌરાષ્ટ્ર અને

(અનુસંધાન પૃ. ૭૧૦)

# આધુનિક ભૌતિકશાસ્ત્રમાં ક્રાન્તિના પ્રણેતા



# મેક્સ પ્લાંક

**— પ્રો. સુધીર પ્ર. પંડ્યા અને સુરેશ ર. શાહ —**


મેક્સ પ્લાંક (તેમનું પૂરું નામ મેક્સ કાર્લ અનેસ્ટ લુડવીગ પ્લાંક)નાં માતાપિતા રૂઢિચુસ્ત જર્મન હતાં. તેમનો જન્મ એપ્રિલ ૨૩, ૧૮૫૮ના રોજ બાલ્ટિક સમુદ્રકાંઠે તે વેળાનાં ડેનિસ વિસ્તારમાં આવેલાં કીલ નામના બંદર શહેરમાં થયો હતો. તેમના પિતાશ્રી કાયદાની વિદ્યાશાખામાં યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા. મેક્સ પ્લાંક એક ખ્યાતનામ અને સંસ્કારી તથા ભણેલા કુટુંબના હતા. તેમનાં કુટુંબના સભ્યોમાં કેટલાય જાહેર અધિકારીઓ, જજ, વિજ્ઞાનીઓ ઇત્યાદિનો સમાવેશ થતો હતો.

મેક્સ જયારે નવ વર્ષના થયા ત્યારે તેમના કુટુંબ સાથે તેમણે મ્યુનિચ સ્થાનાંતર કર્યું, કારણ કે તેમના પિતાશ્રીને ત્યાં યુનિવર્સિટીના પ્રોફેસર તરીકે સ્થાન મળ્યું હતું. મ્યુનિચમાં તે મેક્સમિલન જિમ્નેશિયમ તરીકે ઓળખાતી શાળામાં દાખલ થયાં. આ તેમનું એક સૌભાગ્ય હતું કે તેઓ ત્યાં નિષ્ઠાવાન અને વિચારક ભૌતિકવિજ્ઞાનનાં શિક્ષકોની અસર હેઠળ આવ્યા. આવા શિક્ષકોના સહવાસથી જ તેઓ ભૌતિકવિજ્ઞાનઓના પથ ઉપર આગળ ડગ ભરી શક્યા. વર્ગમાં તેઓ સૌથી નાની વયના વિદ્યાર્થી હતા. અભ્યાસ ઉપરાંત તેઓ એક સારા પિયાનોવાદક પણ હતા અને સ્વેચ્છાથી મનોરંજન ખાતર સમય મળે તેનો આનંદ માણતા હતા.

તેમણે ૧૮૭૪ થી ૧૮૮૦ સુધી મ્યુનિચ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો. આ સમયગાળા દરમિયાન તેમણે ૧૮૭૭-૭૮નું એક વર્ષ બર્લિનમાં પણ અભ્યાસાર્થે ગાળ્યું હતું. તેમના શિક્ષકોમાં ખ્યાતનામ વિજ્ઞાનીઓ હેલમોલ્ટ્ઝ અને કિર્ચોફ હતા. તેમની વ્યાખ્યાન આપવાની ભિન્ન અને નિરાલી પદ્ધતિએ પણ પ્લાંકમાં સારું સિંચન કર્યું હતું. પ્લાંકનો ડૉક્ટરેટની ડિગ્રી માટેના મહાનિબંધનો વિષય હતો પૅલેડિઅમમાંથી હાઇડ્રોજનનું વિસરણ (Diffusion)નો પ્રયોગ. એમ કહેવાય છે કે તેમના જીવન દરમિયાન એકમાત્ર સંશોધનાત્મક સંશોધન હતું. હકીકતમાં તેઓ પ્રાયોગિક નહિ પણ સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી હતા.

તેમની તેજસ્વિતા ઝડપથી સ્વીકાર્ય બની અને ટૂંકા જ સમયમાં તેઓ મ્યુનિચ યુનિવર્સિટીમાં સહપ્રાધ્યાપક અને પછી કેલ યુનિવર્સિટીમાં ભૌતિકવિજ્ઞાનના પ્રોફેસરપદે પહોંચ્યા હતા. ત્રણ વર્ષ પછી ૧૮૮૯માં તેઓશ્રી બર્લિન પાછા ફર્યા. ૩૧ વર્ષની નાની વયે તેમને ભૌતિકવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. આ એક વિશિષ્ટ બહુમાન ગણાય. તેઓ જે.જે. થૉમસનના તેમજ જી. હર્ટ્ઝના સમકાલીન હતા. ઉષ્માગતિશાસ્ત્ર થર્મોડાઈનેમિક્સના સિદ્ધાંતોમાં તેમની નિપુણતા હતી. થર્મોડાઈનેમિક્સ આમ તો ઉષ્મા અંગેનું વિજ્ઞાન છે. પણ પ્રકાશ અને ઉષ્મા એ બન્ને ઊર્જાનાં સ્વરૂપો છે.અને બન્ને એકબીજાં સાથે સંકળાયેલાં છે. ઉષ્માગતિશાસ્ત્ર અંગે તેમણે કરેલા અભ્યાસ-સંશોધનને તેમણે પ્રકાશવિજ્ઞાન સાથે સાંકળ્યું હતું. આમાંથી તેમના નવા સિદ્ધાંતોનો ઉદય થયો. આ જ અભ્યાસો દરમિયાન તેમના ઊર્જાનાં પૅકેટો અથવા ક્વૉન્ટમનો ખ્યાલ આવ્યો. ધીરે ધીરે વિજ્ઞાનવિશ્વે પ્લાંકના ક્વૉન્ટમવાદ-ઊર્જાના પૅકેટોના ખ્યાલની નોંધ લેવાનું શરૂ કર્યું અને એ રીતે ક્વૉન્ટમવાદનો વિશ્વના વિજ્ઞાનીઓ સમક્ષ ઉદય થયો. પ્લાંકના સિદ્ધાંતો-પ્લાંકવાદની તેમણે કહેલી રજૂઆત પછી ૧૮ વર્ષે તેમને વિશ્વાસના વિજ્ઞાનીઓની સ્વીકૃતિ મળી અને ૧૯૧૮ના વર્ષનું ભૌતિકવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક તેમને એનાયત કરાયું.

**પ્લાંક અને આઈનસ્ટાઈન :** આઈનસ્ટાઈન (માર્ચ ૧૪, ૧૮૭૯-એપ્રિલ, ૧૮, ૧૯૫૫)ને થવું હતું ભૌતિકવિજ્ઞાનના શિક્ષક, પણ તે શક્ય ના બન્યું અને તેથી સ્વિટ્ઝલૅન્ડના પાટનગર બર્ન ખાતેની પેટન્ટ ઑફિસમાં નોકરી લીધી. આ નોકરી દરમ્યાન જ ૧૯૦૫માં તેમણે સાપેક્ષવાદનો સિદ્ધાંત જાહેર કર્યો. આ સંશોધન દરમિયાન તેમને પ્લાંક દ્વારા સૂચિત ઊર્જાનાં પડીકાં કે પૅકેટ એટલે કે ક્વૉન્ટમવાદમાં ઘણું તથ્ય જણાયું. તેમણે જાહેર કર્યું કે ક્વૉન્ટમનો ખ્યાલ ફોટો ઇલેક્ટ્રિસિટીની કેટલીક વણસમજાયેલી વાતો સમજાવી શકે તેમ છે. ૧૯૦૯માં તેઓ જર્મનીમાં ઝુરીચ યુનિવર્સિટીમાં ભૌતિકવિજ્ઞાનના પ્રોફેસર હતા ત્યાંથી તેઓ પ્રાગખાતે જર્મન યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યા. આમ, આગળ ધપતા જ ગયા અને બર્લિન યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યા. ૧૯૩૩માં જર્મનીમાં હિટલર શક્તિશાળી બન્યા તે દરમિયાન તેઓ વ્યાખ્યાન આપવા ઇંગ્લંડ અને અમેરિકા ગયા હતા. યહુદીઓ



ઉપરના નાઝીઓના ત્રાસને લીધે તેઓ અમેરિકા ખાતે જ રોકાઈ ગયા અને ત્યાંનું નાગરિકત્વ લીધું.

૧૯૧૩માં આઈનસ્ટાઈન બર્લિન આવ્યા તે વેળા પ્લાંક અને આઈનસ્ટાઈન સારા મિત્રો બન્યા. બન્ને સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી હતા. વળી, આઈનસ્ટાઈનને નાનપણથી તેમની માતા દ્વારા સંગીતનો શોખ કેળવવામાં સહાય મળી હતી. આમ, આ બન્ને ભૌતિકશાસ્ત્રીઓ સમય મળે શોખ ખાતર સંગીતનો આનંદ માણતા હતા. પ્લાંકના ક્વોન્ટમવાદને આગળ ધપાવવામાં આઈનસ્ટાઈનનો પ્રબળ ટેકો મળ્યો હતો.

**પ્લાંકનું અંગત જીવન :** ૧૯૦૯માં મેક્સના પ્રથમ પત્નીનું અવસાન થયું અને તેમણે ફરી લગ્ન કર્યાં. પહેલી પત્નીનાં ચાર બાળકો બાદ બીજાં પત્નીથી ત્રણ બાળકો થયાં હતાં. પણ દુઃખદ ઘટના તો એ હતી કે તેમના જીવનકાળ દરમિયાન જ આ સાતેય બાળકો અવસાન પામ્યાં હતાં. તેમનો સૌથી મોટો દીકરો કાર્લ ૧૯૧૬માં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જ મરાયો હતો. તેમની બે જોડકા છોકરીઓ પણ નાનપણમાં જ એક વર્ષના ગાળામાં અવસાન પામી હતી.

તે વેળાના હિટલરના નાઝી શાસનકાળ દરમિયાન મેક્સના બે ભૌતિકશાસ્ત્રી મિત્રો આલ્બર્ટ આઈનસ્ટાઈન અને ઈરવીન શ્રોડિન્જર હિટલરના ત્રાસથી બચવા જર્મની છોડીને જતા રહ્યા હતા, અને બીજા દેશમાં વસવાટ સ્વીકાર્યો હતો. મેક્સ પ્લાંક ઉપર નાઝી સત્તાવાળાઓ તરફથી તેમને વફાદારી બૉન્ડ ઉપર સહી કરી આપવા વારંવાર દબાણ આવતું જેને તેઓ આધિન થતા નહોતા. ૧૯૪૪માં છયાસી વર્ષના આ વયસ્ક વિજ્ઞાની ઉપર તે વેળાની જર્મન સરકારના નાઝી પક્ષને વફાદારીપત્ર લખી આપવા ખૂબ જ દબાણ આવ્યું, જેનો તેમણે મક્કમતાથી સામનો કર્યો. તેમના છેલ્લા દીકરા ઈરવીન પ્લાંકને પકડવામાં આવ્યો હતો અને હિટલર સામે કાવતરું કરવાનો તેનાં ઉપર આરોપ લગાવી તેને ફાંસી આપવામાં આવી હતી. જર્મની ઉપર થયેલા પ્રચંડ બૉમ્બમારાથી તેમનું ઘર અને તેમની અંગત લાઈબ્રેરી નાશ પામ્યાં હતાં. વફાદારીપત્રક ઉપર સહી કરી આપે તો તેમના દીકરાને ફાંસીની સજામાંથી મુક્ત કરવાની પણ લાલચ આપવામાં આવી હતી, જે તેમણે સ્વીકારી નહોતી. આમ આ, વિજ્ઞાનીઓ ઘણી મુશ્કેલીઓ વેઠી પણ તેમના વિચારો-સિદ્ધાંતો સાથે કોઈ બાંધછોડ કરી નહિ.

યુદ્ધ પછીની નવી જર્મન સરકારે આવા વયસ્ક વિદ્વાન વિજ્ઞાનીની તેમના આવનારા ૯૦મા જન્મદિને ભવ્ય ઊજવણી કરી તેમનું સન્માન કરવાનું આયોજન કર્યું હતું. પણ તે પહેલાં જ ઑક્ટોબર ૪, ૧૯૪૧ના દિવસે, તેઓ ૯૦ વર્ષના થાય તેના થોડાક મહિનાઓ અગાઉ જ તેમનું અવસાન થયું. તેમના અવસાન પછી તેમને સન્માન આપવા તે વેળાની કૈઝર વિલ્હેમ વિજ્ઞાન અકાદમીનું પુનઃ નામકરણ કરવામાં અને તે હવે મેક્સ પ્લાંક વિજ્ઞાન અકાદમી તરીકે ઓળખાય છે. જર્મનીનો શ્રેષ્ઠ વિજ્ઞાન વિષયક એવૉર્ડ હવે મેક્સ પ્લાંક મેડલ તરીકે પ્રતિવર્ષે અપાય છે.

મેક્સ પ્લાંકને વીસમી સદીનાં કોપરનિક્સ કહેવામાં આવે છે અને વિજ્ઞાનમાં ક્રાન્તિકારી ફેરફારો સૂચવનાર તરીકે તેમને સન્માનવામાં આવે છે. ❐

**અનુસંધાન] માનવ થાઉં તો ઘણું [ પૃ. ૭૦૮થી**

મુંબઈ રાજ્યની સરકારમાં એમને બધાં સન્માને અને એમની વાત માને તો પણ. આ બન્ને મહાનુભાવો પોતાના નામનોય ઉલ્લેખ ન કરવા દે. પણ, આનંદ તો એમનાથી ય આગળ, લાગવગનો ઉપયોગ કરવાનો વિચાર પણ નહિ.. પોતે જ એવો તેજસ્વી કે લાગવગની જરૂર ન પડે. પોતાની ઉજ્જ્વળ કારકિર્દી ને બળે ઉત્તમ નોકરી મળી.

પણ એક અકસ્માતમા આનંદે જીવન ગુમાવ્યું.

શિશિરે જ્યારે મને આ સમાચાર આપ્યા ત્યારે મારા પગ નીચેથી તો ધરતી સરકી પડી. આનંદ, અન્ના અને આઈનો વિચાર આવતા હું દિગ્મૂઢ થઈ ગયો. મેં તરત જ અન્ના અને આઈ વિશે પૂછ્યું, 'કેમ છે?'

શિશિરે કહ્યું, 'ખૂબ જ સ્વસ્થ છે, પોતાના કાર્યમાં પૂરા મગ્ન છે. ધનવંત તને યાદ છે, આપણે કાકાસાહેબ કાલેલકરનો એક ગદ્યખંડ ભણતા, આક્કા એવું પાઠનું નામ હતું, એમાં આક્કા એટલે કાકાસાહેબનાં બહેન. એ યુવાન વયે મૃત્યુ પામે છે ત્યારે કાકાસાહેબ એક મરાઠી કહેવત ટાંકે છે, શહાણુ માણસ લાભત નાહિ, એવું કાંઈક, અન્ના બોલેલા.'

એ પુણ્યાત્મા અન્ના ત્યારે મારા હૃદયમાં મહાત્મા બનીને બિરાજી ગયા.

ગુજરાતી વાચક તો ગોપાળરાવ વિદ્વાંસને માત્ર એક અનુવાદક તરીકે ઓળખે છે, પણ એમણે તો કાવડિયાનું કામ કર્યું છે. મરાઠી ભાષામાંથી સાહિત્યનું ગંગાજળ લઈ કર્તવ્યનિષ્ઠ પરિશ્રમ કરી, ગુજરાતી ભાષાના મીઠા સરોવરમાં એ જળને એક પછી એક કૃતિની કાવડથી ઉમેર્યું છે. અને એ પણ દૂધમાં સાકર ભળે એ રીતે. વિ. સ. ખાંડેકર આપણા ગુજરાતી સર્જક લાગે એ રીતે.

આ અન્ના ગોપાળરાવ મારે મન તો એક સાધુચરિત સંસારી ઋષિ!

આવા સાધુચરિત કર્મઠ સંસારી ઋષિ આજે યાદ કરવા પડે, કારણ આજે આપણી આજુબાજુ જે લોકો ફરે છે એમાં હીરાની જેમ એ ઝળહળે છે.

તદન સાદું જીવન જીવતો માનવી સાચા અર્થમાં માનવી કેવી રીતે બની શકે, એનું આ જીવંત ઉદાહરણ છે. એમના પુત્ર પણ લાગવગની ઇચ્છા કર્યા વગર પોતાના બાહુબળના પ્રતાપે આગળ વધે છે, ત્યાં જ એમના પુત્ર ઉપર પડેલ સંસ્કારો દેખાઈ આવે છે. વિ.સ. ખાંડેકરની આત્મકથાનો અનુવાદ અર્ધો થયો હતો અને શ્રી ગોપાળરાવ વિદ્વાંસ આ દુનિયા છોડી ચાલી ગયા. અનુવાદ એમના નાના ભાઈ શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસે પૂરો કર્યો અને એમ મોટાભાઈનું અધૂરું કાર્ય પૂરું કર્યું. માણસ થવા માટે આટલું જ કરવાનું છે. આમ, સામાન્ય દેખાતાં કાર્યો જ સાચા અર્થમાં અગત્યનાં કાર્યો છે, માનવી બનવા માટે. અને દુનિયા સાચા માનવીને જ યાદ કરતી હોય છે. આજે શ્રી વિદ્વાંસ, એમના ભાઈ કે આનંદ નથી પણ આપણે એમની નોંધ લેવી પડે છે આનંદથી. એમાં જ સાચા માનવીની મહત્તા છે. ❐

# પૂર્વવત્

ગિરીશ ભટ્ટ

દિવસોની અનિયમિતતા પછી આજે આપોઆપ જ તેમનાથી તેમના નિયત સમયે જાગી જવાયું. વર્ષોની ટેવ હતી આ સમયે જ ઊઠી જવાની. તરત જ ખ્યાલ આવી ગયો કે આ તો પરોઢ હતું – ચિરપરિચિત પરોઢ. જે હજુ પણ તેના અંતઃસ્થળમાં ખળખળ થઈને વહેતું હતું. જાનકી આ સમયે જ ઊઠતી હતી. પતિની નિદ્રાને સહેજ પણ ખલેલ ન પહોંચે, એ રીતે ચૂપચાપ, ડબલ-બેડમાંથી સરકીને પરબારી રસોઈઘરમાં કામે વળગતી. પ્રાતઃકાર્યો સાથે મનોમન પ્રભુસ્મરણ પણ ચાલું જ રહેતું.

નિવૃત્ત પતિની આ કાયમની ફરિયાદ હતી. એ તે જાણતી હતી. જવાબ તેના હોઠે હતો : 'તમને ન ખબર પડે આમાં. અમારે કેટલાંય કામો હોય. ભલે રહી બે માણસની વસ્તી પણ તાવડી તો તેર વાનાં માગે. અને તમે ક્યારેય જાતે ચા પણ ક્યાં બનાવી છે ?' પત્નીની આ દલીલ સામે જયંતભાઈ લાચાર બની જતા. આ નિવૃત્તિના સમયમાં તેમને નવા નવા તરંગો આવ્યા કરતા. રસિકતા પણ સળવળવા લાગતી. વાંદરો ગુલાંટ ભૂલે ? – એ વાત યાદ કરીને હસી પડતા.

તે ભીની સવારે પથારીમાં જાગતા પડ્યા રહેતા. તેમને પત્નીના ક્રમની ખબર હતી. સ્નાનથી પરવારીને જાનકી તરત જ તેમને ઢંઢોળવા આવતી. જયંતભાઈ એ કારણે જ સૂતા રહેતા. આ પણ એક આનંદ હતો, પ્રૌઢ વયના દાંપત્યનો.

જાનકીના એક હાથમાં સાડી હોય અને બીજા હાથે તે ચાદર ખેંચીને. મુગ્ધતાથી પલંગમાં બેસીને પતિને ઢંઢોળે :'એ-ય ઊઠોને !'

એ કોમળ ટહુકો જયંતભાઈને તરબોળ બનાવી દે. તેઓ પણ પછી અરસિક શાના રહે ? જાનકીનું ગૌર નમણું મુખ લજ્જા અને આનંદથી લથબથ થઈ જાય. પરોઢની ભીનાશમાં બીજી ભીનાશ પણ ભળી જાય.

'શું તાકી રહ્યા છો ? શું હું રાતોરાત બદલાઈ ગઈ છું ?' તે સોળ વર્ષની મુગ્ધાની માફક પતિને પૂછી બેસતી.

'અરે ! તું તો ક્ષણેક્ષણે બદલાતી રહી છે ! 'જયંતભાઈના હોઠો પર જૂના સંવાદો રમવા લાગતા.

જાનકી તરત એ રસિકપળોને સલૂકાઈથી સમેટી લેતી : 'પછી તમે નાનાને ફોન કર્યો ? ભૂલી ગયાને ! ખબર છે.... તે આપણાં ફોનની કેટલી રાહ જોતી હશે ? હવે આજે ન ભૂલતા. તેની તબિયત પણ ક્યાં બરાબર છે ?'

જોકે જાનકીના મન પર ભાર પણ રહેતો હતો. પતિનો અલગારી સ્વભાવ ક્યારેક તેને ખૂંચતો પણ હતો. કશું મન પર લાવે છે જ ક્યાં ! આ બધો ભાર મારે એકલીએ જ....! ક્યારેક વિવશ થઈ જવાતું.

બીજી ક્ષણે મન જાણે તેમને ઠપકો આપતું : 'સાવ ભોળા છે : પહેલેથી જ આવી પ્રકૃતિ છે. છો જીવતા તેમની રીતે. એ તો હું સંભાળી લઈશ સહુને.'

બન્ને પુત્રો વચ્ચે સ્વભાવગત અંતર હતું. વહુઓ પણ ક્યારેક ન ધારેલાં પ્રશ્નો ઊભા કરતી. પુત્રી નીના જરા પણ ગંભીર નહોતી. પતિ સાથે સહયોગથી રહી શકતી નહોતી. જાનકીએ માન્યું હતું કે તે ત્રણેય પ્રસંગોથી પરવારીને સુખથી રહી શકશે. પણ તેમ બન્યું નહોતું.

'સંસારમાં તો આવું હોય જ.' તે હસીને મન મનાવી લેતી. સંસારનો સંતાપ જયંતભાઈ સુધી પહોંચતો જ નહિ.

સવારની શાંતિમાં કે સાંજની હળવાશમાં, જાનકી ક્યારેક થોડી વાતો છેડતી પણ ખરી.

'જુઓ.... શશાંકે પણ નીનીને સમજાવી પણ તે ક્યાં માને છે ? ડૉક્ટરે પણ કહ્યું કે આ વખતે જોખમ છે. તમે તેને સમજાવો કે અહીં આવી જાય. અહીં સચવાય પણ ખરી. ત્યાં જમાઈ શું કરી શકે ? અને જુઓ... નંદિનીને બોલાવવાની વાત ન કરશો ભાઈ-સાબ, નમનનો સ્વભાવ તો જાણો છો ને ? તેને વહુ વિના ક્યાં ચાલે છે ? તમે ના લખી નાખજો. અને મુંબઈ ચિરાગ ને લખી નાખજો કે... ના, ન લખશો કશું. ભલે તેમની રીતે જીવતાં. પાછું ચૌલાને નહિ ગમે.'

મનનો ભાર થોડો હળવો કરતી જાનકી.

'બહુ ચિંતા રાખશ. જાનકી, હવે છોકરાં મોટાં થયાં, પોત-પોતાની રીતે જીવન જીવવા દે તેઓને.'

જયંતભાઈને જાનકી નહોતી સમજાતી. શા માટે તે સંતાનોના સંસારમાં આટલો રસ લેતી હશે ? શી જરૂર હતી ?

જાનકી પાસે એનો ઉત્તર હતો, પણ મૂક થઈ જતી. આ પુરુષ ક્યારેય આ ગહન વાત નહિ સમજી શકે !

'ચાલો, તેમને તો શાંતિ છે ને ! એમનું સુખ મારું પણ સુખ ગણાય જ ને !' તે મન વાળતી.

અને એ સુખ મળતું પણ ખરું, તરબોળ થઈ જવાય એટલી માત્રામાં. આ સૌભાગ્ય જ હતું ને જાનકીનું? આ વૈભવ હતો તેનો. પ્રૌઢ વયે પણ આમ મુગ્ધા બનવું ક્યાં સહેલું હતું!

જયંતભાઈ જાનકી વિના સાવ પાંગળા બની જતા. 'આ રોગ તો તને પરણ્યો ત્યારનો જ વળગ્યો છે.' તે હસીને કહેતા.

'મેં જ તમને ખોટી આદતો પાડી છે. સામે જ કપડાં પડ્યાં

હોય ને જાનકી જાનકી કહીને ઘર ગજાવી મૂકો. રૂમાલ ન મળે, પાકીટ ન મળે અને ક્યારેક ક્યારેક તો પત્ની પણ ન મળે.'

જાનકી ખડખડાટ હસી પડે. જયંતભાઈ ખુશ થઈ જાય. આ પણ તેમનો આનંદ હતો.

'હું નહિ હોઉં ત્યારે શું કરશો, બોલો ? જાનકીને ક્યાંથી બોલાવશો ?'

જાનકી ક્યારેક કઠોર વાસ્તવિકતા પર આવી જતી. વિચારો પણ આવતા જ, પણ ક્યારેક તો એ હોઠો પર પણ આવી જતા. 'મને ડર ન બતાવ જાનકી. ઈશ્વર બધું જાણે છે. એ એવી સ્થિતિ ક્યારેય નિર્માણ નહિ કરે. હું જાનકી જાનકી રટતો હોઈશ ને મને હરી લેશે'

જયંતભાઈની વાતોથી જાનકી કોચવાઈ જતી.

'મૂકો એવી વાતો... કાલે શ્વેતા શા માટે આવી હતી ? સલાહ લેવા કે ? મને એ છોકરી ખૂબ ગમતી હતી અને હજુ પણ ગમે છે. આપણા ચિરાગને પસન્દ ન પડી, નહિ તો તે આપણા ઘરની શોભા બની રહેત.' જાનકીએ વાતને ચાતરી, પણ વ્યથા તો રહી જ.

આજે પુનઃ જયંતભાઈથી નિયત સમયે જાગી જવાયું. ભાન આવતા તરત જ વાસ્તવિકતાનો દાહક સ્પર્શ થયો. 'ઓહ !....' કહીને તેમણે આંખો પર પોપચાં ઢાળી દીધાં. પંદર પંદર દિવસોની વ્યથા એકસામટી ધસી આવી; 'આ શું થઈ ગયું એકાએક ?' ચિત્તમાં ઝબકારો થયો.

હા, આવી જ સવાર હતી. તે જાનકીની પ્રતીક્ષા કરી રહ્યા હતા કે ક્યારે તે આવે અને તેઓ હંમેશની જેમ... જાનકી આવી તો ખરી પણ તેમના પર ઢળી પડી, એક જડ ચીજની માફક.

'જયંત, મને કશું થાય છે અહીં છાતીમાં'

આટલું માંડ બોલાયું. બામની શીશી શોધવી કે ડૉક્ટરને બોલાવવા ? બેચાર ક્ષણો ખાલી અવઢવમાં ગઈ. આવી કટોકટીની પળે જયંતભાઈ મૂંઝાઈ ગયા. ડૉક્ટર આવ્યા ત્યારે તો જાનકી અચેતન બની ગઈ હતી. જાનકી જાનકી જ નહોતી રહી.

હાહાકાર મચી ગયો, પણ તે રડી ન શક્યા. તે તો વિચારતા હતા કે આમ બને જ કેમ, આમ નિરાધાર મૂકીને જાનકીથી જવાય જ કેમ ? હવે...?

એક ન સમજી શકાય એવી વ્યથાએ તેમને ઘેરી લીધા. વાતાવરણ રુદન અને ડૂસકાંથી ખળભળતું હતું. સૌની આંખો ફરતી ફરતી જયંતભાઈ તરફ વળતી હતી, પણ તેમનાથી રડી શકાયું નહિ, બસ થીજી જવાયું.

'જયંત.....બી નોર્મલ' મિત્રોએ સાંત્વના આપી. 'મોટાભાઈ, તમે આમ કરશો તો આ છોકરાંઓને કેવી રીતે સંભાળવાં ? જુઓ આ નીની, નમન, ચિરાગ.... શશાંક.... નંદિની.... ચૌલા... કેવાં ગભરાઈ ગયાં છે ? તમે.... મોટાભાઈ....

પપ્પાજી.... મોટાભાઈ....જયંત.....બાપુજી.....અનેક અવાજોએ તેમને ઘેરી લીધા.

'ભાભી તો લીલી વાડી મૂકીને ગયાં. ક્યાં કશી કમીના છે ? આ નમન કેવો કહ્યાગરો છે ? અને ચિરાગ.... લાખોમાં રમે છે... અને વહુઓ પણ કેવી શાણી છે ! જાનકી તો પામી ગઈ... જિંદગી તો સુધરી અને મૃત્યુ પણ પતિના ચરણોમાં ! કોઈ વિગતવાર સ્પષ્ટતા કરતું હતું.

તે ઓગળી ન શક્યા. જરા હસી લીધું. સૌને મનગમતો જવાબ મળી ગયો.

'જુઓ.... જાનકીનું ટાણું પણ બરાબર જ થવું જોઈએ. ભાઈના મોભાને છાજે તેવું. બેસણામાં કેટલાં લોકો આવ્યાં હતાં ? ચિક્કાર...'

'મમ્મી પણ કેવાં ? જાજરમાન.... વ્યક્તિત્વ....! કેવી સુવાસ ? 'આ લેમિનેશન જોયું ? પાંચસોની પકડાવી દીધી, ખુશ થઈને. મમ્મીનો આ પોઝ તો અદ્ભુત છે. મારા મેરેજના આલ્બમમાંથી મળ્યો.'

આ પન્દર દિવસો દરમ્યાન જયંતભાઈ જાતજાતના અવાજોથી ઘેરાઈ ગયા.

બે જ માણસની વસ્તી અને અનેક માણસો એકઠા થઈ ગયા.

'દાન પણ કેટલાં કર્યાં નમન, ચિરાગ ? કહેવું પડે. હાથ ક્યાંય ટૂંકો નથી કર્યો.'

'અલી નંદિની, હવે તું જ ઘરની રણીધણી. તારે જ ભાભીનો વારસો સંભાળવાનો છે...'

ધીમે ધીમે અવાજોનો પ્રવાહ ઓસરવા લાગ્યો.

ભાઈ-કાકા-મામા-સૌ ગયા.

ભાઈ, કામકાજ લખજો... સૌને હિંમત....

જયંતને જવાબો આપવા પડતા. આપતા પણ ખરા. એક નીરવ રાતે જયંતભાઈ જંપી પણ શક્યા અને નિયત સમયે ઊઠી પણ શક્યા. તરત ખ્યાલ આવી ગયો કે ગમે તેટલી પ્રલંબ પ્રતીક્ષા કરે, જાનકી તેમને ઢંઢોળવા આવી શકવાની નહોતી. એક લખલખું દેહ સોંસરવું નીકળી ગયું.

અચાનક નીનીનો અવાજ સંભળાયો-પાસેના ખંડમાંથી. 'બેટા.... અવાજ ન કર. નાનાજી કેવાં ઘસઘસાટ સૂતા છે ? શશાંક શું કરવું છે ? આજે નીકળી જઈએ....'

'પણ.... પપ્પાને આમ....'

'એ તો સ્વસ્થ થઈ ગયા હોય એમ લાગે છે. નમન અને ચિરાગ વ્યવસ્થા કરશે. પાછો કાલે આપણી કુંવરીનો બર્થ ડે છે.

'મલે. સાદાઈથી પણ મનાવવો તો પડશે જ...'

'પણ નીની. આ સાલ રહેવા દઈએ.... તો ?'

'નો શશાંક. શો મસ્ટ ગો ઑન.' નીનીનો રમતિયાળ સ્વર સંભળાયો.

'સામાન તો પૅક કર્યો જ છે. પપ્પા ઊઠે એટલે વાત' એ પરિચિત અવાજો સમેટાયા.

તરત જ નમન અને નંદિની આવ્યાં. વાતચીત પરથી પરખાયાં કે તેઓ જ...

'સાવ મણિબેન જેવી લાગે છે તું'

'તને ન ખબર પડે. આવી સાડી પહેરવી પડે. કાલે અમદાવાદ જઈને તને ગમે તેવી પહેરીશ. જો મેં તો બધું ગોઠવી દીધું છે. પછી પપ્પાની શી વ્યવસ્થા કરી ? પૂછી લીધું ?'

'સૂતા છે નિરાંતથી. પણ મને ગળા સુધીની ખાતરી છે કે પપ્પા અમદાવાદ નહિ આવે. તેમને ક્લાઇમેટ જ ક્યાં માફક આવે છે ? કુક અને નોકર બન્નેની વ્યવસ્થા મેં કરી જ છે. પપ્પા ઊઠે એટલે...'

'નમન ...યુ આર વેરી ગુડ મૅનેજર !' નંદિની ખણખણી.

'તારા જેવી સ્રીને પણ મૅનેજ કરું જ છું ને !'

'ઓહ ! યુ નૉટી !'

ત્યાં કોઈનાં પગલાં નજીક આવ્યાં.

'મોટાભાઈ, તમે અહીં છો ? ભાભી. ચિત્રા તો તૈયાર પણ થઈ ગઈ. મારે અત્યારે જ જવું પડશે. અમદાવાદથી એર બુકિંગ મળી જશે ખરું ? એક નવો પ્લાંટ તાત્કાલિક શરૂ કરવાનો છે. ચેટરજીનો મેસેજ આવ્યો છે. બસ આવી જા. તો હું નીકળું ? પપ્પાને સિચ્યુએશન કહેજો... નો...વે.' ચિરાગના ઉતાવળા અવાજોથી વાતાવરણ ખળભળી ઊઠ્યું. હજુ સવાર જ હતી. ઠંડક હતી પણ જયંતભાઈ અકળામણ અનુભવવા લાગ્યા. તેમને અનુભૂતિ થઈ કે સહુ પૂર્વવત્ થઈ ગયાં હતાં. એક તેમના સિવાય !' ❐

## ગ્રાહકોને

ઘણાખરા ગ્રાહકોનું લવાજમ હવે પૂરું થવામાં છે. લવાજમ પૂરું થયાની જાણ કરતા પત્રો કાર્યાલય તરફથી લખાય જ છે. પણ કોઈ સંજોગમાં આપને એ પત્ર ના મળે તો આ સૂચનાને તે પત્ર બરાબર ગણશો.

આ માસ કે આવતા માસ સાથે જો આપનું લવાજમ પૂરું થતું હોય તો આપનું લવાજમ રૂ. ૧૫૦ સત્વરે મોકલી આપશો જેથી આપને અંકો નિયમિત મળે અને આપની ફાઇલ અધૂરી ના રહે.

લઘુકથા

# ગંજીફો

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવા પાસે ત્રણ જુગારીઓ ધ્યાન શીખવા આવ્યા. એટલે ગુરુએ ત્રણેને પૂછ્યું : 'તમે લોકો કેટલાં વર્ષથી જુગાર રમો છો ?'

'લગભગ ત્રીસેક વર્ષથી.' બધા વતી એક જુગારીએ જવાબ આપ્યો.

'ત્રીસ વર્ષમાં તમે કેટલું જીત્યા અને કેટલું હાર્યા ?' પાછું ગુરુએ ત્રણેને પૂછ્યું.

'અમે ખાસ કાંઈ જીત્યા નથી. અને ખાસ કાંઈ હાર્યા પણ નથી.' ત્રણેએ સ્પષ્ટતા કરી.

'મને લાગે છે હજુ તમને જુગાર રમતા જ આવડતું નથી' મર્મમાં ગુરુ બોલ્યા.

જુગારીઓને આશ્ચર્ય થયું. એટલે ગુરુ પાયાની વાત કરતા બોલ્યા : 'જુગાર તો એ જ સાચી રીતે રમી જાણે જે બધું જ દાવ ઉપર લગાડી શકે. જ્યારે તમે તો...'

'બધું જ દાવ ઉપર લગાડી દઈએ ને હારી જઈએ તો...' જુગારીઓએ આશંકા વ્યક્ત કરી.

'જેને હારતાં નથી આવડતું એ જીતી પણ શું શકવાનો ? ને જે દાવ ઉપર રમી જાણે, તે ક્યારેય પણ પોતાની હાર-જીત વિશે વિચારી શકે ખરો ?' ગુરુએ બધાને પૂછ્યું.

'અમે આપની પાસે જુગારની હારજીત વિશે નહીં, પણ ધ્યાન વિશે જ જાણવા આવ્યા છીએ. અમારે તો આપની પાસેથી માત્ર ધ્યાન જ શીખવું છે.' જુગારીઓ બોલ્યા.

'મિત્રો, ધ્યાન પણ બધું જ દાવ ઉપર લગાડી દેવાનો એક પ્રકારનો જુગાર જ છે.' ગુરુ એ કહ્યું.

ને ગુરુની વાત સ્પર્શી જતા જુગારીઓએ ક્યારેય પણ જુગાર ન રમવાની પ્રતિજ્ઞા લઈ ગંજીફો ગુરુના ચરણોમાં મૂકી દીધો.

વળી ગુરુએ મર્મવાણી ઉચ્ચારી :

'ગંજીફો મારા ચરણોમાં નહીં પણ તમારે તમારા માથા ઉપર ચઢાવવાનો છે.'

'માથા ઉપર વળી શા માટે ?'

જુગારીઓએ પૂછ્યું :

'તમારે ધ્યાન શીખવું છે ને ?' પાછો ગુરુનો પ્રશ્ન.

'હા સ્તો... એટલે જ તો ગંજીફો આપના ચરણોમાં મૂકી દીધો છે. સાચું કહીએ તો આજથી અમે ગંજીફાનો ઘા જ કરી દીધો છે.' જુગારીઓએ ગંજીફા પ્રત્યેનો પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો.

ને ગુરુ બજુવા બોલ્યા :

'મિત્રો, હજુ તમને ગંજીફો જ પકડતાં આવડતું નથી, ત્યાં એનો ઘા કરવાની ક્ષમતા તમારામાં આવી શકે ખરી ?' ❐

# અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૨૪

પ્રા. પ્રવીણ ન. શેઠ

## સાંસ્કૃતિક ધરુઓનું ટ્રાન્સપ્લાન્ટેશન

અમેરિકામાં ભારતીય સંસ્કૃતિનો પ્રથમ ઉન્મેષ પ્રકટ થયા ૧૮૯૩માં. તે વર્ષે સ્વામી વિવેકાનંદે શિકાગોમાં મળેલી વર્લ્ડ કોન્ફરન્સ ઑવ્ રિલીજીઅન્સમાં પ્રાણવાન પ્રવચન કરીને તત્કાલીન ગોરા બૌદ્ધિકોમાં ભારતના ચિંતનવારસા પ્રતિ વ્યાપક રસ જન્માવ્યો. પણ તે પછી લગભગ છ દસકા સુધી ભારત અમેરિકનોની કલા અંગેની વિશ્વદૃષ્ટિમાં સ્થાન પામ્યું નથી.

૧૯૬૦ના દશકામાં પંડિત રવિશંકરે એમના સિતારથી અમેરિકનોની સંગીતરુચિને ભારતીય સંગીત પ્રતિ વાળી. ન્યૂ યૉર્કના પ્રતિષ્ઠિત મેતુસન સ્કવૅરના ભવ્ય સભાગૃહમાં હજારો અમેરિકનો અને થોડા ભારતીયો એમનું સિતારવાદન સાંભળીને એમનું અભૂતપૂર્વ અભિવાદન કરતા. તે પછી ઉસ્તાદ અલીઅકબરખાં અને અલ્લારખાએ અહીં સંગીતકેન્દ્રો ચલાવીને ભારતીય અમેરિકનો અને અમેરિકનોને ભારતીય સંગીતમાં તાલીમ આપી.' આ લેખકે ૧૯૬૦-૧૯૭૦ના દસકાસંધાનકાળે અહીં એ જોયું હતું કે ત્યારે ભારતીયોની જૂજ વસ્તી કે પોતાના અભ્યાસ કે કારકિર્દીના ઘડતરકાળ દરમિયાન રવિશંકર-અલીઅકબર-બિસ્મીલ્લાહખાનના અહીં યોજાયેલ કાર્યક્રમોની ઑડિઓ કસેટ ઘરમાં સાંભળતા ને તે રીતે એમના સામાજિક શૂન્યાવકાશને ભરી દેતા. પછી તો નવી પેઢી ઝાકિરહુસેન (તબલાં), અમજદઅલી (સરોદવાદન)થી માંડીને હબીબખાન (ક્લાસિકલ ગાયન) આજે ભારતની બીજી પેઢીના તરુણ-યુવાન પેઢીને તૈયાર કરી રહ્યા છે. અલીઅકબરખાં ઝાકિરહુસેન, હબીબખાને તો અહીં જ સંગીતનાં શિક્ષણકેન્દ્રો ઊભાં કર્યાં છે. તેવું જ ભારતીય ક્લાસિકલ નૃત્યની બાબતમાં ૧૯૬૦ના દસકાના ગાળામાં વૈજયન્તીમાલા જેવી ત્યારની યુવાન નૃત્યાંગનાના અમેરિકામાં યોજાતા કાર્યક્રમો જોવા ભારતીયો ઊલટભેર સભાગૃહને ઉભરાવી દેતાં. તે પછીના બે દશકાઓમાં ભારતથી આરંગેટ્રમ્ કે બીજી રીતે નૃત્યપારંગત યુવતીઓ પરણીને અહીં આવતી, ત્યારે નૃત્ય શીખવવા માટે કે કોઈને શીખવવા ભારતીય તરુણીઓ એમને મળતી નહિ. હવે તો, ન્યૂ યૉર્ક, ન્યૂ જર્સી, શિકાગો હાઉસ્ટનથી માંડીને અને લોસ ઍન્જેલસ જેવા મહાનગરથી જ્યોર્જિયાના નાના શહેર ઍથેન્સમાં પણ ભારતીય નૃત્ય શીખવવાના વર્ગો ભારતીય નૃત્યપારંગતો ચલાવે છે. બીજી પેઢીની તરુણીઓ સારા પ્રમાણમાં તેનો લાભ લે છે. ન્યૂ યૉર્ક અને લલિતકલાનાં આવાં માધ્યમોથી ભારતીય સંસ્કૃતિનું સાતત્ય જળવાઈ રહ્યું છે. બીજી પેઢી આમ કલાના માધ્યમ દ્વારા પોતાનાં મૂળ અને આત્મઓળખને એટલા પ્રમાણમાં સમજી રહી છે, અપનાવી રહી છે. મહાનગરોમાં અને સિલિકોન વેલી-વિસ્તારમાં તો સંગીત-નૃત્ય અને બીજા લલિતકળાના કાર્યક્રમો સતત યોજાતા રહે છે અને હજારો ભારતીયો ડૉલરો ખર્ચીને તે માણે છે. તે જ પ્રમાણે ભારતથી હિન્દી ફિલ્મોના લોકપ્રિય કલાકારોના કાર્યક્રમો યોજાય છે. છેલ્લા દસકાથી વધુ સમયથી પંજાબી, હિન્દી, ગુજરાતી, બંગાળી અને દક્ષિણ ભારતીય નાટકોના શો પણ સફળતાપૂર્વક અહીંનાં શહેરોમાં યોજાય છે. ત્રણ દસકા પહેલાં વૈજયન્તીમાલા જેવા કલાકારોનો એકાદ કાર્યક્રમ ફિલાડેલ્ફિયા જેવા મોટાં શહેરોમાં યોજાતો, તો રણમાં પાણી મેળવતાં હોય, તે રીતે ભારતીયો ભીના ભીના થઈ જતા ! આજે તો ભારતીય સંગીત-નૃત્યકલાની અમેરિકનો પણ જે તારીફ કરી રહ્યા છે, તે જોઈને, તેમજ પોતાના યુવાન સંતાનોને કલાભિમુખ બનાવવામાં સંતર્પક ભૂમિકા ભજવનાર પોતાની સંસ્કૃતિનું ભારતીયોને ગૌરવ થાય છે. સિલિકોન વેલીના ખૂબ વેચાતા માસિક 'ઇન્ડિયા કરન્ટ્સ'ના ઑગસ્ટ ૨૦૦૦ના અંકમાં આવેલી જાહેર ખબરો અને વૃત્તનું અહીં કરેલું વિશ્લેષણ રસપ્રદ બનશે. પહેલી ઑગસ્ટથી ૧૧ સપ્ટેમ્બર સુધીમાં સંગીત-નૃત્ય-નાટકના કાર્યક્રમોની સંખ્યા ૧૩ જેટલી છે. હળવા ગીતસંગીતના છ કાર્યક્રમો યોજાયા છે. કોઈ એક કલાનું શિક્ષણ આપતી ૨૭ જેટલી સંસ્થાએ જા x ખ આપી છે, તો એક કરતાં વધુ ભારતીય કલા શીખવતી ત્રણ સંસ્થાઓની જાહેરાતો છે.

ભારતીય અને પશ્ચિમના કલાક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સ્તરે પહોંચનાર કલાવિદોએ પૂર્વ અને પશ્ચિમનાં કલાતત્ત્વોનું સંયોજન કરીને નવતર સફળ પ્રયોગો પણ કર્યા છે. પંડિત રવિશંકર અને ગિટારવાદક યેહૂદી મેન્યુહીને વિખ્યાત સંગત કરી, તે પછી ઝાકિરહુસેન સહિત અને સંગીત-વાદ્યોના ખ્યાતનામ કલાકારોએ બીજા જ પ્રકારનાં વાદ્યો પર સ્વામીત્વ ધરાવતા પશ્ચિમના કલાકારો સાથે સંગીતગોષ્ઠિ કરી. પહેલી પેઢી ઉપરાંત બીજી પેઢીના ભારતીયોને આકર્ષવામાં આવા પ્રયોગો સફળ થયા.

બીજું, મૈથિલીકુમાર જેવી યુવાન ભારતીય નૃત્યવિશારદે સિલિકોન વેલીમાં 'ધ કર્સ ઑવ્ સેટર્ન' નામક નળ-દમયંતીકેન્દ્રી નૃત્યનાટિકામાં તખ્તા પર કલાકારો નૃત્યઅભિનય કરે તે રંગના ઓપવાળા પ્રકાશમાં દેખાય તે સાથે ગોરા ટેકનિશિયનોએ એ જ અકાદારોની પૂરેપૂરી છાયા-આકૃતિઓ પડદા પાછળ એવી પદગતિ અને અગભંગિથી અભિનય કરતાં દેખાય, તેવી રીતે પશ્ચિમની

ટેક્નોલૉજીને ભારતીય નૃત્યકલા સાથે પ્રયોજી બતાવી.

ભારતીય કલાલયનાં કુશળ દક્ષિણ ભારતીય નિયામક અનુરાધા સુરેશ સાત-આઠ વર્ષનાં બાળકોથી માંડીને યુવાન અને ૬૫ વર્ષના આધેડોને ઉચ્ચ ધોરણસર ગવાતાં સમૂહ ગીતમાં આયોજે છે. યુવાનથી માંડીને ૭૦ વર્ષના સંગીતજ્ઞો, ભારતીય બાળકો અને યુવાનોને ભારતીય ક્લાસિકલ ગાયકી અને વાદ્યવાદનમાં તૈયાર કરે છે.

૧૯૯૯ની પાનખરમાં ન્યૂ યૉર્કમાં એક ગુજરાતી દંપતીએ નવો ચીલો પાડવાનો પ્રયાસ કર્યો. અમેરિકામાં ઘણી પ્રવૃત્તિઓ સમયના દબાણ નીચે કરવી પડતી હોય છે. આને કારણે અંતરા, રાગ, તાલ વગેરેને ધીમે ધીમે બહેલાવીને ગાયકી કે વાદ્યસંગીત ગતિ પકડે છે અને ગાયન-સંગીતરચનાની પરા કોટિએ પહોંચે છે. વિલંબિત-દ્રુત ગતિ અને આરોહઅવરોહ બરાબર જામે તે માટે કલાકો જોઈએ. અહીંનાં શ્રોતાઓને લાંબી બેઠકો કે મધરાત સુધી બેસવાની ધીરજ, સમય કે અવકાશ હોતાં નથી. તેથી આવી ગાયકી-વાદ્યસંગીતના રજૂઆતો પ્રમાણમાં ટૂંકા સમયમાં પૂરી થાય અને બેઠકો બે-ત્રણ કલાકથી લાંબી ન ચાલે તેવી રીતે કાર્યક્રમો યોજાતા હોય છે. ન્યૂ યૉર્કમાં હવેલી નામના આલિશાન હાઉસ (બંગલા)ના (પરીખ) દંપતીએ અહીંના વગદાર ભારતીય સમાચાર સાપ્તાહિક 'ઇન્ડિયા અબ્રૉડ'ની સહાયથી ભારતમાં પ્રણાલીગત રીતે ક્લાસિકલ સંગીતની જે બેઠકો મળે છે તેવી લાંબી બેઠક યોજી. સાંજે છએક વાગ્યાથી શરૂ કરેલી આ બેઠક મધરાતના લગભગ ત્રણ વાગ્યા સુધી ચાલી. ઘરાના ગાયકીની રમઝટ શ્રોતાઓએ વચ્ચે હળવી ખાણીપીણી સાથે માણી. પહેલી પેઢીના વ્યવસાયમાં સિદ્ધિ મેળવનાર અને સંપત્તિસુખ પામનારા કેટલાક ભારતીયો એમણે ભારતમાં તરુણ વયમાં ભારતીય સંગીતને માણ્યું છે, તેને હવે તેઓ કાંઈક વાર જાણે ફરીથી અહીં પુનર્જીવિત કરવા માગે છે. અથવા તે અહીંની ભૌતિક તકોનો પૂરતો ઉપયોગ કરીને, અવકાશ મળતાં પોતાનાં સાંસ્કૃતિક મૂળને ફરીથી લીલાં (relive) કરવા તાકે છે.

ભારતીય મહિલા માતા તરીકે પોતાનાં બાળકો અમેરિકાના ક્લબ, માત્ર પશ્ચિમના રોક-પૉપ-બૉલ-બ્રેક પ્રકારનાં કે એમ ટીવી શૈલીનાં નાચગાનમાં કે ગોરા સમયવયસ્કો સાથે સમય વીતાવે નહિ, એટલે એમને સ્થાનિક સ્તરે ઇન્ડિયા નાઇટ, ઇન્ડિયા વીક ઉજવાય યા તો ભારતીય સંગીત-નૃત્યના વર્ગો સુલભ હોય કે સંસ્કૃતિની સમજ આપતી શિબિરો કે ગ્રીષ્મવર્ગો યોજાતાં હોય ત્યારે ત્યાં તેમને સામેલ કરે છે, જેથી માત્ર અમેરિકન મધ્યપ્રવાહની લાક્ષણિક તરુણ-યુવા પ્રવૃત્તિઓ દ્વારા તેઓ સંસ્કારાય નહિ. મારી સંગીત-નૃત્ય વિશેની પ્રશ્નોત્તરીમાં પણ એવા પ્રતિભાવો મળ્યા છે કે માત્ર ભારતીય ક્લાસિકલ સંગીત-નૃત્યના ઉત્તમ કલાવારસાને પામવા માટે નહિ, પણ બીજી ઓછી ઇચ્છવાજોગ કે 'અનિષ્ટ' ગણાતી સાંસ્કૃતિક-સામાજિક પ્રવૃત્તિઓથી બચાવવા માટે ભારતીય માતપિતાઓ પોતાનાં બાળકોને આવા વર્ગોશિબિરોમાં લઈ જવા સમય અને નાણાં ફાજલ પાડવામાં શાણપણ છે, એમ માને છે. તો બીજા કેટલાક પોતે પોતાનાં બાળકો ભારતનાટ્યમ્ શીખે છે, ઝાકિરહુસેન (બર્કલે) કે હબીબખાન (ફ્રીમૉન્ટ)ના વર્ગમાં શીખે છે તેવું કહેવામાં 'સ્ટેટસ સિમ્બલ' જુએ છે, આવા જ કારણસર ઘણાં ભારતીયો ક્લાસિકલ લલિતકળાના ખ્યાતનામ કલાકારોના શો જોવા જતાં હોય છે ! એટલે કે આવી સંગીત-નૃત્ય પ્રવૃત્તિ પ્રતિનું એમનું વલણ ક્લાસિકલ હોવા કરતાં વ્યવહારુ કાર્યસાધક (ફંક્શનલ) હોય છે.

ગમે તેમ, પણ અહીંના ભારતીય સંસ્કૃતિના, કે ભારતીય જીવનને લગતા વિષયવસ્તુના કાર્યક્રમો માણવા જેવા હોય છે. જે યુવાનોએ ત્યાં કૉલેજ સુધી નાટક કે સમૂહનૃત્યમાં નાનકડો ભાગ નહિ લીધો હોય, તેવા યુવકયુવતીઓ અહીં યુનિવર્સિટીમાં ભણવા આવે ત્યારે ઇન્ડિયા નાઇટ કે ફેસ્ટિવલની કોઈ સ્કીટ, નાટક કે સમૂહસંગીત અને કમેસેકમ ભાંગડા અને ગરબારાસના કાર્યક્રમમાં ભાગ લેવા સ્ટેજ પર આવતાં થઈ જાય છે. અને તે રીતે ભારતીય જીવનનો જે સૂક્ષ્મ અભાવો વર્તાય છે, તેને થોડો સમય પૂરવાનો તોષ માણી લે છે. આવા કાર્યક્રમો નાનાં શહેરોમાં યોજાતા હોય ત્યારે તો ભારતીયો તેમજ બિનભારતીયો તેમને હૉલમાં વધાવી દેતાં જોયાં છે. પરોક્ષ રીતે આ બધું ભારતની સમૂહ કલાપ્રણાલી અને સાંસ્કૃતિક વિવિધતા વિશે ભારતીય બીજી પેઢીની સમજ અને રુચિ કેળવે છે. સાથોસાથ ગોરા અને બીજાં પ્રેક્ષકોમાં ભારતની સંસ્કૃતિ વિશે કદરભાવ પણ કેળવે છે. છેક થોડાં વર્ષો પહેલાં ચીની; યહૂદી, જાપાની અને એવા સંસ્કૃતિલક્ષી કાર્યક્રમો વધુ યોજાતા; હવે ભારતની સાંસ્કૃતિક હસ્તી વ્યાપક રીતે વર્તાવા માંડી છે. બિન્દી (ચાંલ્લો) અને મહેંદી લગાવીને વર્ગમાં કે સ્કૂલના કાર્યક્રમોમાં જતાં હવે ભારતીય બાળકો શરમાતાં નથી. ઊલટાનું ગોરા, કાળા, હિસ્પેનિક (સ્પેનિશભાષી) બાળકો અને તરુણો એમાં દિલચસ્પી બતાવે છે. ઘણાં ગોરાં બાળકોસહિત બાળકીઓ ભારતીય મહિલાઓ પાસે ઊલટભેર મહેંદી પણ મુકાવે છે.

# સંગીતશાસ્ત્ર - ૪૩

ડૉ. હસુ યાજ્ઞિક

## અન્ય ઘરાના તથા વર્તમાન અને ભવિષ્ય

લખનઊની ઠુમરીની પરંપરા આધુનિક કાળે અલ્પ બની ગઈ છે. આગરાની જોહરાબાઈ ગઝલક્ષેત્રે ઝળક્યાં. મલકા પુખરાજ અને મુશ્તરી ફતેહાબાદીએ પણ ગઝલને લોકપ્રિય બનાવી. ગિરિજાદેવીએ બનારસીઅંગને સારી રીતે પ્રખ્યાત કર્યું. લખનઊની ઠુમરીના છેલ્લા ગાયક દિલ્હી ઘરાનાના બાબા નસીરખાંના શિષ્ય શંભુ મહારાજે એ પરંપરા જીવતી રાખી. અચ્છનબાઈ, જલી ખુરશીદ, શમીમબાઈ વગેરેએ ઠુમરીને અપનાવી અને લોકપ્રિય બનાવી.

લખનઊ, બનારસ પછીનું ત્રીજું મહત્ત્વનું ઠુમરી કેન્દ્ર કે અંગ પંજાબનું ગણાય છે. બડે ગુલામઅલીખાં આ અગંના જ ટોચના કલાકાર. આ ત્રીજા પ્રવાહને પણ પોતાનું સશક્ત આગવું વ્યક્તિત્વ છે. બનારસ જેમ અહીં પણ પહાડી અને માહિયા લોકગીતોનું માધુર્ય ઠુમરીમાં ભળે છે. બડે ગુલામઅલીખાંના ભાઈ બરકતઅલીખાં પંજાબી લોકગીતના ઉત્તમ ગાયક હતા. બડે ગુલામઅલીખાંએ ઠુમરીનું શિક્ષણ એમના પિતા અલીબક્ષ પાસેથી લીધું હતું. એમણે પૂરબ અંગની ઠુમારીનો આધાર લઈને પંજાબી રૂપ આપ્યું. બડે ગુલામઅલીખાંનું 'આયે ન બાલમ, કા કરું સજની' સીમાચિહ્ન જેવું છે. પંજાબના ગાયક દિલીપચંદ્ર વેદીએ પણ આ ઠુમરીઅંગને અપનાવ્યું ને લોકપ્રિય બનાવ્યું.

અન્ય ઘરાનાઓમાં ખુર્જાઘરાના, સરસવાનઘરાના, મથુરાઘરાના, સિકંદરાબાદના રંગીલા ઘરાના વગેરેનો સમાવેશ થાય છે. દિલ્હી, બનારસ, ગ્વાલિયર જેવાં મુખ્ય કેન્દ્રો ઉપરાંત જયપુર, આગરા, મથુરા વગેરેમાં સંગીતનો વિકાસ થયો અને તેમ અનેક નાની રિયાસતોના રાજદરબારોમાં પણ સંગીતકારોને રાજ્યાશ્રય મળ્યો અને ઉત્તમ કલાગુરુઓની શિષ્યપરંપરા ચાલી, જેમાંથી વિવિધ ઘરાનાઓનો જન્મ થયો. ઉત્તર પ્રદેશના ઇટાવામાં સિતારવાદકોના મશહુર ઘરાનામાં ઇમદાદખાં અને ઇનાયતખાં જેવા કલાકારો થયા. શાહજહાંપુરમાં સરોદનો વિકાસ થયો. સહસવાન ઘરાનામાં ખયાલગાયકોનો વિકાસ થયો. અને ઇનાયતહુસેનખાં, ઇમદાદખાં, મુસ્તાકહુસેનખાં જેવા ખયાલગાયકો પ્રખ્યાત થયા. સરસવાનના તથા બદાઊના ફિદાહુસેનખાં અને નિસારહુસેનખાં ઉત્તમ ખયાલગાયકો માનવામાં આવે છે. મેરઠ અને મુરાદાબાદમાંથી ઉત્તમ તબલાવાદકો મળ્યા.

ખુર્જામાં ૧૮મી સદીમાં નત્થેખાં થયા અને એમના પુત્ર જોધેખાં બન્ને ખ્યાલ ગાયકો હતા. એમનાથી ખુર્જાના ઘરાનાનો આરંભ થયો. જોધેખાંના પુત્ર ઇમામખાં અને પૌત્ર ગુલામહુસેનખાં તથા પછીની પેઢીના જહૂરખાં વગેરેએ આ કુળની પરંપરા આગળ વધારી. જહૂરખાં પોતે હિંદી, સંસ્કૃત, ઉર્દુ અને ફારસી ભાષાના જાણકાર હતા અને હિંદીમાં 'રામદાસ' અને ઉર્દૂમાં 'મુમકિન' નામે લખતા હતા. એમની કાફી પ્રખ્યાત થઈ. તેઓ ધ્રુપદ-ધમાર અને ખયાલ એ ત્રણે શૈલીના ગાયક હતા અને સંગીતશાસ્ત્રી હતા, સંશોધક હતા. ગાયક અને નાયક તરીકે તે પ્રસિદ્ધ થયા. પોતે વાગ્ગેયકાર પણ હતા અને સરગમ, ચતરંગ, ત્રિવટ, તથા બડા અને છોટા ખયાલોની ચીજની રચના કરી અને નવી બંદિશ આપી. એ ખુદ ઉત્તમ વિદ્યાગુરુ પણ હતા.

જહુરખાંના ભાઈ મુન્શી ગફુર સિતારવાદક અને 'કમિલ' ઉપનામે લખતા શાયર હતા. નાનાભાઈ ગુલામહૈદરખાં ૨૦ વર્ષ સુધી નેપાળના રાજગાયક તરીકે રહ્યા અને ઈ. ૧૯૨૦માં એમનું અવસાન થયું. જહૂરખાંના પુત્ર અલ્તાફહુસેને પરંપરા આગળ વધારી. ઈ. ૧૮૭૩માં જન્મેલા અલ્તાફે ૧૧ વર્ષની વયે જાહેરમાં સંગીત પીરસ્યું અને નામના મેળવી. તેમણે ધ્રુપદ, ધમાર, ખયાલ, તરાના, ચતરંગ, ત્રિવટ, સરગમ એ બધી શૈલી પર પ્રભુત્વ મેળવ્યું અને સંગીતપ્રીતિથી નિરપેક્ષભાવે અનેક કાર્યક્રમો આપ્યા, અનેક રાજ્યોનો આદર પામ્યા. એમના પછી પુત્ર મુહમ્મદવાહિદખાં અને ભાણેજ અજનતહુસેનખાંએ ઘરાનાને જીવતું રાખ્યું.

સહસવાન ઘરાનાના જન્મદાતા ઇનાયતહુસેનખાં છે. તે હદ્દૂખાંના, આગળ જોયું તેમ જમાઈ હતા. મથુરા ઘરાનાનું મૂળ વૃંદાવનના સ્વામી હરિદાસની પરંપરામાં છે. ધ્રુપદશૈલીનું એ આદિસ્રોત છે. વ્રજ ભાષા સાથે શાસ્ત્રીય સંગીતને આથી જ નિકટનો સંબંધ રહ્યો છે. ૧૮મી સદીમાં મથુરામાં કાંડીરંગ અને પેંસારંગ નામના બે ગાયકો ધ્રુપદગાયક તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. આ પછીના ગાળામાં પાનાખાં નામે દરબારી ગાયક થયા. તેઓ ધ્રુપદ-ધમાલ ઉપરાંત ખયાલ પણ ગાતા. એમના પુત્ર બુલાકીખાં સંગીતશાસ્ત્રી હતા. આ પછી મહેતાબખાંના પુત્ર મીરબક્ષ ગાયક હતા તેમ સિતારવાદક પણ હતા. એમના પછી પુત્ર અમદખાંએ સિતારમાં નામના મેળવી. એ પણ સૂરીલા ગાયક હતા. એ ગુજરાતના લૂણાવાડા રાજ્યના ગાયક બન્યા. મહારાજા એટલા સંગીતપ્રેમી કે ડોલી ઊઠે અને કહે, 'વાહ, શું નિષાદ લગાવ્યો ઉસ્તાદ ?' અને ખજાનચીને કહે : 'એનું ઈનામ આપો !' ક્યારેક કહે, 'શું ગાંધાર લગાવ્યો છે ! એનું ઇનામ આપો !' મહેતાજી ઉસ્તાદને પૂછે : 'હજુ આવા કેટલા સ્વર બાકી રહ્યા ?' ઉસ્તાદ સહાસ્ય કહે, 'સ્વર તો સાત છે પણ એના લગાવ તો સમુદ્ર જેટલા

વિશાળ છે !'

ગુલદીનખાંના બીજા ભાઈ નઝીરખાં 'સંગીતચાર્ય' તરીકે પ્રખ્યાત થયા. એમણે જયપુરમાં અમીરબક્ષખાં ગોંદપુરી પાસે સિતારવાદનની તાલીમ લીધી અને સિતારવાદક તરીકે પ્રખ્યાત થયા. એમના ઈ. ૧૮૯૦માં જન્મેલા પુત્ર કાલેખાંએ 'સરસપિયા' નામે બંદિશોની રચના કરી. અતરૌલીના મહબૂબખાં 'દરસ' અને મથુરાના કાલેખાં 'સરસ'ની રચનાઓ ભારતભરમાં પ્રખ્યાત થઈ. સરસપિયાની રાગ પરજની રચના 'મનમોહન વ્રજ કો રસિયા' ઉ. ફૈયાઝખાને ગ્રામોફોન રેકૉર્ડમાં અમર બનાવી. ઈ. ૧૯૨૯માં ભરતપુર રિયાસતમાં તે અચાનક ગૂમ થયા પછી ન દેખાયાં. એમના પુત્ર માસ્ટર ગુલામરસૂલખાં બરોડા યુનિવર્સિટીમાં સંગીતના અધ્યાપક બન્યા. તેઓ અંગ્રેજી જાણતા હતા અને હારમોનિયમ પર પ્રશસ્ય કાબૂ ધરાવતા હતા. એમના પુત્ર શમીમ એહમદ સિતારવાદક તરીકે પ્રખ્યાત થયા.

મથુરાના અન્ય ગાયકોમાં ગુલામહસનના પુત્ર ફૈયાઝખાં સિતારવાદક હતા અને અલીપુરમાં રહ્યા. બીજા મુન્નનખાંએ રજબઅલીખાં પાસે સિતારની તાલીમ લીધી અને બંગાળમાં રહ્યા પછી મુર્શિદાબાદના દરબારી સિતારવાદક બન્યા. તે બીનકાર પણ હતા. ૧૮મી સદીના જહૂરખાં ખયાલગાયક હતા અને દુજાના તથા જોધપુરમાં રાજગાયક તરીકે સમ્મન મળ્યું. ઈ. ૧૮૨૪-૨૫માં લખનઊમાં પં. ભાતખંડે અને નવાબ અલીખાને સંગીતનું મહાસંમેલન ભર્યું ત્યારે તેમાં વડોદરાના ઉ. ફૈયાઝખાં, લખનઊના તબલાવાદક આબિદહુસેન, બનારસના તબલાવાદક વીરુ મિશ્ર, મૈસૂરના ઉત્તમ સંત સંગીતકાર પં. રવિશંકર, પુત્ર અલીઅકબરખાં અને પુત્રી અન્નપૂર્ણાના સંગીતગુરુ અને મેરઠબેન્ડના સ્થાપક અલાઉદીનખાં જેવાં ધુરંધરો વચ્ચે મથુરાના નવયુવાન ગાયક ચંદન ચાંબેએ ભાગ લીધો અને સહુનાં મન હરી લીધાં હતાં. મથુરાના ચુખ્ખા અને ગણેશજી નામના ભાઈઓ ગાયક અને સંગીતશાસ્ત્રી હતા. નેપાળનરેશે એમને લાખ રૂપિયાનું પારિતોષિક આપ્યું હતું.

આમ, ભારતીય શાસ્ત્રીય સંગીતના ઘરાનાનો ઇતિહાસ એટલે બહુરત્ના વસુંધરાનો જ સાક્ષાત્કાર. ગાયન અને વાદનક્ષેત્રે આવા અનેક ઘરાનાઓ છે અને છેલ્લી બે સદીનો તાજો ઇતિહાસ છે. સંગીત ગુરુમુખી અને કષ્ટસાધ્ય એવી કલા છે. એવી વિદ્યા ગ્રહણ કરનાર માટે કુદરતી કે અંતરની કે સાહજિક એવી શક્તિ કે લગની પણ જોઈએ, ઇચ્છે ને સાધના કરે, તે બધા સફળ ન થાય અને આજીવિકા અને કારકિર્દીની રીતે તો આ કલા 'ભરેલું નારિયેળ' જ છે. આથી ભારતમાં આ વિદ્યા ગુરુશિષ્ય પરંપરાએ સગાંસંબંધીઓની કુલપરંપરાએ ઊતરી આવી. સર્વસાધારણ એવી વિદ્યા માટે પહેલા ગુરુકુળો હતાં, આશ્રમો હતાં ને પછીના તબક્કે રાજ્યાશ્રિત વિદ્યાલયો થયાં ત્યારે પણ આ કલા તો એક કુળમાં જ પાંગરતી રહી. આથી પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર અને પં. વિષ્ણુ નારાયણ ભાતખંડે જેવા વિદ્વાનોએ જ્યારે આ કલાની લિપિ શોધી અને ઘરાનાની કંઠસ્થ રચનાઓ ગ્રન્થસ્થ કરી તથા સંગીતનો વ્યવસ્થિત અભ્યાસ કરાવતી શાળાઓ, મહાશાળાઓનો આરંભ કર્યો ત્યારે તે કાળના કેટલાય ઉસ્તાદો એના પરિણામ વિશે સાશંક હતા. આ રીતે કોઈ એક જ ઘરાનાનું ન હોય એવું સર્વસામાન્ય સંગીત કોઈ શીખે તો પરિણામે ભેળસેળિયું ગાનાર-વગાડનાર બહાર પડે, એમાં કોઈ કલાકાર ન નીપજે, એવો સામાન્ય અભિપ્રાય હતો. પરંતુ આવી શાળાઓ અને મહાશાળાઓએ જ, વિદ્યાલયોએ પણ, પં. ઓંકારનાથ જેવા અનેક કલાકારો અને પંડિતો આપ્યા તેથી એ ભય ખોટો પડ્યો.

પરંતુ હજુ પણ પ્રશ્ન તો રહે જ છે કે કોઈ પણ ગાયક કે વાદક, આમ સર્વ ઘરાનાઓનું સર્વસાધારણ અને સારરૂપ પરંતુ કોઈ એક નિશ્ચિત ઘરાનાનું ન હોય એવું સંગીત શીખે તો તેને શું એક વિશિષ્ટ એવું લક્ષણ મળી શકે ખરું ? એવું મિશ્રરૂપ શું માત્ર ભેળસેળિયું ન લાગે ? એમાં ઉપજ શું રહે ? આજે જે કોઈ ઉચ્ચ ગાયકો-વાદકો છે, તેમાંથી કેટલાકે તો પોતાના કોઈ એક જ ગુરુ પાસેથી સંબંધિત ઘરાના પ્રમાણે તાલીમ લીધી છે. અને જેઓ પોતે વિકાસ માટે વિવિધ ગુરુઓ પાસેથી તાલીમ લઈ ચૂક્યા છે તેમણે પણ એ બધું જ આત્મસાત કરતાં પોતાનું જે આગવું ઘરાણાનું લક્ષણ છે, વ્યક્તિત્વ છે, તે જાળવી રાખ્યું છે. અને જે ગુરુ પાસેથી જે ઘરાનાની તાલીમ લીધી, તેનું સ્વરૂપ સ્વીકાર્યું, જાળવ્યું અને તેની મર્યાદામાં રહીને જ પોતાની વિશિષ્ટતાનો વિકાસ કર્યો, નિખાર કર્યો છે. આ ક્રમ જો ન જળવાય તો શું થાય ?

આજે પણ જે નવોદિત કલાકારો છે, તેમાં સિદ્ધ થયેલા કલાકારો છે એમની સાધનાને જઈશું તો પણ એ સ્પષ્ટ થશે કે કેટલીક પ્રારંભિક તાલીમ ભલે એમણે સર્વસામાન્ય એવા સંગીતની લીધી હોય, વિદ્યાલયમાં લીધી હોય, પરંતુ એ પછી તો કોઈ એક વ્યક્તિની પાસે જ વિકાસ માટેની આગળની તાલીમ લે છે અને આમ કરે છે ત્યારે આપોઆપ તેના ગુરુના મૂળ ઘરાનાનું તેઓ અનુસરણ કરે છે. પરંતુ અહીં પણ પ્રશ્ન એ છે કે શું એવા મૂળ ગુરુની પાસે પણ જે છે તે તેમના મૂળ ઘરાનાનું છે કે પછી તેમણે પણ કેટલુંક નવું, જુદા ઘરાનાનું પોતાની કલામાં સ્વીકાર્યું છે ? હકીકતે તો આરંભમાં જોયું તેમ ગ્રામોફોન, રેડિયો, વગેરે માધ્યમો પછી પારસ્પરિક આદાનપ્રદાન અને સ્વીકાર-સુધારની પ્રક્રિયા ઝડપી બની છે અને આજના જે ઉત્તમ કલાકારો છે, તેમણે પણ પોતાની આગવી એવી પદ્ધતિ અને ગાયનવાદનની શૈલી અપનાવી છે. એના પાયામાં ગુરુ અને ઘરાનાની શૈલી છે, પરંતુ તે પછી આવા આધુનિક કલાકારોએ પોતે જ નવું કેટલુંક અપનાવ્યું, સિદ્ધ કર્યું ને એમાંથી આગવું રૂપ પ્રગટ્યું, શૈલી નિપજી. આજના ગાયક-વાદકોમાં એ જોઈ શકાશે. બાંસુરીવાદક હરિપ્રસાદ ચૌરસિયા, સિતારવાદક પં. રવિશંકર, વાયોલિનવાદક પં. વી.જી. જોગ અને ડૉ એન.રાજમ એ બધામાં એમની વિશિષ્ટ વિકસિત અને સંમાર્જિત એવી પદ્ધતિ

(અનુસંધાન પૃ. ૭૨૨)

ભારતનાં રાજ્યો - ૯




# તમિળનાડુ

ડૉ. જયકુમાર ર. શુક્લ

તમિળનાડુ ભારતના દક્ષિણ કિનારે આવેલું ભારતીય સંઘનું રાજ્ય છે. તેની પૂર્વમાં બંગાળનો ઉપસાગર, દક્ષિણે હિંદી મહાસાગર, ઉત્તરે કર્ણાટક અને આંધ્રપ્રદેશ તથા પશ્ચિમે કેરલ રાજ્ય આવેલાં છે. રાજ્યનો વિસ્તાર ૧,૩૦,૦૫૮ ચોરસ કિમી. તથા ૧૯૯૧ની ગણતરી મુજબ વસતી ૫,૫૬,૩૮,૩૧૮ છે. રાજ્યની ભાષા તમિળ છે અને લગભગ ૮૫% લોકો તમિળ ભાષા બોલે છે. આ રાજ્યમાં ૮૮ ટકા લોકો હિંદુ, ૫.૫ ટકા મુસલમાન તથા ૫.૭ ટકા ખ્રિસ્તી છે. બાકીનાં લોકોમાં શીખ, જૈન, પારસી વગેરેનો સમાવેશ થાય છે. તમિળનાડુ વસતીની દૃષ્ટિએ ભારતમાં સાતમું તથા વિસ્તારની દૃષ્ટિએ દેશમાં અગિયારમું સ્થાન ધરાવે છે.

આ રાજ્યના ભૂપૃષ્ઠના આધારે (૧) પૂર્વનો મેદાની વિસ્તાર અને (૨) પશ્ચિમનો પર્વતીય તથા ઉચ્ચ સમવિસ્તાર એમ બે પ્રાકૃતિક વિભાગો પાડવામાં આવ્યા છે. પૂર્વનો મેદાની વિસ્તાર કોરોમાંડલ કિનારાની સમાંતર આવેલો છે. તેમાં કાવેરી, પોન્નેયાર કોટેલિયર કોલ્લરુન, પલાર, વૈગાઈ વગેરે નદીઓ કાંપ ઘસડી લાવીને મેદાની પ્રદેશની વિશાળ ભૂમિને ફળદ્રુપ બનાવે છે. આ મેદાની પ્રદેશ ઉત્તરમાં પુલિકટ સરોવરથી દક્ષિણે કન્યાકુમારીની ભૂશિર સુધી ફેલાયેલ છે. પશ્ચિમનો પર્વતાળ પ્રદેશ અગ્નિકૃત ખડકોનો બનેલો છે. આ વિસ્તારમાં નીલગીરી, અન્નામલાઈ પલાની તથા કોર્ડમમની ટેકરીઓ આવેલી છે. આ પર્વતમાળા પૂર્વઘાટની ગિરિમાળા તરીકે જાણીતી છે. અહીં દક્ષિણ ભારતની ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે. અહીં નીલગીરી પર્વતનું દોદાબેટ્ટા શિખર ૨૬૨૭ મીટરની ઊંચાઈ ધરાવે છે.

આ રાજ્યની આબોહવા એકંદરે ગરમ, ભેજવાળી અને સમધાત હોય છે. અરબી સમુદ્ર પરથી વાતા નૈઋત્યના પવનોના માર્ગમાં પર્વતો આવેલા હોવાથી પશ્ચિમ ભાગમાં વધારે તથા પૂર્વ ભાગમાં ઓછો વરસાદ પડે છે. ચોમાસા દરમિયાન ૨૦૦ સે.મી.થી વધુ વરસાદ પડે છે. શિયાળામાં બંગાળના ઉપસાગર પરથી આવતા ઈશાનના મોસમી પવનો પણ વરસાદ લાવે છે. તેથી અહીં ચોમાસું અને શિયાળો એમ બંને ઋતુમાં વરસાદ પડે છે.

**ઈતિહાસ :** સિંધુ ખીણની સંસ્કૃતિ સમયનાં દ્રવિડ લોકો આર્યોના હુમલા થયા બાદ સ્થળાંતર કરીને તમિળનાડુમાં વસ્યાં. તે લોકોનો આશરે ૬૦૦૦ વર્ષનો ઇતિહાસ છે. પ્રાચીન સમયમાં પલ્લવ, પાંડ્ય, ચોલ અને ચેર વંશનાં રાજ્યો અહીં આવેલાં હતાં. પલ્લવોએ વિશાળ શિલાઓ કોતરીને દ્રવિડ શૈલીનાં મંદિરો બનાવ્યાં. પલ્લવો તથા બીજા રાજાઓને હરાવીને ૧૧મી સદીમાં ચોલ વંશની સત્તા સ્થપાઈ. પલ્લવો તથા ચોલ (ઈ.સ. ૮૫૦-૧૨૫૦) વંશના રાજાઓએ કાંચીપુરમમાં વિશાળ અને ભવ્ય મંદિરો બંધાવ્યાં હતાં. ચોલ પછી પાંડ્ય વંશના શાસકોએ ઈ.સ. ૧૧૫૦-૧૩૫૦ દરમિયાન રાજ્ય કર્યું. ૧૪મી સદીમાં વિજયનગર સામ્રાજ્યનો ઉદય થયો. તેમાં કૃષ્ણદેવરાય સૌથી વધુ શક્તિશાળી અને નામાંકિત શાસક હતો. મુસલમાનો, પોર્ટુગીઝો અને છેલ્લે અંગ્રેજોએ આ રાજ્યમાં પોતાની સત્તા સ્થાપી હતી. યુરોપીય પ્રજાઓ વચ્ચે અહીં લડાઈઓ થઈ હતી. અંગ્રેજોએ ૧૬૧૧માં નિઝામાપટણમમાં પ્રથમ વેપારી મથક સ્થાપ્યું. ૧૯મા સૈકાના આરંભનાં વરસોમાં, ફ્રેન્ચ તથા ડચ વસાહતો સિવાય, સમગ્ર રાજ્ય અંગ્રેજોના કબજામાં આવી ગયું. ૧૯૫૬માં તમિળ ભાષા બોલનાર લોકોના અલગ રાજ્યની રચના કરવામાં આવી. અગાઉ મદ્રાસ રાજ્ય કહેવાતું હતું તે ૧૯૬૯થી તમિળનાડુ કહેવાય છે.

રાજ્યનું પાટનગર ચેન્નાઈ, અગાઉ મદ્રાસ નામથી ઓળખાતું હતું. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૬૫૩માં મદ્રાસપટ્ટમમાં વસવાટનો પરવાનો મેળવી, ફોર્ટ સેન્ટ જ્યોર્જ નામનો કિલ્લો બાંધી, તેની આસપાસ મદ્રાસ શહેર વસાવ્યું. તેનો ઔદ્યોગિક અને વાણિજ્ય ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો. તે દક્ષિણ ભારતનું પ્રવેશ-દ્વાર છે. ચેન્નાઈ ભારતના પૂર્વ કિનારાનું મહત્ત્વનું બંદર તથા દેશનું ચોથા નંબરનું શહેર છે અને સાંસ્કૃતિક કેન્દ્ર છે. આ ઉપરાંત કાંચીપુરમ્, મહાબલિપુરમ્, તાંજોર, મદુરાઈ, રામેશ્વર સહિત અનેક જોવાલાયક સ્થળો આવેલાં છે. રાજ્યમાં ચેન્નાઈ, કોઇમ્બતુર, મદુરાઈ, તુતીકોરિન, તિરુચિરાપલ્લી અને સાલેમ હવાઈ મથકો છે. રાજ્યમાં કુલ ૨૧ જિલ્લા છે.

તમિળનાડુમાં અગાઉ દ્વિગૃહી ધારાસભા હતી. ૧૯૮૬માં ઉપલું ગૃહ નાબૂદ કરવામાં આવ્યું ત્યારથી ત્યાં એકગૃહી ધારાસભા છે. ત્યાંની વિધાન સભાની સભ્ય સંખ્યા ૨૩૫ છે. આ રાજ્યના ૩૯ સભ્યો લોક સભામાં તથા ૧૮ સભ્યો રાજ્યસભામાં બેસે છે.

**નૃત્ય-સંગીત :** અહીં દેવોની આરાધના માટે મંદિરોમાં ધાર્મિક ઉત્સવોની ઉજવણી દરમ્યાન 'ભારત નાટ્યમ્' નૃત્યનો વિકાસ થયો.

શાસ્ત્રીય નૃત્યનો આ પ્રકાર સમગ્ર ભારતમાં પ્રચાર પામ્યો છે. આ નૃત્યનાં બે મહત્ત્વનાં તત્ત્વો શૃંગાર અને ભક્તિ છે. ભારતનાટ્યમનાં પ્રસિદ્ધ નર્તિકા રૂકમણિદેવી અરૂન્ડેલે કલાક્ષેત્રની સ્થાપના કરીને સેંકડો વિદ્યાર્થીઓને નૃત્ય તથા સંગીતનો અભ્યાસ કરાવ્યો. તેમણે ભારતનાટ્યમ્‌ના શ્રેષ્ઠ નૃત્યકારોની દેશને ભેટ આપીને છે. અહીં ઉત્સવ પ્રસંગે મહિલાઓ વિવિધ પ્રકારનાં પ્રશિષ્ટ નૃત્યો કરે છે. ધાર્મિક વિધિનાં નૃત્યોમાં કવડીનો પ્રકાર વધુ પ્રચલિત છે. અહીં કર્ણાટક સંગીતનો પ્રચાર વધ્યો છે. તેમાં ઘણા નામાંક્તિ કલાકારો થઈ ગયા.

**ઉત્સવો :** તમિળનાડુમાં મકરસંક્રાતિનો ચાર દિવસનો પોંગલનો ઉત્સવ દર વર્ષે જાન્યુઆરીમાં ઉજવાય છે. તે સમયે ચોખાનો નવો પાક દૂધમાં ઉકાળીને લોકો પીએ છે. ચોમાસામાં નદીઓમાં આવતાં તાજાં પાણીને આવકારવા માટે નદીઓના કિનારે આદિપેરુક્કુનો ઉત્સવ લોકો ઊજવે છે. અહીં ગણેશચતુર્થીનો તહેવાર પણ, મહારાષ્ટ્રનાં લોકોની જેમ ઉત્સાહ અને ઉમંગ સહિત ઉજવાય છે. સરસ્વતી પૂજાના તહેવારમાં કલા તથા વિદ્યાની દેવીની ઘેરઘેર પૂજા કરવામાં આવે છે. કેટલાંક મંદિરોમાં વિશિષ્ટ ઉત્સવો ઉજવાય છે. ઉ.ત. કાંચીપુરમ્‌માં દેવોની રથયાત્રા કાઢવામાં આવે છે. થિરુવરિયારમાં ત્યાગરાજ ઉત્સવ પ્રતિવર્ષ જાન્યુઆરીમાં ધામધૂમથી ઉજવાય છે.

પૂર્વના મેદાની વિસ્તારની જમીન ફળદ્રુપ હોવાથી ત્યાં ડાંગર, શેરડી, કપાસ, તમાકુ, ઘઉં, મગફળી, નાળિયેર, કેળાં, ફળ-ફળાદિનો મોટા પ્રમાણમાં પાક થાય છે. આ પ્રદેશમાં ચા, કૉફી, સુખડ પણ થાય છે. આ રાજ્યમાં લિગ્નાઇટ, બૉક્સાઇટ, જિપ્સમ, અબરખ, તાંબું, ચૂનો, લોખંડ વગેરે ખનિજોનું ઉત્પાદન થાય છે. એ રીતે ખનિજ સંપત્તિની દૃષ્ટિએ તમિળનાડુ સમૃદ્ધ રાજ્ય છે.

આ રાજ્યના લોકજીવનમાં દ્રવિડ સંસ્કૃતિ ઓતપ્રોત થઈ ગઈ છે. રાજ્યમાં ગીચ વસ્તી છે. વર્ષ દરમિયાન ગરમીનું પ્રમાણ વિશેષ રહે છે. તેથી લોકો ઘણુંખરું સફેદ કપડાં પહેરે છે. કલા ઉપરાંત સાહિત્ય અને ધર્મમાં પણ અહીં લોકોનું નોંધપાત્ર પ્રદાન છે. તમિળ ભાષાનું પ્રાચીન વ્યાકરણ 'તોલકાપ્પિયમ્' ···મે પ્રસિદ્ધ છે. તેના લેખક અગસ્ત્ય ઋષિના શિષ્ય તોલકાપ્પિયર હતા. દ્રવિડ ભાષામાં લખાયેલ અહીંનું પ્રાચીન સંગમ સાહિત્ય સમગ્ર ભારતમાં જાણીતું છે. તે સાહિત્યનો ભવ્ય વારસો ગણાય છે. ઇતિહાસકાર નીલકંઠ શાસ્ત્રીના મતાનુસાર તેની રચનાનો સમય ઈ.સ. ૧૦૦થી ૨૫૦ સુધીનો છે. સંગમ સાહિત્યમાં કાવ્યો, નાટકો, કથાઓ, નિબંધો વગેરેનો સમાવેશ થાય છે. 'શીલપ્પદિકારમ્' તથા 'મણિમેખલાઈ' નામનાં બે મહાકાવ્યો ઉત્કૃષ્ટ કાવ્યકૃતિઓ છે.

**ઉદ્યોગો :** રાજ્યની વસ્તીનો મોટો ભાગ ખેતી કરે છે. વિવિધ ઉદ્યોગો સાથે કુટિર તથા ગૃહઉદ્યોગો પણ અહીં વિકસ્યા છે. સુતરાઉ તથા રેશમી કાપડ, સિમેન્ટ, ખાંડ, સિગારેટ, રબર તથા ચર્મ-ઉદ્યોગ સહિત મોટરો, રાસાયણિક ખાતરો, રંગ, રસાયણો વગેરે અનેક ઉદ્યોગો તમિળનાડુમાં વિકસ્યા છે. ચેન્નાઈ મુકામે તેલ શુદ્ધીકરણ એકમ તથા રાસાયણિક ખાતરનું કારખાનું આવેલાં છે. પેરામ્બુદુરમાં રેલવેના ડબ્બા તથા અવાડી મુકામે રણગાડીઓ બનાવવાનાં કારખાનાં આવેલાં છે. ઊટાકામંડમાં ફોટોગ્રાફીનાં સાધનો બને છે તથા મેતૂરમાં એલ્યુમિનિયમનું કારખાનું આવેલું છે. કાંચીપુરમની રેશમી સાડીઓ, કન્યાકુમારીનું લાકડાનું કોતરકામ, કુંભકોણમની કાંસાની મૂર્તિઓ, થંજાવુરની કલાત્મક પ્લેટ્સ તથા સુખડ અને હાથીદાંતની કોતરણીવાળી વસ્તુઓ વગેરે દેશમાં પ્રસિદ્ધ છે.

મુન્દુનથુરાઈ, મુદુમલાઈ અને અન્નામલાઈ સહિત રાજ્યમાં પ્રાણીઓના સંરક્ષણ માટે કુલ ૧૦ અભયારણ્યો છે. તમિળનાડુ પર્યટન માટેનો એક શ્રેષ્ઠ પ્રદેશ છે. તેથી પ્રવાસન ઉદ્યોગ અહીં ઝડપથી વિકસ્યો છે. આ રાજ્યમાં કાંચીપુરમ્, પક્ષીતીર્થ, તાંજોર, ચેન્નાઈ (મદ્રાસ) અને મહાબલિપુરમ્ પ્રવાસીઓને મોટી સંખ્યામાં આકર્ષે છે.

તમિળનાડુમાં કોડાઈકેનાલ તથા ઉટાકામંડ (ઊટી) જાણીતાં ગિરિમથકો છે. કર્ણાટક, કેરલ અને તમિળનાડુના ત્રિભેટે આવેલુ ઊટી દેશનું પ્રસિદ્ધ હવાખાવાનું સ્થળ છે. તે સમુદ્રની સપાટીથી આશરે ૨૨૬૦ મીટરની ઊંચાઈ પર આવેલું છે. મહર્ષિ અરવિંદની તપોભૂમિ તરીકે પ્રખ્યાત પોંડિચેરી નગર ચેન્નાઈથી લગભગ ૨૦૦ કિમી.ના અંતરે આવેલું છે.

ભારતના દક્ષિણ કિનારે આવેલ કન્યાકુમારીતીર્થ દર્શનીય સ્થળ છે. ત્યાંથી ૨૦૦ મીટર દૂર સમુદ્રમાં આવેલ ખડક પર ૧૮૯૨માં સ્વામી વિવેકાનંદે ધ્યાન ધરીને પોતાના જીવનનું મહત્ત્વનું કાર્ય-સનાતન ધર્મના સંદેશાનો સંસારમાં વ્યાપક પ્રચાર કરવાનો દિવ્ય સંદેશો મેળવ્યો હતો. તેમની સ્મૃતિમાં ત્યાં હવે વિવેકાનંદ રોક મેમોરિયલની પ્રવૃત્તિઓ ચાલે છે. ત્યાં મોટર લૉન્ચમાં જઈ શકાય છે.

પલ્લવોના સમયના બંદર મહાબલિપુરમ્‌માં વિશાળ ખડકો કોરીને બનાવેલાં રથમંદિરો પ્રખ્યાત છે. પલ્લવો અને ચોલ રાજાઓના પાટનગર કાંચીપુરમ્‌માં ૧૫૦ મંદિરો આવેલાં છે. તેમાં સૌથી જૂનું કૈલાસનાથનું મંદિર, ૧૨૦૦ વર્ષ પહેલાંનું છે. દક્ષિણ ભારતના મંદિરસ્થાપત્યના અભ્યાસ માટે આ સ્થળ ઘણું ઉપયોગી છે. ચોલ રાજાઓએ થંજાવુરમાં બંધાવેલ ભદ્રેશ્વરનું મંદિર ભારતનું સૌથી ઊંચું પ્રાચીન સ્મારક છે. તેમાં તેર માળ છે. ભગવાન રામચંદ્રજીએ સ્થાપેલ સેતુબંધ રામેશ્વરમ્‌માં આવેલ પ્રસિદ્ધ શિવમંદિર, બાર જ્યોતિર્લિંગમાંનું એક છે. ત્યં મનારના અખાત પરનો પુલ પણ જોવાલાયક છે. મંદિરોના નગર મદુરાનો ઇતિહાસ ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીથી શરૂ થાય છે. ત્યાંના મિનાક્ષી મંદિરમાં નવ ગોપુરમ્ છે. તમિળનાડુને મંદિરમઢ્યો દ્રવિડ દેશ અથવા નટરાજ અને ભારતનાટ્યમની ભૂમિ કહે છે. સુવર્ણકળશથી શોભતાં ગોપુરમ્ અહીંની વિશિષ્ટતા છે.

તમિળનાડુએ શ્રી રમણ મહર્ષિ જેવા આધ્યાત્મિક પુરુષ, ડૉ. રાધાકૃષ્ણન્ જેવા વિશ્વવિખ્યાત ફિલસૂફ, રાજગોપાલચારી જેવા કુશળ રાજનીતિજ્ઞ અને સ્વાતંત્ર્યસેનાની, અન્નાદુરાઈ જેવા લોકનેતા અને કામરાજ જેવા વિચક્ષણ રાજપુરુષ આપ્યા છે. દેશનું અગ્રણી વર્તમાનપત્ર 'ધ હિન્દુ' ચેન્નાઈથી પ્રગટ થાય છે. ❐

# હું અને નદી

**પ્રફુલ્લ રાવલ**

જ્યારે ગામના કોઈ વયોવૃદ્ધ પાસે ગામનો ઇતિહાસ સાંભળું છું ત્યારે મન ઘડીભર અતીતમાં રમમાણ થઈ જાય છે. ભવ્ય વારસો ધરાવતા નગરનો હું નાગરિક છું એ મારી મોટી ઉપલબ્ધિ છે. એમ જ ક્યારેક સાંભળું છું કે મારું ગામ નદીકિનારે હતું ત્યારે રોમાંચિત થઈ જાઉં છું. વહેતી નદીની કલ્પના કરું છું. કેવા સરસ દિવસો હશે એ, જ્યારે ગામની ભાગોળે નદી વહેતી હશે ! મારા પૂર્વજોએ એ નદીકાંઠે જીવન પસાર કર્યું હશે ! હું એ પૂર્વજોની અત્યારે મીઠી ઇર્ષ્યા કરું છું. ખળખળ ઘોષ કરતી નદી તે મારા ગામની ઘોષા નદી. પણ આજે એનું ક્યાંય અસ્તિત્વ નથી. નથી મળતા એના સગડ. નદી હતી તેને વર્ષો થઈ ગયાં. આજની પેઢીએ નદી જોઈ નથી. નદી હતી એ વાત પણ વિસરાઈ ગઈ છે. મારા ગામની નદી મારે માટે, માત્ર મારે માટે નહીં સહુના માટે એક દંતકથા સમી છે. છતાંય આ દંતકથાને હું પંપાળું છું. જેમ કોઈ માતા નાના બાળકને પંપાળે તેમ. મને એ રિસાઈ ગયેલી પ્રેમિકા જેવી લાગે છે. તો ક્યારેક આ દંતકથામાં હું ઘૂંઘટવાળી નવોઢાની અનુભૂતિ કરું છું, જેના મુખારવિંદની મને લિપ્સા છે.

આજે મારા ગામમાં નદી હોત તો... આ માત્ર કલ્પના છે. છતાંય એમાં રાચવું મને ગમે છે. કેમકે મને નદી ગમે છે અને નદીકિનારે મારું ગામ નથી એ ખ્યાલથી હું ખિન્ન થાઉં છું. હું કેટલો કમભાગી છું ! કશું મારી પાસે ન હોત પણ માત્ર નદી હોત તો હું કેટલો ભર્યો ભર્યો હોત !હું નદી માટે ઝૂરું છું. નદી માટેનો મારો આ ઝુરાપો જન્મજાત છે.

નાનપણમાં રેલગાડીમાં બેસીને બાપા સાથે અમદાવાદ જતો ત્યારે સાબરમતી નદી ઉપરથી ગાડી પસાર થતી અને બાપા પાસેથી કાણિયો પૈસો લઈને હું નદીનાં પાણીમાં નાખતો. નદીના પટમાં ઊભેલા નાના છોકરાઓ એ પડતા પૈસા ઝીલી લેતા. ક્યારેક કોઈના હાથમાં પૈસો ન આવતો. નદીની ભીની રેતમાં સમાઈ જતો. નદીમાં પૈસો નાખવો એ મારા સંસ્કૃતિગત સંસ્કાર હતા. આજે હવે નદીમાં પૈસો નાખવાનું સૌભાગ્ય રહ્યું નથી. હા, નદીનું નામ સાંભળીને હું છળી ઊઠું છું જરૂર, કોળી ઊઠી છું જરૂર. પ્રવાસમાં ક્યાંય વચ્ચે નદી આવે તો વહાલથી નજર કરી લઉં છું અને મને મારી ઘોષા નદી યાદ આવી જાય છે.

સાબરમતી સતત વહેતી નદી નથી. ક્યારેક જ જળ જોવા મળે. ઓછું જળ અને વધુ રેત એ નદીની મારી પહેલી ઓળખ. પણ એની વિશાળતા આહ્‌લાદિત કરી ગઈ હતી. સાબરમતી નદીનાં દર્શન પછી તો પાણીથી ભરપૂર અનેક નદીઓ જોઈ. વહેતું જળ જોઈને હું છલોછલ થઈ જાઉં છું. કબીરવડ જોવા જતાં નર્મદાનદીને ઓળંગવાનો પ્રસંગ આવ્યો ત્યારે નદીની ગરિમાએ મારી નદીઝંખનાને પલ્લવિત કરી. સખી સંગાથે નદીવિહાર કર્યો ત્યારે નદીનું જળ ખોબે ખોબે લઈને સામસામે છંટકાવ કરીને અન્યોન્ય ભીંજાયાં હતાં. એ ભીનાસની સુગંધ હજુ ય ક્યારેક સુવાસિત કરી નાખે છે. વહેતી હોડીમાં હથેલીમાં નદીનું જળ રાખીને આંખ બંધ કરીને પ્રાર્થના કરતી સખીનો ખ્યાલ ક્યારેક પ્રત્યક્ષ થાય છે. પરન્તુ તરત જ અનુભવું છુ કે સખી યે નથી અને નદી યે નથી. હું તો સાવ એકલો છું નદીવગરનો, સખી વગરનો. હું જન્મે વિપ્ર. નદી વગર સ્નાન ક્યાં કરું સૂર્યનમસ્કાર ક્યાં કરું ? અર્ઘ્ય ક્યાં આપું ! નદી વગરનો હું નિરાધાર છું. ગામ છોડીને નદીકાંઠેના ગામે રહેવા જવાની ઇચ્છા કરું છું. પણ પાછું ગામ મને પકડી રાખે છે. જકડી રાખે છે. મને શ્રદ્ધા છે કે ક્યારેક ભૌગોલિક પરિવર્તન થશે અને મારા ગામથી દૂર થયેલી, દૂર ફંટાયેલી, રિસાયેલી નદી પાછી ધસમસતી આવીને બાહુ ફેલાયેલી ગામની ભાગોળને ભેટશે. એનાં નીરથી ભાગોળ ભીની ભીની થઈ જશે. અને હું એ ભીની માટીનું મારા ભાલે તિલક કરીશ.

નદીનું મારું આકર્ષણ છે એની ગતિ. આમ તો નદી એટલે જ ગતિ એવી મારી સમજ છે. આ ગતિમાં વેગ છે પણ આવેગ નથી. અને જ્યારે ક્યારેક એનામાં આવેગ આવે છે ત્યારે એનું રૂપ સુંદરતાને ગુમાવી દે છે અને બની જાય છે રૌદ્ર. પણ તે ભાગ્યે જ. એટલે તો એ માતા છે. પ્રવાસ એનું કર્મ છે. સહુને આપવું એનો ધર્મ છે. અટકવું એના ભાગ્યમાં નથી. એ ફંટાઈ જાય છે, પણ અટકી જતી નથી. હા, ક્યારેક પૃથ્વીના પેટાળમાં સમાઈ જાય છે, અદશ્ય થઈ જાય છે. ઘોષા નદી પણ ક્યાંક અદશ્ય ગઈ છે. મારા ગામની આ ઘોષા નદી એ ક્યાંક લુપ્ત થયેલી સરસ્વતી તો નહીં હોય ને !

હું નદીમાં નિત્ય પ્રવાસીના દર્શન કરું છું. એનો પ્રવાસ યાત્રા છે. માટે જ નદી સ્વયં એક ગતિશીલ યાત્રાધામ છે. હું પ્રવાસી નદીનો ભક્ત છું. નદી મારે મન દેવી છે, જેમાં સત્યનો અંશ છે. હું સત્યનો શોધક છું. માટે હું મારા ગામમાં નદીને શોધું છું. એ ખોવાઈ ગઈ છે, લુપ્ત થઈ છે. આજે નહીં તો કાલે, કાલે નહી તો પરમ દિવસે, પરમ દિવસે નહીં તો ગમે ત્યારે મારાથી વિખૂટી પડેલી નદી પાછી ફરશે. મને જડશે. એ દિવસ મારા માટે ઉત્સવ બની રહેશે. પણ ક્યારે ? કાળદેવતાને પૂછું ? જો કે મને એનો પણ ભય છે. કાળ ક્યાંક મને કોળિયા કરી જશે તો તો ય હું ભટકતો રહીશ ગામમાં ભૂત બનીને અને શોધતો રહીશ મારી ખોવાયેલી નદીને; પણ અત્યારે મને થાય છે કે ક્યાંક નદી મારામાં સમાઈ ગઈ છે. હું જ નદીનો એક અંશ છું. એટલે ત્યાં ચાલુ છું. મારી ગતિ એ નદીના અદશ્ય સ્પર્શનો જ ચમત્કાર છે. નદી મારામાં છે. હું નદીમાં છું. હું અને નદી અન્યોન્યમાં સમાવિષ્ટ થઈ ગયાં છીએ અને હું નદી બની ગયો છું ! ❑

# એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

**મંગળવાર, ૨૦મી ઑક્ટોબર, ૧૯૪૨**

પ્રિય કિટી,

એ ઘટનાને બે કલાક થઈ ગયા પણ હજી મારો હાથ ધ્રૂજે છે. વિગત આવી છે. આ મકાનમાં પાંચ જગ્યાએ અગ્નિ-શામકોની વ્યવસ્થા છે. અમને ખબર હતી કે એને ભરવા માટે કોઈ આવવાનું હતુ. પણ સુથાર, કે એને જે કાંઈ કહેવાતું હોય તે, ક્યારે આવવાનો છે એની અગમચેતી અમને કોઈએ આપી નહોતી.

પરિણામે અમારા પુસ્તકના કબાટવાળા પ્રવેશની બહારના રમણામાંથી મને હથોડા ઠોકવાનો અવાજ સંભળાયો ત્યાં સુધી તો અમે ધીમેથી બોલવાનો પ્રયત્ન સુધ્ધાં કરતાં નહોતાં. હું તરત સમજી ગઈ કે સુથાર આવ્યો હશે એટલે અમારે ત્યાં જમવા આવેલી બેપને નીચે ન જવાની સૂચના કરી. તરત હું અને પપ્પા એ બારણે કાન દઈને ઊભાં જેથી સુથાર જાય એની અમને ખબર પડે. પાએક કલાક કામ કરીને એણે હથોડી અને બાકીનાં સાધનો કબાટની ઉપર મૂક્યાં (એવું અમને લાગ્યું) અને એણે બારણું ખખડાવ્યું. અમારો રંગ ઊડી ગયો. અમે જાણ્યું કે નક્કી એણે અવાજો સાંભળ્યા હતા. અને હવે એણે અમારા ગુપ્ત આવાસની તપાસ કરવાનું નક્કી કર્યું હતું. થોડા વખત સુધી ઠકઠક, ધક્કા-ધક્કી નકૂચો આમળવાનું ચાલુ રહ્યું. આ કોઈ સાવ અજાણ્યો માણસ અમારી આ મજાની ગુપ્ત જગ્યા શોધી કાઢશે એ વિચારે જ મારા તો હોશકોશ ઊડી ગયા. અમારો કાળ આવી લાગ્યો છે એમ વિચારતી હતી ત્યાં અમે શ્રી ક્લાઇમનનો અવાજ સાંભળ્યો : 'દરવાજો ખોલો. હું જ છું.' તરત દરવાજો ખોલ્યો. કબાટને ધરી રાખવા એક આંકડી છે. જેને આ ગુપ્ત જગ્યાની ખબર છે એ લોકો એ આંકડી ખોલીને અંદર આવી શકે. આ આંકડી જડબેસલાક બેસી ગઈ હતી. આ કારણે સુથારના આગમનની ખબર અમારા સુધી કોઈ પહોંચાડી શક્યું નહોતું. પેલો માણસ નીચે ગયો એટલામાં બેપને બોલાવવા ક્લાઈમન આવ્યા. પણ ફરીથી એ દરવાજો ઉઘાડી શક્યા નહિ. સાચું કહું છું કે આ સાંભળીને મને હાશ થઈ. ત્યાં સુધી મારી કલ્પનામાં પેલો માણસ ક્ષણે ક્ષણે મોટો ને મોટો થતો છેલ્લે એક રાક્ષસ જ બની ગયો હતો. દુનિયાનો મોટામાં મોટો ફાસિસ્ટ જાણે.

ખેર ! સદ્‌નસીબે આ વખતે તો બધું સમુંસૂતરું પાર પડ્યું. હવે બીજી વાત. સોમવારે અમને ખૂબ મજા આવી. મીપ અને હેન્કે અમારી સાથે રાત ગાળી. માર્ગટ અને હું મમ્મી-પપ્પાના રૂમમાં સૂવા જતાં રહ્યાં જેથી વાન સાટેન દંપતીને અમારો રૂમ મળે. ભોજન પણ વધારે સ્વાદિષ્ટ લાગ્યું. એક નાનકડી ખલેલ પડી. પપ્પાના લૅમ્પનો ફ્યૂઝ અચાનક ઊડી ગયો. અને અચાનક અમે બેઠાં હતાં ત્યાં અંધકાર છવાઈ ગયો. હવે કરવું શું ? ફ્યૂઝ માટે વાયર તો હતો પણ ફ્યૂઝ-બૉક્સ ઘરના પછવાડામાં આવેલા અંધારિયા કોઠારમાં હતી. અંધારામાં કરવાલાયક કામ એ નહોતું. પણ પુરુષ મંડળીએ કામમાં ઝંપલાવ્યું અને દસ મિનિટમાં અમારે મીણબત્તીઓને બુઝાવી દેવાનો વારો આવી ગયો.

આજે સવારે હું વહેલી ઊઠી ગઈ. હેન્કને સાડા આઠે નીકળવાનું હતું. સાથે મળીને બ્રેકફાસ્ટ કર્યો પછી મીપ નીચે ગઈ. બહાર એકધારો વરસાદ વરસતો હતો. એમાં સાઇકલ પર ઑફિસે ન આવવું પડ્યું એનો મીપને આનંદ હતો. આવતા અઠવાડિયે બેપ રહેવા આવવાની છે.

લિ. એન.

**ગુરુવાર, ૨૯મી ઑક્ટોબર ૧૯૪૨**

પ્રિય કિટી,

હું અત્યારે ખૂબ ચિંતામાં છું. પપ્પા માંદા પડી ગયા છે. એમને ખૂબ તાવ છે, અને લાલ લાલ દાણા નીકળ્યા છે. અછબડા હોય એવું લાગે છે. અમારાથી ડૉક્ટરને બોલાવાય એમ છે નહિ. મમ્મી એમને ખૂબ પરસેવો થવા દે છે જેથી તાવ ઊતરી જાય.

આજે સવારે મીપે સમાચાર આપ્યા કે વેનડાનનું બધું જ ફર્નિચર ઘરમાંથી ઉપાડી ગયા છે. હજી અમે શ્રીમતી વેનડાનને આ વાત કરી નથી. આમેય બેન દુઃખી છે. પાછું પાછળ છોડી દેવાં પડેલાં ચિનાઈ માટીનાં મોહક વાસણો અને સુંદર મજાની ખુરશીઓ વિશે દર્દીલી દાસ્તાન સાંભળવાની અમારી જરાય ઇચ્છા નથી. અમે પણ અમારી બધી જ સારી સારી ઘરવખરી છોડીને આવ્યાં છીએ. હવે એની પાછળ રડવાનો શો અર્થ ?

હમણાં હમણાં મને પુખ્ત લોકો માટેની ચોપડીઓ વાંચવાની છૂટ મળી છે. હાલ હું નિકો વાન સુખ્ટેલેનની 'ઈવાસ યૂથ' (ઈવાનું યૌવન) વાંચું છું. કિશોરવયની પ્રેમકથાઓ અને આમાં મને કાંઈ બહુ ફેર હોય એવું લાગતું નથી. હા, એમાં પર-પુરુષોને શરીર

વેચતી સ્ત્રીઓનો ઉલ્લેખ આવે છે. એના બદલામાં સ્ત્રીઓ પૈસા લે છે. મારી પર આવું કાંક કરવાનો વખત આવે તો તો હું શરમથી મરી જ જાઉં. એમાં ઈવાને માસિક આવવા વિશે પણ વાત આવે છે. ઓહ, હું પણ એની રાહ જોઉં છું. એ પણ ખૂબ મહત્ત્વનું હોય એમ લાગે છે.

પપ્પા પેલા મોટા કબાટમાંથી ગથે અને શીલરનાં નાટકો લઈ આવ્યાં છે. રોજ રાતે મને વાંચી સંભળાવવાના છે. 'ડૉન કાર્લોસ'થી અમે શરૂઆત કરી છે.

પપ્પાના પગલે પગલે મમ્મીએ પણ મને એની પ્રાર્થનાની ચોપડી મારા હાથમાં પકડાવી દીધી છે. માન રાખવા ખાતર મેં કેટલીક જર્મન પ્રાર્થના વાંચી. સારી છે એની ના નહિ. પણ મને એનો કાંઈ અર્થબોધ થતો નથી. મને પવિત્ર બનાવવામાં એને શું મજા આવતી હશે.

આવતી કાલે પહેલી વાર અમે અંગીઠી સળગાવવાનાં છીએ. મને લાગે છે કે અમે ધૂમાડામાં ગુંગળાઈ જવાનાં. ધુમાડિયું વર્ષો થયાં સાફ કર્યું નથી. આશા રાખીએ કે ધૂમાડો એમાંથી બહાર જાય.

લિ. એન.

---

અનુસંધાન] **સંગીતશાસ્ત્ર** [પૃ. ૭૧૭થી

છે: શૈલી છે. એની નવી ટેકનિક છે. આવું ગાયકોમાં પણ જોઈ શકાય છે. આવા ઉત્તમ ગાયકો-વાદકો જે શિષ્યોને તાલીમ આપે છે તેમાં તેમના ગુરુની જ પદ્ધતિ, એમની જ શૈલી ઊતરી આવે છે. અને વાદનમાં પણ, એક જ વાદ્યમાં બે-ત્રણ ભિન્ન શૈલી અને ટેકનિક વિકસી છે. જોગમાં ગતશૈલીનું પ્રાધાન્ય છે તો ડૉ. એન. રાજમના વાયોલિનવાદનમાં ગતને બદલે ગાયકીનું પ્રાધાન્ય જણાશે. આવું સિતાર, સરોદમાં પણ છે. અને આ ગુરુઓ દ્વારા જે શિષ્યો તૈયાર થયા, કલાકાર કક્ષાએ આવ્યા એ પણ પોતાની કોઈ જુદી જ શૈલીનું નિર્માણ કરશે.

પરંતુ આ બધાના પાયામાં પણ કોઈ એક ઘરાનાની શૈલી કે એનું સંવર્ધિત રૂપ જ રહેશે; ને પરંપરામાંથી જ પ્રયોગ આકાર લે છે અને નવું રૂપ પ્રકટે છે. દરેકનું, પદ્ધતિ-શૈલીનું આગવું રૂપ છે. એથી એકનું બધું જ બીજામાં મિશ્રણ ન થાય. પૂરબીઅંગમાં પંજાબી ભળે તો વરવું રૂપ લાગે. આમ, કલાનું પોતાનું જ એક આગવું સ્વરૂપ હોય છે. ને એમાં જ એ આગળ વધી શકે છે. સાહિત્યમાં જે ક્લાસિકલ અને રોમૅન્ટિક એ બે પ્રકૃતિભિન્ન એવા અભિગમો છે. મૂળભૂત વ્યક્તિત્વ છે, અને સ્વરૂપ એક જ હોય પણ અભિગમ જુદા. તેવું સંગીતમાં પણ છે. આથી ઘરાનાઓ લુપ્ત થતા જાય છે અને થશે, પરંતુ એમાંથી જે વૈવિધ્યપૂર્ણ છતાં પરસ્પરથી વ્યાવર્તક એવું સિદ્ધ થયું છે, તે જ મુખ્ય આધાર બનશે અને આમ પરંપરા, પ્રયોગ, સંમિશ્રણો થશે, પરંતુ દરેકને પોતીકું રૂપ, કાહું કે લાક્ષણિકતા તો ટકાવવી જ પડશે. આ રૂપમાં ઘરાનાનું ભાવિ જોઈ શકાય. ❐



અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૭૦૬થી

૩.૮ ન્યૂ સાયન્ટિસ્ટ, એજન. ૧૯
૩.૫થી ૩.૮ એનસાઇક્લોપીડિઆ
ઑવ્ ધ સોલર સિસ્ટમ, એજન ૯૦૬
૩.૫ થી ૩.૮ ધ ન્યૂ યૉર્ક ટાઇમ્સ, ઑગસ્ટ ૧૩, ૧૯૯૯; પરંતુ માનવી (હોમો સેપિઅન્સ)ની હસ્તી એકાદ બે લાખ વર્ષોથી. મંગળ વિષયક સંશોધન વર્ષોથી જારી છે.
ઈ. ૧૯૭૬ Vikings ૧ અને ૨નું મંગળ પર ઉતરાણ
ઈ. ૧૯૯૭ 'MARS PATHFINDER' અવકાશયાન દ્વારા મંગળના આબેહૂબ ફોટાઓ
ઈ. ૧૯૯૮ 'ધ માર્સ ગ્લોબલ સર્વેયર' દ્વારા મંગળના ફોટાઓ
(ઈ. ૧૯૯૯ : LIQUID WATER IS FOUND INSIDE A 4.5 BILLIAN YEAR-OLD METEORITES GIVING US FIRST LOOK AT EXTRA TERRESTRIAL $H_2O$.)
ઈ. ૧૯૯૯ સપ્ટે. ૧૨.૫ કરોડ ડૉલરનું MARS CLIMATE ORBITER અદૃશ્ય થાય છે.
ઈ. ૧૯૯૯ : ડિસે ૩ : ૧૬.૫ કરોડ ડૉલરનું MARS POLAR LANDERનું મંગળ પર ઉતરાણ. આ અવકાશયાનનો પત્તો લાધ્યો નથી. 'જ્યૂપિટર'ના ગ્રહ EUROPA પર આદ્યજીવનની હસ્તી હોવાનું અનુમાન છે.
(૧ 'ડિસકવર જાન્યુ. ૨૦૦૦
૨ 'નેશનલ જોગરોફિક, જાન્યુ. ૨૦૦૦
૩ ધ ન્યૂ યૉર્ક ટાઇમ્સ, ડિસે. ૪ થી ૯, ૧૯૯૯)

૨૦ જુલાઈ ૧૯૬૯ : અમેરિકન અંતરીક્ષ- યાત્રી નીલ આર્મસ્ટૉંગ ચંદ્ર પર પાપા પગલી માંડે છે. એના ઉદ્ગાર છે : માનવીનું ભલે આ નાનું પગલું પરંતુ માનવજાત માટે હરણફાળ છે. ત્યાર બાદ ત્રણેક દાયકાઓમાં અંતરીક્ષમાં અને અંતરીક્ષ વિષયક પારાવાર સંશોધન થયેલ છે, થઈ રહ્યું છે.

વર્તમાન સંશોધન અનુસાર લીટલ બૅંગના ફલસ્વરૂપ વૈજ્ઞાનિકોએ મેટર (Matter)નું નવું સ્વરૂપ શોધ્યું છે ને બીગ બૅન્ગ યાને તે વૈશ્વિક ધડાકાની થીઅરીનું સમર્થન કરે છે (ટાઇમ્સ ઑવ્ ઇન્ડિયા ૧૧ અને ૧૨ ફેબ્રુ., ૨૦૦૦) -વી.બી. ગણાત્રા

# પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

તા. ૧૩-૮-૭૩

## જીવન, મૃત્યુ, મન અને લાગણી

સ્મિતાના કેમ્પના અકસ્માત વિષે વાંચી મનમાં વિવિધ લાગણી થઈ. આમ તો જન્મ અને મૃત્યુ નિસર્ગની સામાન્ય પ્રક્રિયા છે. છતાં દિવસ અને રાત્રિ, શિયાળો-ઉનાળો, બરફ-પાણી-વરાળ વગેરે નૈસર્ગિક પ્રક્રિયાઓથી તે જુદાં પડી આવે છે. કારણ કે આ પ્રક્રિયા જીવ-શાસ્ત્રીય પ્રક્રિયા છે અને બધા જીવોથી વધુ વિકસિત માનવજીવ માટે તો સૌથી વધુ જુદી પડી આવે છે કારણ કે માનવને જીવ ઉપરાંત મન અને લાગણી છે. અને તેથી જ તો જે વ્યક્તિ સાથે આપણા મનને વ્યવહાર બંધાયો હોય અથવા તો સાદી ભાષામાં કહીએ તો જે વ્યક્તિ માટે થોડી લાગણી આપણા મનમાં ઊભી થઈ હોય તેવી વ્યક્તિના વિહ્વળ કરી મૂકે છે ત્યારે બીજી તરફ પેલી નૈસર્ગિક પ્રક્રિયા વિષેની સભાનતા મનને પ્રસંગથી વિરક્ત રહેવા પ્રેરે છે. આવે સમયે આ બે વિરુદ્ધ પ્રવાહો વચ્ચે સમતુલા જાળવવી એ કપરું કામ છે અને આવા પ્રસંગોએ જ માનવીની સ્થિતિપજ્ઞા બુદ્ધિની કસોટી થાય છે.

રામબાગ, મલાડમાં અહિંસક વ્યાયામ સંઘનો એક વર્ષનો વર્ગ અમે ચલાવ્યો હતો, ત્યારે આવો પ્રસંગ બન્યો હતો. અમારા વિદ્યાર્થી તો ૧૮થી ૨૫ વર્ષની અંદરના એટલે પુખ્ત યુવાન વયના રાજસ્થાનથી મગનસિંહ નામના એક યુવાન તેમાં જોડાયેલા. એક દિવસ સવારે તેમણે દાતણ કરતી વખતે દાંતમાંથી લોહી નીકળવાની ફરિયાદ કરેલી પણ તે ઉપર ખાસ ધ્યાન આપ્યું નહિ. તે જ દિવસે સવારે ૯.૦૦ વાગે તે એકાએક પડી ગયા અને બેહોશ થઈ ગયા. ડાક્ટરને બોલાવ્યા. તેણે તપાસીને કહ્યું કે બેહોશીનું કારણ સમજાતું નથી. હૉસ્પિટલમાં લઈ જાઓ. હૉસ્પિટલમાં દાક્તરે તપાસવા માટે ટેબલ પર લીધા તો મૃત્યુ થઈ ગયું હતું એમ માલૂમ પડ્યું !

આ સમાચાર ટેલિફોનથી રામબાગમાં મળ્યા. બધા જ વિદ્યાર્થીઓની મીટિંગમાં તેમને તે ખબર આપ્યા ત્યારે મેં આગળ લખેલ સમતુલા જાળવવા વિષેનો એક દાખલો બન્યો. મગનસિંહ સાથે જેને ઘણી મિત્રાચારી હતી તેવા વિદ્યાર્થી પુરુષોત્તમને સ્વાભાવિક વધુ દુઃખ થાય, તેને રડવું આવે તે પણ સમજાય, પણ બે કલાક થયા તો પણ છાનો રહેજે નહિ, ડૂસકાં અને હીબકાં ભર્યા જ કરે. પછી તો તેને તાણ આવવા લાગી. મગનસિંહના મૃત્યુ પછીની વ્યવસ્થા કરવાની બાજુએ રહી. અમારે આ પુરુષોત્તમને ઠેકાણે કેમ લાવવો તે પ્રશ્ન થઈ પડ્યો. અને છેવટે સમજાવટના પ્રયત્નો સફળ ન થતાં સ્વામીજી (સરદાર પૃથ્વીસિંહ)એ તેને ઊભો કરી એક જોરથી તમાચો માર્યો અને ખૂબ ઊંચે સાદે (જાણે રોષે ભરાયા હોય તેમ) તેને દબડાવ્યો ત્યારે તે શાંત થયો.

માનવીને મન તથા લાગણી છે તેથી મૃત્યુની નૈસર્ગિક પ્રક્રિયાને ફક્ત લાગણીવશ થઈને જ વિચારે તો શું થાય તેનો આ દાખલો છે. એ જ પ્રમાણે માનવી લાગણીને કોરાણે મૂકીને મૃત્યુને ફકત નૈસર્ગિક ક્રિયા તરીકે જ જુએ તો તે ઘાતકી વર્તન જ ગણાય. સુરેન્દ્રનગરના ચમારડી ગામ પાસે દસેક વર્ષ પહેલાં રાતના ભયંકર રેલવે અકસ્માત થયો હતો. તેમાં એન્જિન પાસેના કેટલાક ડબ્બા એકબીજા ઉપર ચઢી ગયા હતા. અનેક મરણ થયાં. કેટલાંયને ઇજા પહોંચી. તે વખતે ગાડીના પાછળના ડબ્બામાં અકસ્માતની ખાસ અસર પહોંચી નહોતી. અને એક ટોળી તો ડબ્બાની બહાર શેતરંજી બીછાવી ચાદનીમાં 'ચાલો ત્યારે હવે તો ગાડી બેચાર કલાક સુધી ઊપડે તેમ નથી માટે પાનાં રમીએ કરીને પત્તાં કૂટતી જોવા મળી હતી ! મૃત્યુને લાગણીથી પર, ફક્ત નૈસર્ગિક પ્રક્રિયા ગણવાનો કેવો વિચિત્ર પ્રયોગ !

કુદરતી ક્રમની વાત સાથે મૃત્યુ અંગેની માનવસહજ લાગણી — આ બે વચ્ચે સમતુલા જાળવવી એ જ માનવતાની ચાવી છે.

તા. ૨૦-૪-૯૦

## આપણું મગજ અને કમ્પ્યૂટર મેમરી

ખાસ્સા એક મહિનાના ગાળા પછી આ પત્ર લખાય છે. ૧૫મી માર્ચે વેડછીમાં પ્રાથમિક શિક્ષકોની એક કાર્યશાળા શરૂ થતી હતી. વૃક્ષોની ઘટામાં બધા બેઠા હતા. સવારે ૧૦-૪૫ વાગે મેં ભાષણ શરૂ કર્યું. ૧૧-૧૫ વાગે મને મોળ ચડતી હોય એવું લાગ્યું. દશેક મિનિટમાં ભાષણ પૂરું કરી હું તકીએ અઢેલીને બેઠો અને બેહોશ થઈ ગયો. લોકો તો કહે છે કે આ બેહોશી પાંચસાત મિનિટ ચાલી હશે. બેત્રણ ઊલટી થઈ અને હું ભાનમાં આવી ગયો. ડાક્ટરે પૂછેલા સવાલના જવાબ આપ્યા. હૉસ્પિટલે જવા માટે હું ચાલીને મોટરમાં બેઠો... પણ આ તો બીજા વાત કરે. માટે માટે તો બે જ પ્રસંગો યાદ છે : સવારે સાડા અગિયાર વાગે હું તકીએ અઢેલીને બેઠો અને રાત્રે સાડા અગિયારે મારાં દીકરી, જમાઈ અને પત્ની આવ્યાં અને પત્નીએ માથે હાથ ફેરવીને કહ્યું કે 'અમે આવી ગયાં છીએ.' ત્યારે મેં પૂછ્યું, 'હું ક્યાં છું ?'

આજકાલના કમ્પ્યૂટરો માનવીના મગજના નમૂના ઉપર બનેલાં હોય છે. આપણે કેટલું બધું યાદ રાખીએ છીએ ? હું આ લખી રહ્યો છું ત્યારે મારે ૧૭ પંચા ૮૫ની જરૂર નથી પડતી પણ તે માહિતી મારી યાદદાસ્ત (memory મેમરી)માં સંઘરાયેલી રહે છે. એવી જ રીતે પ્રસંગ આવે વાપરી શકાય તેવી માહિતી સાચવી રાખવા માટે કમ્પ્યૂટરમાં પણ વ્યવસ્થા હોય છે અને તે વ્યવસ્થાને કમ્પ્યૂટરની મેમરી કહે છે. મોટાં મોટાં કમ્પ્યૂટરમાં ઘણી બધી માહિતી સંઘરવાની હોય છે એટલે એની ખાસ્સી મોટી મેમરી હોય છે. આ મેમરીની માહિતી ગ્રામોફોન જેવી ડિસ્ક ઉપર સાંકેતિક ભાષામાં રેકોર્ડ કરેલી હોય છે. આવી મેમરી ડિસ્કનું ખાસ નામ છે. ફ્લૉપી ડિસ્ક (floppy disk). બસ, મારા મગજની ફ્લૉપી ડિસ્ક ઉપરથી

૧૯૯૦ની ૧૫મી માર્ચની સવારના ૧૦-૩૦ થી રાતના ૧૧-૩૦ સુધીની માહિતી ભૂંસાઈ ગઈ લાગે છે. પણ કમ્પ્યૂટરને કાંઈ વાંધો નથી આવ્યાં એ તો આ લખાણ વાંચતા જ ખબર પડી જશે.

પણ ઉપર કહી તે વાત સિવાય મારી ફ્લૉપી ડિસ્કને પણ વાંધો નથી આવ્યો કારણ કે આ જે દિવસે બન્યું તે તારીખનો પૂરો રસપ્રદ ઇતિહાસ મને તરત યાદ આવ્યો. શેક્સપીઅરનાં લખેલાં પાંચેક નાટકો અમે ભણ્યા છીએ. તેમાંના હેમલેટ નાટકના રાજખટપટમાં ૧૫મી માર્ચે હેમલેટનું ખૂન થાય છે. પણ દસ દિવસ પહેલાં તેને આકાશવાણી સંભળાય છે '' Beware of the Ides of March'' (ઈડીઝ ઑવ્ માર્ચને દિવસે સાવધ રહેજે). રોમન ભાષામાં માર્ચની ૧૫મી એટલે 'Ides of Mach'

અમારું એક અંગ્રેજી છાપું, 'ગુજરાતીઓનું અંગ્રેજી બહુ કાચું''નું ગાણું ગાતું જ રહે છે. ગયે વર્ષે એવું થયું કે તે છાપાના વચલા પાનાનો પ્રમુખ લેખ ઇન્દર મેલ્હોત્રાએ લખ્યો હતો. તેમાં ૧૫મી માર્ચની વાત આવતી હતી અને તેણે લખ્યું હતું. It was on the Ides of March. પણ અંગ્રેજીની શેખી મારનાર અમારા એ અખબારના પ્રૂફરીડર અને સંપાદક તો કદાચ Ides શબ્દ વાંચીને ઘાબરાઈ ગયા હશે. તેમને થયું હશે કે ઇન્દર મેલ્હોત્રા જેવા લેખક આવી ભૂલ કરે નહિ. જરૂર એના ટાઇપિસ્ટે ભૂલ કરી હશે અને IDES ને બદલે IDEAS ટાઈપ કર્યું હશે. તેમણે છાપ્યું : It was on Ideas of March !!

લાગે છે ને કે અમારા બન્ને ફૅમિલી દાક્તર (દીકરી અને જમાઈ)ની ટ્રીટમેન્ટ મને બરાબર લાગુ પડી ગઈ છે !

### ડૉ. આમ્બેડકરની જન્મશતાબ્દી

૧૪મી એપ્રિલે ડૉ. ભીમરાવ આમ્બેડકરની જન્મશતાબ્દી શરૂ થઈ. આજથી ૯૦ વર્ષ પહેલાં આ ઢેઢ (હરિજન કે દલિત શબ્દો તો ત્યારે વપરાતા ન હતા)નો છોકરો નિશાળે કેવી રીતે ગયો હશે અને કેમ ભણ્યો હશે તેની વાત આજે આપણને આશ્ચર્યમાં નાખી દે તેવી છે. આ હુશિયાર વિદ્યાર્થીને સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશિપ આપી અમેરિકા ભણવા મોકલ્યો. ત્યાંથી પીએચ.ડી. થઈને બરોડા કૉલેજમાં પ્રોફેસર તરીકે નિમાયો. ૧૯૨૨-૨૫ની વાત છે. ત્યારે અમેરિકાથી પીએચ.ડી. થયેલા હરિજન પ્રોફેસરને ક્યાંય રહેવા ઘર ન મળ્યું.

આમ્બેડકરને ગુજરી ગયે ૨૪ વર્ષ થયાં, છતાં તેની જન્મ-શતાબ્દી સરકારને એકાએક કેમ યાદ આવી ? કારણ સમજાય તેવું છે. ૧૯૫૨ની પહેલી ચૂંટણીથી શરૂ કરીને બધી ચૂટણીઓમાં ઉત્તર ભારતના હરિજનોએ એક જૂથ બનીને કૉંગ્રેસને મત આપ્યા છે. પણ ૧૯૯૦ની ચૂટણીમાં પહેલી વાર દક્ષિણ ભારતના હરિજનોના મત કૉન્ગ્રેસને મળ્યા છે. નવી સરકારને આ નવી મળેલી હરિજન મત બૅન્ક સાચવી રાખવાનો મોકો જોઈતો હતો તે જન્મશતાબ્દીએ પૂરો પાડ્યો. અને તે દિવસે ડૉ. આંબેડકરને મરણોત્તર 'ભારતરત્ન'નો સર્વોત્તમ ખિતાબ એનાયત કર્યો. એલા, મરણોત્તર સન્માન મરણ પછી એક કે બે વર્ષમાં અપાતું જાણ્યું છે પણ આ તો ખાસ્સાં ૨૪ વર્ષ પછી ! કેટલાક ટીકાકારો તો કહે છે કે તો પછી લોકમાન્ય ટિળકને ભારતરત્ન (મરણોત્તર) કેમ ન આપવો ? એથી આગળ ચાલીએ (કે પાછળ ચાલીએ) તો નાના ફડનવીસ, શિવાજી મહારાજ, શહેનશાહ અકબર, હર્ષવર્ધન કે સમ્રાટ અશોકને કેમ નહિ ? આમ જુઓ તો મરણ પછી ૨૪ વર્ષ રાહ જોવાય તો ૨૪૦૦ કે ૪૮૦૦ વર્ષ પણ રાહ કેમ ન જોવાય ? અને ભગવાન શ્રી કૃષ્ણને મરણોત્તર ખિતાબ કેમ ન આપવો ! પણ પેલી વૉટ બૅન્કવાળી વાત છે તેનું શું ? ❐

લઘુકથા

## બગડો

**ડૉ. અશ્વિન મ. વસાવડા**

ચિત્રા અને નંદન બન્ને મારાં વિદ્યાર્થી હતાં. નંદન તો પછી મારાવિભાગમાંજ વ્યાખ્યાતા બન્યો.

કૉલેજ 'ફિશપૉંડ'માં ચિત્રાને લાલ મરચું મળેલું. તેની છાપ એક તીખી છોકરીની હતી. નંદન આખાબોલા છોકરા તરીકે માત્ર વિદ્યાર્થીઓમાં જ નહીં, પ્રોફેસરોમાં પણ જાણીતો હતો.

ચિત્રા અને નંદનને ભળતું, તેમાંથી પ્રેમ થયો અને પાછળથી બન્નેએ લગ્ન કર્યાં.

પણ લગ્નજીવનના થોડાજ સમયમાં બન્ને વચ્ચે ચડભડ શરૂ થઈ, અણબનાવ વધતો ચાલ્યો અને ચિત્રા તેના પિયર જતી રહી. અને વાત છૂટાછેડા સુધી પહોંચી ગઈ.

નંદન બધી વાતો મને કરતો. મેં તેને ઘણો સમજાવેલો, એક વાર ચિત્રાને પણ ઘેર બોલાવી સમજાવેલી, 'તમે બન્ને માનસના ભાવિનો તો વિચાર કરો,' પણ બન્ને એકબીજા ઉપર આક્ષેપો કરતાં રહેતાં.

છૂટાછેડાનો કેસ કોર્ટ સુધી પહોંચ્યો.

નંદનની કાર્યક્ષમતા ઘટતી હું જોઈ શક્યો. વ્યાખ્યાન તૈયાર કરવાની તેની ધગશ, વિદ્યાર્થીઓની ઇતર પ્રવૃત્તિઓમાં ગળાડૂબ રહેવાની તેની હોંશ વધુ ને વધુ ઘટતી ગઈ.

હું સહાનુભૂતિ આપતો તો તે કહેતો, 'સાહેબ, હવે મને થાય છે કે આ નોકરી છોડી હું બીજે જતો રહું. હું આ વ્યવસાયમાં મારી જાતને મોટો અન્યાય કરી રહ્યો છું તેવું મને સતત લાગ્યા કરે છે.'

ચિત્રાનો પણ મારી ઉપર પત્ર આવેલો, 'આમ હવે શાંતિ છે, પણ આવી શાંતિ સુખદ ખરી ? આપની સલાહ હવે ગળે ઊતરી છે, ઑફિસમાં, કુટુંબમાં, બનતા બનાવોમાં હું શક્ય તેટલી વધુ ને વધુ સમાધાનકારી બનતી જાઉં છું.'

થોડા મહિનાઓ પછી ઉત્સાહભેર આવી નંદને મને તેની ઉપર આવેલો ચિત્રાનો પત્ર વંચાવ્યો : 'તને જાણીને આનંદ થશે કે માનસને એકડો લખતાં આવડી ગયો છે.'

મેં ઉમળકાથી નંદનને કહ્યું : 'તું તેને જવાબ લખજે.'

'સાહેબ, લખી નાખ્યો છે' અને પોતે લખેલો પત્ર મને વાંચવા આપ્યો.

'ચિત્રા,

માનસને બગડો આપણે બન્ને સાથે ઘૂંટાવીએ તો ?' ❐

આથમતાં અજવાળાં - ૪

# મહોલ્લો

ભગીરથ બ્રહ્મભટ્ટ

'મહોલ્લો' આમ તો અરબી શબ્દ છે. કેટલાક મહેલ્લો પણ બોલે છે. આ શબ્દ ચલણી થયા પૂર્વે આપણા સમાજમાં વાડો, વાસ અને ફળિયું શબ્દોનું ચલણ હતું. આજેય એ શબ્દો વપરાય છે પણ 'મહોલ્લો' શબ્દ વધારે પરિચયમાં છે. દલપતરામની કવિતામાં બ્રાહ્મણવાડો, નાગરવાડો જેવા જે પ્રયોગો થયા છે, શહેરમાં વાણિયાપોળ, બ્રાહ્મણપોળ જેવા શબ્દોય પ્રચલિત છે, ગામડામાં રાવળવાસ, બ્રાહ્મણવાસ અને પટેલફળિયું ને વચલું ફળિયું જેવા શબ્દો સાંભળવા મળે છે તે તમામના પર્યાયમાં બેસી શકે એવો એક શબ્દ 'મહોલ્લો' છે. 'મહોલ્લા' દ્વારા અભિપ્રેત સમાજની ઓળખ કરવા જેવી છે.

'મહોલ્લો' એ જાતિવાચક સંજ્ઞા છે, એની ભીતરમાં વસનારા માણસો-વ્યક્તિઓ નોખા નોખા હોય છે. ખુલ્લા સમાજની ઓળખ આપતો મહોલ્લો આમ તો ઉઘાડો છે. એને કોઈ આવરણ નથી. કેટલીક અગવડો વચ્ચે સામૂહિક જીવનનો સ્વાદ મહોલ્લામાંથી મળે છે. આજે તો ગામડામાં પણ મહોલ્લાના માણસો 'ફ્લેટ' જેવું જીવતાં થઈ ગયાં ! પછી મહોલ્લાની મોકળાશ ક્યાં શોધવી ?

મહોલ્લાને ભૌમિતિક ઓળખ હોય છે. ડાબે-જમણે, આગળ-પાછળ નિશાનીઓ હોય છે. આકારની દૃષ્ટિએ ગમે તેવી સંકડાશવાળો જણાતો મહોલ્લો પ્રકૃતિએ મોકળાશવાળો છે. એના અસ્તિત્વમાં વિશિષ્ટ એકમનું જનપદ ધબકે છે. એક પ્રકારનો સંવાદ, એક પ્રકારનું વિશિષ્ટ પ્રતિનિધિત્વ એ એની ઓળખ છે. સામાન્ય રીતે મકાનોની બે હરોળ વચ્ચેની ખુલ્લી જગાને આપણે મહોલ્લા તરીકે ઓળખીએ છીએ એટલું જ નહિ, મહોલ્લામાં ઉભય હરોળનાં મકાનો, મકાનોમાં નિવાસનું જનપદ, સાધનસામગ્રી, ખુલ્લી જગ્યા બધું જ 'મહોલ્લા' શબ્દની અર્થવ્યાપ્તિમાં સમાવિષ્ટ છે. કોઈ પૂછે ક્યા પટેલ ? 'વચલા મહોલ્લાવાળા', એ જવાબમાં જ મહોલ્લાનું એક મૂલ્ય છે. સામાજિક ઓળખ છે. 'મહોલ્લો' શબ્દ કેટકેટલાં વિશેષણો ધારણ કરી શકે છે, ઈશ્વરની જેમ ! બ્રાહ્મણનો મહોલ્લો, વાડીવાળો મહોલ્લો. મહોલ્લોમાં ફ્લેટની જેમ કોઈ કોઈને ઓળખે એવું નહિ. અલબત્ત, બધાં જ બધાંને ઓળખે. કશી અપરિચિતતા જ નહિ. પરિચિતતા જ પરિચિતતા એટલે મહોલ્લો ! મહેમાન પણ જાણે સમુદાયના. મહોલ્લો જ યજમાન ! તમારે ત્યાં જો કોઈ આવ્યું હોય તો આખો મહોલ્લો જાણે. કોઈની બહેન-દીકરીના સંબંધની વાત, બહેન-દીકરી જાણે તે પહેલાં મહોલ્લો જાણી જતો. આ પરિચયો ઉપલક કે ઉભડક નહોતા. એમાં એકમેકને દીપાવવાની ભાવના હતી. પડખે ઊભા રહેવાની પ્રતિજ્ઞા હતી. તમારા ઘરમાં કઢી થઈ હોય તો મહોલ્લાને ખબર પડી જતી. લોટ ખૂટે કે ખાંડ ખૂટે, મહોલ્લામાં વાડકી લઈને નીકળ્યે કામ પતી જ જાય. છોકરું રોટલા વગર ચા ન પીતું હોય, ઘરમાં રોટલો ખલાસ થઈ ગયો હોય તો મહોલ્લામાંથી કોઈનેય ત્યાંથી બટકુ માગી લવાય, છોકરાને અપાય, છોકરું મનાઈ જતું. બાજુવાળાને ત્યાંથી મરચું-મીઠું મંગાતું, એક જણ શાક કરે ને એકને ત્યાં રોટલા થાય તો પણ ચાલતું. દીવાસળીય મંગાય ને દેવતાય મંગાય. મહોલ્લાના ગમે તે છોકરાને કામ સોંપાય, ધક્કો ખવરાવાય હકથી કામ કરાવાય. ભાથું આપવા, દુકાને હટાણું લેવા, દળાવવા, બળતણ લેવા, ભેંસ પાવા ગમે તેને કહેવાય. છોકરાંય ચીવટથી કામ કરે એ મહોલ્લામાં !

એક વાર મારે ત્યાં મારી બહેનનાં સાસરિયાં આવેલાં. વાડકી ખાંડ મહોલ્લામાંથી હું દોડીને લઈ આવ્યો છું. કોઈ સારી વાનગી બની હોય તો પડોશીઓને પહોંચાડાય. એ વ્યવહારોમાં સાચો સંબંધ હતો, નિર્દોષતા હતી. ચૂલો ચેતવવા દેવતાય નળિયામાં લઈ જવાતો — કોઈ ના ન પાડતું. વધારે મહેમાન આવ્યા હોય તો મહોલ્લામાં ગમે તેને ત્યાં ઉતારો કરી લેતા. નહાતા, ધોતા, સૂતા. મહોલ્લાવાળા એમાં જ એમની ફરજ સમજતા. આજે તો 'હું કોણ, તું કોણ ?' 'મારે શું ?' 'તારે શું ?'નો વ્યવહાર થઈ ગયો છે. મહોલ્લાની મોકળાશ હવે જોવા જ ક્યાં મળે છે ? તમારું ઘર બંધ હોય અને તમે જઈ ચઢ્યા હો તો મહોલ્લામાં ગમે તેનું ઘર તમારું સમજી શકાતું. કોઈ એક ભાઈની ખુલ્લી જમીન, જરૂરિયાતવાળા છૂટથી વાપરતા. ઝાડ-ઝરડું નાખતા, ભેંસો બાંધતા. એમાં રજા લેવાની પણ ન હોય. આજે તો જો કોઈની માલિકીની જગામાં પગ મૂક્યો હોય તો ? મહોલ્લામાં કોઈની સાથે વાંકુંય પડતું, પાણી ઢળવાથી શરૂ કરી ખાંડ પાછી નહિ આપી સુધીના અને લગનથી મરણ સુધીના પ્રસંગોમાં આવ્યા — નહિ આવ્યાના બોલચાલના ઝઘડાઓ પણ થાય પણ થોડા સમયના અબોલા પછી એ બધી ઘટનાઓ શમી જતી. આજે એટલી ઉદારતા ક્યાં જોવા મળે છે ? છોકરાંઓ ભેગાં રમે. માબાપને અબોલા હોય બીજા એક છોકરાનાં માબાપ સાથે, છતાં છોકરાં સાથે રમે. એમને તો રમતની મોસમ. લખોટી, પત્તા, ગિલ્લી-દંડા, ભમરડો એ એમની ભાઈબંધી વધારે, પ્રગાઢ બનાવે. કોઈ પતિ પત્નીને ઝઘડો થયો હોય તો એના અવાજો દીવાલો ઓળંગીને મહોલ્લાના ચોક વચ્ચે આવતા, કોઈનુંય કશું અંગત રહેતું નહિ, બિનંગત જાણે ! પોતાનું જીવન પણ બિનંગત ! અત્યારે તો આપણે 'પ્રાઈવસી'ના ભદ્ર પુરુષો થઈ ગયા છીએ. સામૂહિક જીવનનો અમૂલ્ય અનુભવ મેળવવા માટે અંગત જીવનને હોમવું પડે છે. મહોલ્લામાં કોઈ પત્નીને અસલામતીની બીક નથી લાગતી, નિરાધારપણું નથી અનુભવતી. સુખનો પ્રસંગ હોય કે દુઃખનો બધા એકસાથે મળીને ઉકેલે, એ પ્રસંગમાં સૌ ભળે. સૌ સાથે મળી એની જવાબદારીઓ વહન કરે. મહોલ્લાના કૂતરાને બીજા કોઈ મહોલ્લાનાં કૂતરાં મારવા આવે, તો મહોલ્લાના માણસો એક થઈ જાય. એમને સામૂહિક જવબાદારીનો ગર્વ કરતાં મેં જોયાં છે. કોઈનેય ત્યાં સારોને માઠો પ્રસંગ હોય તો માલિક કરતાં, મહોલ્લાવાળાઓની જવાબદારી સવિશેષ બની જતી. સારા પ્રસંગે

રસોઈ બનાવવાથી શરૂ કરી, પિરસણ, વાસણ ભેગાં કરવાં, મુહૂર્ત સાચવવાં, વસવાયાં બોલાવવાં, ગોળ વહેંચવો આ બધી પ્રણાલિઓ મહોલ્લાના અનુભવીઓ સાચવી લેતા અને મૂળ માલિક જવાબદારી સોંપી નિરાંત અનુભવતા.

મને ખબર છે કે અમારા મહોલ્લામાં કોઈ જુવાન કે કોઈ વૃદ્ધ મૃત્યુ પામે તો, મહોલ્લાનાં બધાં માણસો એકઠાં થઈ જતાં. નનામી તૈયાર કરવાની હોય તો મહોલ્લાના લોકો જ બધી ચીજવસ્તુઓ લઈ આવે. મહોલ્લાવાળા જ એકેક કરીને લાકડાંય પોતપોતાને ત્યાંથી સ્મશાને પહોંચાડે અને નનામી લઈ સાથે જાય. એ મડું બાળ્યા પછીય એના સ્વજનોને સાથ આપે, સહકાર આપે.

મહોલ્લાની હદમાંની વ્યક્તિઓ અને વસ્તુઓ પછી તો મહોલ્લાથી ઓળખવા લાગે છે. મહોલ્લાની માટી માયાળુ અને હવા હૂંફાળી. તમારા આંગણામાં સંકડાશ હોય તો તમે મહોલ્લા વચ્ચે વાસણ ઊટકી શકો. પ્રસંગ-ટાણે પંગત પાડી શકો. શિયાળામાં તાપણાં કરી તાપી શકો. મહોલ્લા વચ્ચે ટપાલી બૂમ મારે 'ગંગાબેન મગનલાલ': એટલે આખા મહોલ્લાના રહીશોને ખબર પડે કે ગંગાબાને ત્યાં કાગળ આવ્યો, બપોરના બે થયા. મહોલ્લામાં ગાડાં છૂટે. મહોલ્લામાં જ ફેરિયાઓ હાટડી માંડે. વાસણવાળો કોથળો ઉતારે અને શાકવાળી ઓચિયું-ટોપલી. ક્યાંક કૂતરું ઊંઘતું હોય તો ક્યાક કાંઈક ભેંસ-બળદ. મહોલ્લામાં જ ભરઉનાળે બાજરી તપે. ખાટલા નાખ્યા હોય, ધોકાથી ખાટલા ખખડાવાય, માંકણ નીકળી જાય. મહોલ્લો એના રહીશોની રજેરજ ખબર લેતો. માગણ આવે તો પણ આખો મહોલ્લો યજમાન ! લોકો ખેતરમાં ચાલ્યાં જાય ત્યારે ઘરડાં માણસો અને છકોરાંથી મહોલ્લો મલકાય. શ્રાવણ મહિનામાં રાત્રે મહોલ્લામાં ભજનો થાય, કથાવાર્તા થાય, આખ્યાનો વંચાય. ગઢવી આવ્યા હોય કે કોઈના ત્યાં મહેમાન, મહોલ્લો આખો સરભરામાં તૈયાર. મહોલ્લામાં કોઈનાય ત્યાં સારો પ્રસંગ હોય તો મહોલ્લો આખો ચોખ્ખો ચણાક થઈ જાય. મહોલ્લા વચ્ચે એકાદ બે ઝાડ પણ સ્વજન જેટલી આત્મીયતાથી ઊભાં હોય !

મહોલ્લામાં વૈયક્તિકતા કરતાં સામૂહિકતાની જ મજા ઝાઝી. કૂતરાં માટેની ચાટકુંડી એક, ન્હાવા ધોવાનો પથરો એક, મહોલ્લાના ક્યારેક દેવ એક; નાપી, કુંભાર, બ્રાહ્મણ, હરિજન, રેડિયો બધું એક જ મહોલ્લામાં આમ ઘણુંખરું 'કૉમન' હોય છે. મહોલ્લામાં ગોર્યમાનું વ્રત કરતી ગૌરીઓ, શીતળામાની પૂજા કરતી બહેનો, નાગ પૂજતી માતાઓ એક જગાએ મહોલ્લા વચ્ચે જ માટીની મૂર્તિ બનાવે છે અને પૂજાઅર્ચન કરે છે. મહોલ્લામાં વહેંચાતો પ્રસાદ એ કુલેર હોય, ગોળ હોય, ટોઠા હોય, પતાસાં કે ખાંડ હોય, અથવા કોઈને ત્યાં સત્યનારાયણની કથા હોય તો સાંભળવાવાળા શ્રાવકો મહોલ્લા વચ્ચે બેઠા હોય, ત્યાં શીરાનો પ્રસાદ આરોગે. ભાઈ, મહોલ્લાના પ્રસાદની તોલે શહેરનું ફરસાણ ક્યારેય આવી શકે ખરું ? મહોલ્લાનાં મોટા થયેલાં બાળકો અને 'ફ્લૅટ'માં ઉછરેલાં બાળકો વચ્ચે જે તફાવત હોય છે એમાં આપણી સંસ્કૃતિથી મૂળથી છૂટા પડી ગયાંનો ખ્યાલ આવે છે, પ્રતીતિ થાય છે. સ્પર્ધાઓ અને અદેખાઈઓ મહોલ્લામાં નથી હોતાં એવું નથી, અનુકરણો અને આપવડાઈઓ ત્યાં પણ હોય છે, પણ મહોલ્લાનો માણસ સંઘર્ષોમાંથી માર્ગ કાઢી 'જીવી' જાય છે; જ્યારે શહેરનો માણસ યંત્રણા અને ભીંસમાં જબ્બર યાતના ભોગવે છે, પિડાય છે.

વરસતા વરસાદમાં નાગાંપૂગાં દોડતાં બાળકો તમને મહોલ્લામાં જોવા મળે, શહેરની પોળમાં કે ફ્લૅટમાં નહિ. નાત બેસે ફળિયામાં, ચર્ચા ચાલે ફળિયામાં, ફુલેકું નીકળે ફળિયામાં, વરઘોડો ચઢે ફળિયામાં. ફળિયાએ ઘણી પેઢીઓ જોઈ છે. ફળિયું-મહોલ્લો એનાં એ છે ને બદલાતાં રહે છે એનાં રહીશો. ફળિયું-મહોલ્લો ક્યાંય જતાં નથી, એ તો ભિષ્મપિતાની જેમ જોઈ રહે છે ભાઈઓ વચ્ચેના ઝઘડા અને પ્રેમ !

મહોલ્લાની મર્યાદામાં જે માયા બંધાય છે, જે મમતા પાંગરે છે એ અમર્યાદ હોય છે. કોઈ એક દીકરી સાસરે જતી હોય ત્યારે આખા ફળિયાની આંખોમાં આંસુ હોય છે ! એમનેમ કંઈ અનિલ જોશીએ લખ્યું હશે ?—

સમી સાંજનો ઢોલ ઢબૂકતો
જાન ઊઘલતી મહાલે
કેસરિયાળો સાફો ઘરનું
ફળિયું લઈને ચાલે. □



## સંમુખ સાગરમઠ-૧૯

# સરસ સાંજ, અને પછી–

—— પ્રીતિ સેનગુપ્તા ——

તાશિલ્હુમ્પો જોઈ-કરીને સાનંદ બહાર નીકળ્યાં ત્યાં સુધીમાં આકાશ ઘણું ઘેરાયેલું થઈ ગયેલું. પણ એમ કાંઈ તિબેટમાં વરસાદ પડી જાય ખરો ? વાદળાંને કારણે સૂર્યના તેજથી રાહત રહી, તે જ. વળી, સાંજ બહુ સરસ થઈ ગઈ હતી. શિગાત્સેમાં તો કશું એવું નહોતું કે જે સરસ સાંજે વધારે સુંદર લાગવા માંડે. પણ આસપાસના પ્રાકૃતિક પરિસરમાં એ સંધ્યાના નિખારની અસર પડી હશે એવું અનુમાન કરીને મેં સંતોષ માણ્યો.

દિવસ આખો સારો ગયો હતો. નહોતી ગરમી, નહોતી ઠંડી સૂસવાટા મારતો પવન પણ નહીં, ને તેથી ઘણો આરામદાયક રહ્યો હતો દિવસ. જમવાનો સમય થતાં ફરી નાનું, સ્થાનિક આહારગૃહ શોધી કાઢ્યું હતું. મેં નોંધ્યું હતું કે ઘણી આવી સ્થાનિક રેસ્તુરાં, તેમજ દુકાનોની બહાર સ્પીકર ગોઠવ્યાં હતાં. એમાંથી પછી જોરજોરથી વાગતું સંગીત સંભળાતું હોય. માલિકોનો ઇરાદો લોકોને આકર્ષવાનો હશે. પણ આપણને તો એ ઘોંઘાટ લાગે. ને દૂર ભગાડે !

પસંદ કરેલી એ રેસ્તુરાંમાં અમે છ જ જણ હતાં. આશરે જ અમે તો એમાં જઈ ચડેલાં. સદ્‌ભાગ્યે એ પસંદગી બધી રીતે બહુ સારી નીકળી. જગ્યા નાની, પણ ચોખ્ખી હતી. યુવાન દંપતીની એ જીવાદોરી હતી. અમે ગયાં કે તરત યુવક રસોઈ બનાવવાના કામમાં લાગી ગયો. ચીની ખાણાની આ વિશેષતા છે. કે જમવાના સમયે જ ભોજન બનાવવામાં આવે. એકદમ તાજું જ ખાવા મળે. મેં નિરામિષ માગેલું. પત્ની તરત સાઈકલ પર બેસીને માર્કેટ ચાલી ગઈ. ફટાફટ તાજાં લીલાં 'સિમલા મિર્ચ' ખરીદી લાવી. પછી વળી બાજુની દુકાનમાં ગઈ, ને કશુંક બીજું લઈ આવી. જે બન્યું તે બધું ખાવાનું ગરમ ગરમ ને સ્વાદિષ્ટ હતું.

હતો તો એમની પાસે એક જ સ્ટવ, ને ઉપરાંત, એક જ હતી 'વૉક' (Wok) કહેવાતી મોટી ચીની તાવડી. એક ચીજ બનાવે, ખાલી કરે. પછી બીજી બનાવે. બહુ લાંબું રાંધવાનું ના હોય. ચીની ભોજન-શૈલીમાં સાંતળવાનો રિવાજ વધારે. મારે માટે છીણેલા, સાંતળેલા બટાકા હતા. સ્વાદમાં અફલાતુન. બીજું લીલી ચોળીનું શાક હતું, ને તે પણ એવું જ. સાથે સાદો સફેદ ભાત હોય. બસ, ભોજનનું બધું આવી ગયું ગણાય !

પરિણીત એ યુવાન યુગ્મ 'હાન' ચીની હતાં. સરકારે એમને છેક આટલે દૂર. તિબેટના આ શહેરમાં, વસાવ્યાં હશે. એને માટે પણ પૈસા રળવાની, સુખી જીવન જીવવાની તક ખોટી નહીં જ હોય. બંને કાંઈ જ અંગ્રેજી બોલી ના શકે. થોડું સમજતાં હશે. પણ સરસ હસમુખાં. છ વિદેશીઓને ખવડાવવાનો લ્હાવો મળ્યો હતો ને પાછો !

મારી સાથે એ વખતે બે અમેરિકન અને એક ઑસ્ટ્રેલિયન પુરુષો હતા, ને બે સ્વિસ સ્ત્રીઓ હતી. એમાંની એક મારી પાછળ પાછળ ફરવા લાગેલી. હું જ્યાં જમવા જાઉં ત્યાં એ પણ આવે, ને



સારા કપડાંમાં સહજ નિશ્ચિંત બાળક

હું જે મંગાવું તે એ પણ મંગાવે. એને કાંઈ એવો વિશ્વાસ બેસી ગયો હતો કે મારી પસંદગી સારી અને સમજણપૂર્વકની રહેતી હતી. વળી, શાકાહારી ખોરાક એને વધારે સારો, અને ઓછા જોખમવાળાં લાગવા માંડ્યાં હતાં: તે પણ મને જોતાં જોતાં. ને મારી વાતો સાંભળીને! એણે એ દિવસે બટાકા, આથેલી ચોળી ને ભાત જ ખાધેલાં, ને બહુ ભાવેલાં.

અમે જમવાનું જેવું પૂરું કર્યું કે તરત જ એક છોકરો હાથમાં ખાલી વાડકો લઈને અંદર આવ્યો. અમને દેખાયો નહોતો. કે નજ્યાં નહતો પણ ક્યાંકથી, કોઈ રીતે એણે અમારા પર નજર રાખી હશે. પૈસા આપીને અમે ઊઠ્યાં એટલામાં એ દંપતી એને વધેલું ખાવાનું આપવા લાગી ગયું હતું. કેટલી સરસ પ્રથા ! કોઈને ભીખ માગવાની શરમ ભોગવવી ના પડે, કોઈ કોઈને હડધૂત ના કરે, કશું ખાવાનું ફેંકવામાં ના જાય, ને ફાયદો બંને બાજુનાંને – એકનું પેટ ભરાય, તો બીજાંને આપ્યાનું પુણ્ય પણ મળવાનું જ ને !

સવારે નીકળવાના સમયે બધાં પોતપોતાના રૂમમાંથી નીકળી, નીચે આવી, કોમ્પાઉન્ડમાં ઊભેલી બસ તરફ ગયાં. ચઢી જ ગયાં હતાં, એમ કહેવાય. ત્યાં હોટેલનો માણસ દોડતો આવ્યો. ને પેલાં બે સ્વિસ 'બહેનો'ને રિસેપ્શન ડેસ્ક પર લઈ ગયો. એમને કહેવામાં આવ્યું કે પ્લાસ્ટિકનું એક હેન્ગર તોડવા માટે પાંચ યુઆન આપવા પડશે. એમણે એ હેન્ગર વાપર્યું જ નહોતું. પણ એ પહેલેથી જ તૂટેલું હતું તે સાબિત કઈ રીતે કરવું ? સમજાવ્યું, દલીલો કરી, પણ ચીની વ્યવસ્થાપકોએ મચક આપી નહીં. પૈસા ભરવા જ પડ્યા. એમ તો દંડ બહુ મોટો નહતો, પણ ખોટી રીતે પૈસા ભરવા. કે ગુનેગાર ઠરવું કોને ગમે ?

બસમાં અમે આ વિષે ચર્ચા કરીને એ મંતવ્ય પર આવ્યાં કે તિબેટમાં પ્રવાસ કરતાં વિદેશી મુસાફરોએ દરેક રૂમને દાખલ થતાંની સાથે બરાબર જોઈ ને તપાસી લેવો જોઈએ.

નહીં ગામ, ને નહીં શહેર એવી સાધારણ, ને ઉદાસ જેવી જગ્યા છોડતાં થોડાં પાકાં મકાન જોયાં. ઑફિસો માટેનાં હશે,




ખેતરોમાં કામ કરતી તિબેટની સ્ત્રીઓ

એવું લાગ્યું. બાકીનાં ઈંટ ને માટીનાં. તિબેટી શૈલીનાં ઘર હતાં. એકમેકનાં અડોઅડ. કેટલાક ચાર રસ્તે મોટાં મોટાં પાટિયાં લગાવેલ હતાં. એમાં ચિત્રો દ્વારા પ્રજાને સંદેશ અપાયેલા હતા. દરેકમાં એક એક ચીની પોલીસ-ઑફિસર હતા : કડક ઈસ્ત્રીવાળા ગણવેશ, મોઢા પર નરમાશ. પ્રજાને મદદરૂપ થતા હોય તેવા. દા.ત. એક ચિત્રમાં એ હસીને ટ્રાફિક ચીંધતો હતો. બીજામાં શાળાનાં છોકરાંને કશું શીખવાડતો હતો. તો ત્રીજામાં એક યુવકનો એ મિત્ર બનવા જતો હતો. પ્રચારાત્મક ચિત્રો તો મૂક્યાં. પણ તેથી વાસ્તવિકતા એવી સરળ નથી બની જતી.' તે કોણ નથી જાણતું ? ચીની સરકારની નીતિ તિબેટ. તેમજ તિબેટીઓ. માટે સહાનુભૂતિની નથી બલકે શાસનની છે. તે જગજાહેર વાત છે.

ઝંખવાયેલા જેવું શિગાત્સે શહેર છોડ્યા પછી થોડી જ મિનિટોમાં રાજ-પાટ પર્વતોનું થઈ ગયું. ચોતરફ પર્વતો સતત સાથે, અતૂટ પંક્તિ ને સવારના હજી નિર્બળ એવા તેજમાં સૂકા કથ્થાઈ જેવા લાગતા. એમના ઊંચા. આઘા પરિઘવાળા વર્તુળની વચ્ચેના સપાટ મેદાનમાં થઈને રસ્તો જતો હતો. તે ય ઊછળતો, ને ઉછાળતો ! ક્યારેક વળી કોઈ જળવિયુક્ત નદીના સૂકા પટમાં થતો જાય. ક્યાંક નાનકડી વસાહતો આવે. દસબાર વાડા, ને એટલાં જ ઘર હોય. એ તો સાવ સાદાં હોય. તદ્દન માટીની બનેલી. માટીના જ રંગની દીવાલો. કાળા ને ગેરુ રંગના પટાની શોભા નહીં. બારીઓનાં બાકોરાં નહીં. તો પછી ફૂલ ઊગાડેલાં કૂંડાં પણ ક્યાંથી હોય !

બધું પરિસરના સૂકા. નિસ્તેજ રંગમાં ભળી જાય, પર્વતીય પ્રકૃતિની અમાપ વિસ્તૃતિમાં સાવ ખોવાઈ જાય. કેવી એકલવાયી, દયામણી ઉપસ્થિતિ. આ પ્રદેશની પ્રજા સાવ ગરીબ છે. કાળી મજૂરી કરીને પેટિયું કાઢનારી છે. અત્યાર સુધી જોયું એના કરતાં ઘણું વધારે શુષ્ક. અને કથ્થાઈ છે અહીં બધે. એક વાર દૂર એક નાની અમથી વસાહત દેખાઈ હતી. ત્યાં વળી થોડાંક એવાં ઝાડ હતાં— જાણે રણદ્વીપ ! આ સિવાય હરિત-જીવંત કશું નહીં. હતા ફક્ત ઘસાઈ-ખવાઈ ગયેલા ઢોળાવો. અદૃશ્ય પ્રવાહના લિસોટા, શ્રમપૂર્વક ઊંચો ચડતો રસ્તો. ઊંચા ઊંચા, ને એથી યે ઊંચા, અજાણ્યા. અનામી પહાડો તો દૃષ્ટિગત રહેલા જ હતા.

અમે એકદમ પશ્ચિમે જતાં હતાં. સૂર્ય હતો અમારી પીઠે. એમ જતાં. કેટલીક વાર દૃશ્યપટ બદલાયો. પહાડો તો રહ્યા એવા જ સૂકા ને બરડ. પણ હરિયાળીનો હરખ વસ્યો વસુંધરાને ઉરે. પછી તો ઘણા માઈલો સુધી ચાલ્યાં ખેતરો. ઘઉંનો લહેરાતો પાક. રાઈનાં આનંદ-પીત ફૂલ. ઑલિવ વૃક્ષની જેમ ઝીણાં પાનવાળાં ઝાડ. આ પરિસરમાં



શિગાત્સે શહેરમાં જોવા મળતું ચીની સરકારનું પ્રચારાત્મક જાહેર-ચિત્ર (**bill-board**)

વસેલી વસાહતો પણ શોભાવાળી લાગે. જોઈને મારું મન સંતોષાય.

એવા એક ગામનાં વીસ-બાવીસ જેટલાં સ્ત્રી-પુરુષો કામે નીકળ્યાં હતાં. ખેતરમાં થઈને લાઈનસર ચાલતાં હતાં. આખો દિવસ ખેતરમાં વીતાવવાનાં. ખભે બટકુંક રોટલો ને ચ્હાના પાણીની થરમોસ, મૂકેલી થેલી. વળી પાવડા, કોદાળી, છાબડા પણ ખભે ને માથે ટેકવેલાં. એમને જોઈને મનમાં થાય કે આવું જ હોવું જોઈએ સર્વ-જનનું જીવન – શ્રમસિદ્ધ. પણ સુખી.

સારા એવા પાણીવાળી એક અનપેક્ષિત નદી જોઈને આશ્ચર્ય થયું, ને આનંદ પણ. માંડ ક્યાંક પાણી દેખાયું; નહીં તો મેદાન આખું નદીના પટ જેવું લાગતું હોય. બરફ ઓગળે ત્યારે કદાચ એ આખું જ નદીનો પટ બનતું પણ હોય, કારણ કે એ સમયે જ્યાં, ત્યાં ને સર્વત્રથી પાણી વહી નીકળતું હોય. એ સમયે રસ્તો કાદવિયો થાય. પછી એ જ વહેતા પાણીને કારણે ઘસાઈ ને ખવાઈ જાય. ત્યારે તો એના ખાડાઓને તારવીને, પથરા પર થઈને, ખૂબ સાચવીને, ધીમે ધીમે જવાનું. અમારી બસના આગલા એક પૈડામાં થોડો કાપો તો પડી જ ગયો હતો. અમે બધાંએ એ જોયો હતો. ખ્યાલ નથી સૌથી પહેલાં કોની નજર પડી હતી એના પર. અમે બધાંએ પછી ચર્ચા કરેલી. બધાં એકમત થયેલાં કે. 'એનો તો વાંધો ના આવવો જોઈએ. કારણ કે એમ તો પૈડું છે ખૂબ મોટું, અને ખૂબ જાડું.'

બે-અઢી કલાક એમ વીત્યા પછી છેવટે પાકો રસ્તો મળ્યો. ત્યાં માટી મરૂન જેવી હતી. છીછરાં કાદવિયાં ખાબોચિયાંમાંનું ચાંગળું પાણી પણ લાલ લાલ દેખાતું હતું. શું કામમાં આવવાનું એવું પાણી ?


અમે ચાલ્યે જતાં હતાં, ને પ્રકૃતિ જાણે વિચાર બદલતી રહેતી હતી. વારાફરતી ઉજ્જડ ને રેતાળ, અથવા ફળદ્રુપ ને હરિયાળું એવું દૃશ્ય નજરે પડતું રહેલું. ક્યારેક વળી વસાહતો હોય. ત્યાં થોડાંક ઝાડ હોય, નહીં તો એક્કે ઝાડ ક્યાંય ના દેખાય. પહાડો તો અગણ્ય, ને અવિરત, ને બધા જ તદ્દન બોડા. એ તો પથ્થરોથી ઘડાયેલા હશે. પણ જમીન તો સાવ રેતાળ, ને ઉપરછલ્લી. ટૂંકાં ઘાસ સિવાય કશું એમાં પકડ પામી શકે એમ જ નથી. શિયાળો લાંબો. વસંત આવતાં બરફ ઓગળીને થતાં ઠંડાં પાણીનો ઘસારો, ને ઉનાળો તો કેટલો ટૂંકો ! તિબેટની સમગ્ર ધરતી પર ઋતુઓની કેવી પકડ છે. તે પળે પળે જોવા મળતું હતું. આંખોમાં સાક્ષીભાવ હતો. અને હૃદય વારાફરતી વ્યગ્રતા અને વિશ્રાંતિનાં સંવેદન અનુભવ્યા કરતું હતું.

# ગુજરાતની કાષ્ઠકલા


ડૉ. નરોત્તમ વાળંદ

કાષ્ઠસ્થાપત્યની કલા સદીઓ જૂની છે. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના કાષ્ઠમંડિત મહાલયની વિદેશી એલચી મેગેસ્થિનિસે નોંધ લીધી છે. બૌદ્ધકાળમાં શૈલો, ચૈત્યો અને વિહારો કાષ્ઠના બનતા એવા ઉલ્લેખો મળી આવે છે. મધ્યકાલીન ભારતના અવંતી (માળવા) પ્રદેશની રાજધાની ધારાનગરીના વિદ્વાન રાજા ભોજદેવે 'સમરાંગણ સૂત્રધાર' નામે વાસ્તુવિદ્યાનો અજોડ ગ્રંથ રચ્યો હતો. તેમાં કાષ્ઠસ્થાપત્યનું કેટલુંક ઉપયોગી વિવેચન છે. તે પછી થઈ ગયેલા પરમાર રાજા ઉદયાદિત્યના સમયમાં નકુલ શિલ્પીના પુત્ર મલ્લે 'પ્રમાણ મંજરી' નામે કાષ્ઠવાસ્તુ પ્રથા પર પ્રકાશ ફેંકતું પુસ્તક રચ્યું હતું. આ બતાવે છે કે મધ્યકાળમાં કાષ્ઠકલા સારી વિકસી હતી.

કાષ્ઠકલા વર્ષોથી ગુજરાતી જીવન સાથે સંકળાયેલી છે. ગુજરાત ઉષ્ણ કટિબંધમાં આવેલો પ્રદેશ છે, એટલે પહેલાંના સમયમાં લાકડાનાં મકાનો રહેવા માટે વિશેષ સગવડરૂપ ગણાતાં. પથ્થર કરતાં લાકડું પોચું હોવાથી તેના પર કોતરકામ સહેલાઈથી થઈ શકે છે. એ એનો વિશેષ લાભ છે. એથી એ જાતનાં મકાનો સુરુચિપૂર્ણ કોતરણીથી સમૃદ્ધ બનતાં. લાકડાની ચોકી (ચોકઠા) પર તૈયાર થયેલાં એ મકાનો ધરતીકંપ અને વાવાઝોડા જેવી કુદરતી આફતો સામે રક્ષણ આપતાં. વળી, ઉનાળાની પ્રચંડ ગરમીથી પણ બચાવ કરતાં. હવેલીઓના ગોખ અને છજાં, બારીબારણાં અને બારસાખો, થાંભલા અને મદલ, તેમજ દરવાજા અને કમાનોના કાષ્ઠશિલ્પની કોતરણીમાં ગુજરાતના સુથારો સોનીકામની પણ સ્પર્ધા કરે એવી કમનીયતા કાષ્ઠકોતરણીમાં ઉતારતા. કોતરણી વગરનું લાકડું ઈમારતમાં



પાટણના એક જૈન દેરાસરમાંના લાકડાની કોતરણીવાળાં ખૂણાં



બારીક કોતરકામવાળાં બસો વર્ષ જૂનાં ઝરૂખાં (ખંભાત)

વાપરવું એ અપશુકનિયાળ ગણાતું. મકાનની ઈમારતને ટેકવવા માટેના સ્તંભો, એના પર ગોઠવેલાં શરાં (શીર્ષ), મકાનની ડેલી ઉપર કરેલો માઢ, તેમાં કાષ્ઠના ઘોડા (મદલ = ટેકા)થી ગોઠવેલો કલાત્મક ઝરૂખો – એ બધું કોતરણીથી ભરપૂર રહેતું. ઓસરીમાં વરસાદનું પાણી આવતું અટકાવવા માટે સ્તંભોના અગ્રભાગમાં મદલો કાઢી તેના પર છજું ગોઠવવામાં આવતું. આ મદલમાં કાષ્ઠકલાની શોભાસમૃદ્ધિની પરાકાષ્ઠા દેખાતી. એને મત્તમયૂરનો, નમણી ડોકવાળા રાજહંસનો કે વળાંક ચરણવાળા અશ્વનો આકાર અપાતો. મકાનના અંદરના ખંડોમાં હવા-ઉજાસ માટે લાકડાની નકશીદાર જાળીઓ મુકાતી. બારણાં અને બારીઓ તો, સોનીનું ટાંકણું જ કરી શકે એવી સૂક્ષ્મ કોતરણીથી ખીચોખીચ ભરેલાં રહેતાં. ફૂલવેલ, પંખીઓ, પશુઓ અને ભૂમિતિની વિવિધ આકૃતિઓથી તે શોભતાં હતાં.


ઘરની ભીંતોના મધ્ય ભાગે પણ, મંદિરોના કોતરેલા કંદોરાની ઢબે, લાકડાના કોતરેલા કંદોરા મૂકવામાં આવતા. છત તથા છાપરાની પાંખો સુંદર કારીગરીથી ભરી દેવાતી. પ્રાદેશિક આબોહવાને અનુકૂળ એવાં આ મકાનો આરોગ્ય અને સૌંદર્યશસાસ્ત્રની દૃષ્ટિએ રચાતાં. ઘરવપરાશનાં સાધનોમાં પણ મોટે ભાગે લાકડું વપરાતું. કોઠી, કોઠલા, ડામચિયા, પેટી, પટારા, મજૂસ, દીવી, પાટલા, બાજઠ, કબાટ, હીંચકા, માચી એ બધો સરંજામ લાકડાનો બનતો. બાળકો માટેનાં



દેસાઈની હવેલીની કાષ્ઠકલા (વસો)
ફોટો : નટુ પરીખ



અમદાવાદની હાજા પટેલની પોળમાં શેઠ બાલાભાઈ
કેવળદાસ ટંકશાળવાળાના ઘરના નકસીદાર
ટેકણિયા – ૧૩૫ વર્ષ પહેલાંનું કામ



મૂળીના સ્વામિનારાયણ મંદિરની હવેલીની કાષ્ઠકોતરણી

રમકડાં અને તેમને સુવાડવાનાં પારણાં પણ કલાત્મક બનતાં. કાષ્ઠકલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ સંખેડા-બહાદુરપુરનું લાખની મીનાકારીનું લાકડકામ આજે પરદેશમાં પણ પ્રસિદ્ધ છે. લાકડાની કોતરણીમાં તો છેક વીસમી સદીની શરૂઆત સુધી જીવંત રહેલા ભૂદર મિસ્ત્રીનું નામ જાણીતું હતું. મંગલ પ્રસંગે લાકડાની ચીજો વપરાતી. લગ્ન પહેલાં ઘરના બારણા પાસે નંખાતો માણેકથંભ લાકડાનો બનતો. લગ્નની ચોરી પણ લાકડાની બનતી. આદિવાસી જેવી પછાત પ્રજા તો પોતાના કુળદેવ કે કુળદેવીની મૂર્તિઓ (ફળાં) લાકડામાંથી બનાવતી. એમના બાબલા દેવની મૂર્તિઓ પણ કાષ્ઠમાંથી કોતરી કાઢવામાં આવતી.


પથ્થરની જેમ લાકડું કાળના ઘસારા સામે ઝાઝું ટકી શકતું નથી. એથી ગુજરાતમાં અવશિષ્ટ રહેલા પ્રાચીનતમ નમૂનાઓ સાડા ત્રણસો વર્ષ કરતાં વધુ પુરાણા ભાગ્યે જ હશે. ગુજરાતમાં કાષ્ઠસ્થાપત્યના ઉત્તમ નમૂનાઓ પાટણ, સિદ્ધપુર, અમદાવાદ, ઈડર, નડિયાદ, ખંભાત, સુરત અને ભરૂચમાંથી મળ્યા છે. સૌરાષ્ટ્રમાં પ્રભાસ પાટણ, જૂનાગઢ, જામનગર, માંગરોળ, પોરબંદર, વઢવાણ, હળવદ, ઘોઘા અને ભાવનગરમાં તેમ જ કચ્છમાં ભુજ અને માંડવીમાં જૂનું કાષ્ઠશિલ્પ-સ્થાપત્ય જોવા મળે છે.

કાષ્ઠકલાનો શોખ ગુજરાતની બે પ્રજા - જૈનો અને વહોરાઓ – માં ખાસ જોવા મળે છે. પાટણના વાડી પાર્શ્વનાથના મંદિરની રચના ઈ.સ. ૧૫૯૪-૯૬ દરમિયાન થયેલી. ત્યાં સુંદર શિલ્પથી અલંકૃત ઘૂમટયુક્ત લાકડાનો કલાત્મક મંડપ હતો, જે આજે અમેરિકામાં ન્યૂ યૉર્કના મેટ્રોપોલિટન મ્યૂઝીઅમમાં રખાયો છે. મંડપની છતમાં સુરસુંદરીઓ, દિગ્પાલો, તીર્થંકરો અને નૃત્યાંગનાઓનાં સુંદર શિલ્પો છે. અમદાવાદની શામળાની પોળમાંના પાર્શ્વનાથના મંદિરની રચના ઈ.સ. ૧૬૫૩માં થઈ હતી. તેમાં તીર્થંકરના જન્મ તથા અન્ય જીવનપ્રસંગનાં દૃશ્યો કંડારાયાં છે. તેમાંની કાષ્ઠપૂતળીઓના અંગમરોડ કલાત્મક છે. સુરતમાં ૧૬મી-સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલા ચિંતામણિ દેરાસરના વિવિધ ભાગો કાષ્ઠકોતરણીથી સમૃદ્ધ છે. વડોદરાના મ્યૂઝીઅમમાં કાષ્ઠના કલાત્મક મંડપમાં નેમિનાથના લગ્નોત્સવ વેળાનો વરઘોડો તથા તેમને થયેલો વૈરાગ્ય, સંસારત્યાગ, જૈનાચાર્યની શોભયાત્રા, જૈનસમાજ દ્વારા સ્વાગત, ચક્રવર્તી રાજા ભરતની શોભાયાત્રા – એ બધા પ્રસંગોનું કલાત્મક આલેખન થયું છે. વૈષ્ણવોની હવેલીઓમાં પણ કૃષ્ણજીવનના વિવિધ પ્રસંગો કોતરાયેલા જોવા મળે છે.

વહોરા પ્રજા સંખ્યાબળમાં નાની, પરંતુ એનો કાષ્ઠકલા પ્રત્યેનો પક્ષપાત મોટો છે. ૧૬માથી ૧૮મા સૈકામાં વહોરા પ્રજાએ પોતાના રહેઠાણનાં મકાનોમાં કાષ્ઠકલા પ્રદર્શિત કરી છે. પાટણ, સિદ્ધપુર, અમદાવાદ, મહુવા (સૌરાષ્ટ્ર) એ બધાં શહેરોમાંની વોરવાડનાં મકાનો જોતાં આ બાબતની ખાતરી થશે.

ગુજરાતમાં વિક્રમ સંવત છઠ્ઠાથી દસમા સૈકા સુધીમાં અનેક મંદિરો લાકડાનાં બનેલાં હતાં. કેટલાંક મંદિરો ભલે પથ્થરનાં બનેલાં હોય, પરંતુ તેનાં બારણાં, જાળીઓ વગેરે લાકડાનાં બનતાં. લાકડાનાં બારણાં પર સોના કે ચાંદીનાં પતરાં જડીને તેના પર દેવ-દેવીઓ તેમ જ માતૃકાઓની આકૃતિઓ કાઢવામાં આવતી તથા અન્ય પ્રકારનું શોભનયુક્ત કોતરકામ કરવામાં આવતું.

સોમનાથ પાટણનું શિવમંદિર સૌપ્રથમ ઈ.સ.ના આરંભમાં બનેલું. તેનો નાશ થતાં બીજી વાર વલભીના મૈત્રકોના સમયમાં બંધાયું. આ સમયથી મંદિરો લાકડાનાં બનવા લાગ્યાં. એનો પણ નાશ થતાં, ત્રીજી વાર સોલંકીકાળમાં ઈ.સ. ૯૮૭માં મૂળરાજ સોલંકીએ જે મંદિર બંધાવ્યું તે પણ લાકડાનું હતું.



અમદાવાદની વાઘણ પોળના એક જૈન મંદિરના બારણા પર કરાવેલી કાષ્ઠકોતરણી

મંદિરનો સભામંડપ લાકડાનો હતો, એ તો એક મુસ્લિમ લેખકે પણ નોંધ્યું છે. મહમદ ગીઝનીએ ગુજરાત પર ચડાઈ કરી ત્યારે તેણે આ મંદિર તોડી પાડ્યું હતું. તે પછી મૂળરાજના પુત્ર ભીમદેવે પથ્થરનું મંદિર બંધાવ્યું.

ઓગણીસમી સદીમાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો ઠેર ઠેર સ્થપાયાં. તેમાંથી વડતાલ, મૂળી, ગઢડા, વગેરે સ્થળોએ હવેલીઓમાં કાષ્ઠશિલ્પના સુંદર નમૂનાઓ પ્રાપ્ત થાય છે.

આપણાં મંદિરોના ઘૂમટ, થાંભલા, ઝરૂખા વગેરે સ્થળે દેવ-દેવીઓ, અપ્સરાઓ, નર્તકીઓ, વાદ્યવાદકો, કૃષ્ણલીલાનાં દશ્યો, પક્ષીઓ, પશુઓ તેમ જ કૃષ્ણ-ગોપીની રાસલીલા અને નાગદમન જેવા પ્રસંગો કોતરાયેલા જોવા મળે છે. ગવાક્ષોને ફૂલવેલ તથા અન્ય કોતરણીથી શણગારવામાં આવ્યા હોય છે. ધંધુકા (જિ. અમદાવાદ)ના ભીમનાથ મહાદેવના મંદિરની હવેલીમાંની કોતરણી સારી પેઠે સચવાઈ છે.

છેલ્લાં ત્રણસો વર્ષમાં બંધાયેલી ઈમારતોમાં કેટલીક નોંધપાત્ર છે. ઝાલાવાડની રાજધાની હળવદમાં ૧૭મા સૈકાના કાષ્ઠશિલ્પના નમૂના મળે છે. ૧૮મી સદીના આરંભકાળની ખેડાની લક્ષ્મીરામ ધનેશ્વરની હવેલીની દ્વારશાખના ઉપરના ભાગે ગણેશ અને તેની આજુબાજુ ચામરધારી અને અભિષેક કરતા બે હાથીઓનાં સુંદર શિલ્પ છે. ખેડા જિલ્લાના ઉમરેઠમાં ન્યાયાધીશ શેલતની હવેલી તથા દરબાર ગોપાળદાસ અમીનની આશરે ૨૨૫ વર્ષ જૂની હવેલી તથા દેસાઈની હવેલીમાં એકસરખું સામ્ય એ છે કે હવેલીની છત પર હાથીદાંતમાંથી બનાવેલી ફૂલ અને અન્ય આકૃતિઓ બેસાડવામાં આવી છે.

૧૫મી ૧૬મી સદીનો સમય અમદાવાદનો સુવર્ણકાળ હતો. અમદાવાદની કીર્તિ દેશ-વિદેશમાં ફેલાઈ હતી. બાર્બોસા નામના વિદેશીએ અમદાવાદના શિલ્પસ્થાપત્યના મુક્ત કંઠે વખાણ કર્યાં છે. શહેરનાં મકાનોમાં પથ્થર અને લાકડાની એવી સુંદર કારીગરી થયેલી હતી કે જેને જોઈને સોનીનું ટાંકણું અને ચિતારાની પીંછી ઘડીભર થંભી જાય. એડવિન આર્નોલ્ડ નામના કવિએ એ મકાનો જોઈને 'જગતનાં સુંદર નાનાં મકાનો' (The finest little buildings in the world) એવું લખી ગયો છે. અમદાવાદની કલા-કારીગરીની નકલો થઈ છે અને અમેરિકા જેવા દૂરના દેશોમાં તે પહોંચી ગઈ છે.

અમદાવાદમાં કાષ્ઠકલાથી શોભતી કેટલીય હવેલીઓ હતી. શહેરના શ્રીમંતો પોતાની હવેલીનાં બારણાં, બારીઓ, ગોખ, ઝરૂખા અને થાંભલામાં બારીક કોતરકામ કરાવતા. ઘરમાં લાકડાની કોતરણીવાળું પાર્ટિશન હોવું એ ગૃહસ્થના ઘરની શોભા ગણાતી. અમદાવાદની નોંધપાત્ર હવેલીઓમાં ફતાસાની પોળમાં લગભગ ૨૦૦ વર્ષ જૂની હરકોર શેઠાણીની હવેલી, પાચીઆની પોળમાં બાલાભાઈ મંછારામની ૧૫૦ વર્ષ જૂની હવેલી, હાજા પટેલની પોળમાં શેઠ બાલાભાઈ કેવળદાસ ટંકશાળવાળાની ૧૩૫ વર્ષ જૂની હવેલી, જેઠાભાઈની પોળમાં શેઠ ડાહ્યાભાઈ ભગુભાઈની ૧૨૫ વર્ષ જૂની હવેલી, જેઠાભાઈની પોળમાં આવેલી જેઠાભાઈની હવેલી તથા ખત્રીની પોળમાં આવેલી ખત્રીની હવેલી – એ સર્વ કાષ્ઠકલાના ઉત્તમ નમૂનારૂપ હવેલીઓ છે. શેઠ કસ્તૂરભાઈ લાલભાઈએ બંધાવેલા મકાનમાં જૂની શૈલીનો આદર કરીને તેમણે લાકડાના કોતરકામના ઝરૂખા મુકાવ્યા છે. આવી ઉત્તમ કલાકૃતિઓ જોતાં, ૧૭મી સદીમાં રચાયેલા વેંકટાધ્વરિકૃત 'વિશ્વગુણાદર્શચંપૂ'નું એક અવતરણ ઉતારવાનું મન થઈ જાય છે. 'આ ગૂર્જર દેશ જો અને આંખને ઠાર. સર્વ સંપત્તિથી ભરપૂર, આ તો જાણે સ્વર્ગલોક!'

દિલગીરીની વાત તો એ છે કે આપણી સાંસ્કૃતિક પરંપરાને સાચવતી આ ઈમારતો કાળનો ઘસારો પામીને હવે ધીરે ધીરે નષ્ટ થતી જાય છે. આધુનિક સ્થાપત્યમાં પ્રાચીન કાષ્ઠકલાને કોઈ અવકાશ રહ્યો નથી, કારણ કે એ કલા હવે 'આઉટ ડેટેડ' બની ગઈ છે. કાષ્ઠકારીગરી એક વ્યવસાય તરીકે તો હવે મૃતઃપ્રાય થઈ ગઈ છે. આધુનિકતાના મોહમાં પોળનાં જૂનાં મકાનો વેચીને લોકો સોસાયટીમાં જઈને વસવાટ કરવા લાગ્યાં છે. પોળ તોડીને નવાં શોપિંગ સેન્ટરો અને નવા ફ્લેટ બનાવાઈ રહ્યાં છે. બિલ્ડરો હવે જૂનાં મકાનોની જમીન વારના ભાવે ખરીદીને નવા ફ્લેટની જમીન 'ફૂટાના ભાવે વેચે છે.'

હવેલીની કાષ્ઠપૂતળીઓ, નકશીદાર જાળીઓ, બારીઓ, બારણાં અને સ્તંભો જેવી કલાત્મક ચીજવસ્તુઓ 'ઍન્ટિક'ના સ્વરૂપમાં મુંબઈ અને દિલ્હીના બજારમાં જઈને ત્યાંથી બારોબાર વિદેશી વખારોમાં પહોંચી ગઈ છે. વિદેશનાં મોભાદાર લોકો પોતાનાં ઘરને પરંપરા પ્રમાણેના 'લૂક્સ' આપવા આ 'ઍન્ટિક' ખરીદી રહ્યા છે, એ સમયની બલિહારી નહિ તો બીજું શું ? કાષ્ઠકલાના ઉત્તમ નમૂનારૂપ હવેલીઓ ધરાશાયી બનાવાય છે અને તેને સ્થાને હવે સિમેન્ટ કોંક્રિટનાં જંગલો વધતાં જાય છે! ❐

## ગાંધીયુગ પહેલાંની

# ગુજરાતની કેટલીક કવયિત્રીઓ

રાજર્ષિ વોરા



સ્વ. સૌ. બાળાબહેન ધ્રુ
(ભોળાનાથ સારાભાઈનાં દીકરી)

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સ્ત્રીઓએ ગૌરવભર્યું પ્રદાન કર્યું છે. પદ્યસાહિત્યના વિવિધ પ્રકારોનું ખેડાણ ગુજરાતી સ્ત્રીઓએ વિવિધ સમયે કેવી રીતે કર્યું, તે અંગેનો સંશોધનાત્મક ગ્રંથ 'કાવ્યસ્પંદિતા' ડૉ. ગીતાબહેન પરીખે અમદાવાદથી ઈ.સ. ૧૯૮૯માં પ્રસિદ્ધ કર્યો હતો. ડૉ. ગીતાબહેન પરીખે તેમના આ મહત્ત્વના ગ્રંથમાં ગવરીબાઈ (૧૭૫૯-૧૮૦૯), જનીબાઈ (૧૭૫૦-૧૭૯૬), દિવાળીબાઈ (જ. ૧૭૮૯), શિવલક્ષ્મી (જ. ૧૭૯૨), હરિસુખગૌરી વામનરાવ મહેતા (જ. ૧૮૬૮), જેઠીબા (જ. ૧૮૭૧), પુરીબાઈ, જમનાબાઈ અને કનકલક્ષ્મી દવે જેવી ૧૮મા અને ૧૯મા સૈકાની સ્ત્રીઓથી શરૂ કરીને સ્વાતંત્ર્યોત્તર ગુજરાતની કવયિત્રીઓ પર પ્રકાશ નાખ્યો છે. સવિતાગૌરી ભવાનીશંકર પંડ્યા, બાળાબહેન ભોળાનાથ દીવેટિયા, સુમતીબહેન લલ્લુભાઈ મહેતા અને વિજયાલક્ષ્મી હર્ષદરાય ત્રિવેદી જેવી કેટલીક સ્ત્રીઓના જીવન અને વ્યક્તિત્વને તેમની કૃતિઓ સાથે સાંકળવાનો અત્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

અનેક રાજકીય, ભૌતિક, સાંસ્કૃતિક અને વૈચારિક પરિબળોની લાંબા ગાળાની અસરોને લીધે ગુજરાતમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. દલિતો સહિત સમાજના ભિન્ન ભિન્ન વર્ગો અને જ્ઞાતિઓની મહિલાઓએ તેમની સાહિત્યકૃતિઓ દ્વારા સાહિત્યના ક્ષેત્રને ઊંચા સ્તરે પહોંચાડ્યું છે. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો છેક મોગલયુગથી શરૂ કરીને ૧૯મા સૈકા દરમિયાન જે મહિલાઓએ સાહિત્ય રચ્યું તેઓ, કેટલાંક અપવાદને બાદ કરતાં નાગર અને બ્રાહ્મણ કુટુંબોમાંથી આવતી હતી. આ બાબતમાં ડૉ. ગીતાબહેન પરીખના ગ્રંથ 'કાવ્યસ્પંદિતા'નું વિશ્લેષણ કરતાં એક વાત સ્પષ્ટ રીતે ઊપસી આવે છે કે ૧૬મા સૈકાથી શરૂ કરીને છેક ૧૯મા સૈકાના અંત સુધી, એટલે કે પંડિતયુગ સુધીની ૯૮ ટકા હિંદુ કવયિત્રીઓ નાગર અને બ્રાહ્મણ જ્ઞાતિઓની હતી. આ બાબતમાં જૈન કવયિત્રીઓ (જે મોટે ભાગે સાધ્વીઓ હતી)ની ઉપસ્થિતિ અત્યંત નોંધપાત્ર ગણાય. આમ, આ લેખમાં આલેખવામાં આવેલી સ્ત્રીઓ અપવાદરૂપ નથી. આ ભૂમિકાને આધારે હવે ચર્ચા આગળ વધારીશું.

ગવરીબાઈ, દિવાળીબાઈ, હરિસુખગૌરી અને જેઠીબા જેવી ૧૮મા અને ૧૯મા સૈકાની કવયિત્રીઓએ માત્ર ભક્તિસાહિત્યનું જ ખેડાણ કર્યું હતું. પરંતુ ૧૮૫૦ બાદ બ્રિટિશ શાસનની અસર હેઠળ પશ્ચિમની તર્કયુક્ત અને લૌકિક વિચારસરણીની જેમ જેમ અસર થતી ગઈ, તેમ તેમ મહિલા સાહિત્યકારોની કૃતિઓનો વ્યાપ પણ વધતો ગયો અને તેમણે ભક્તિસાહિત્યની પરંપરા ચાલુ રાખીને અર્વાચીન યુગને અનુરૂપ કાવ્યરચનાઓ શરૂ કરી હતી.

કોઈ પણ સર્જકની કૃતિને તેના ઐતિહાસિક અને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે તેનાં પોતાનાં સ્પંદનો અને જીવનના અનુભવો સમજવા જરૂરી છે. આ દૃષ્ટિને લક્ષમાં લઈને ગાંધીયુગ પહેલાંની કેટલીક કવયિત્રીઓ અને તેમની કૃતિઓનું અત્રે સંકલન કરવામાં આવ્યું છે.

આમ, સવિતાગૌરી ભવાનીશંકર પંડ્યા (૧૮૫૦-૧૯૨૫) મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સુરતના વડનગરા નાગર કુટુંબમાં તેમનો જન્મ થયો હતો અને ભવાનીશંકર પંડ્યા સાથે બાળપણમાં તેમનાં લગ્ન થયાં હતાં. ઈ.સ. ૧૮૬૫માં માત્ર ૧૫ વર્ષની વયે તેઓ વિધવા થયાં. સવિતાગૌરી શિક્ષિત હતાં અને વિધવા થયાં તે પહેલાં પણ તેમણે ધાર્મિક સાહિત્યનું વાચન કર્યું હતું. જ્યારે વિધવા થયાં ત્યારે તેમનાં સગાં-સંબંધીઓએ તે સમયના રિવાજ મુજબ સવિતાગૌરીના કેશવપન કરાવવાનો મક્કમ નિર્ધાર કર્યો. પરંતુ તેઓ સ્વતંત્ર મિજાજના હતાં અને આત્મગૌરવની ભાવનાવાળાં હોવાથી આ પ્રકારના અત્યાચારનો જોરદાર વિરોધ કર્યો. શ્વસુરપક્ષે તેમને કાઢી મૂક્યાં. તેમના જીવનની કરુણતા તો એ હતી કે આશરો લેવા જ્યારે તેઓ પોતાનાં માતા-પિતાને ઘેર ગયાં ત્યારે ખુદ તેમની માતા ત્રિપુરાગૌરીએ પણ તેમને કાઢી મૂક્યાં. આવા સંજોગોમાં ઈ.સ. ૧૮૬૫માં તેમને આશરો આપનાર તે સમયનો યુવા કવિ નર્મદ હતો.

નર્મદ જેવા પ્રતિભાશાળી સમાજસુધારક, ચિંતક અને સાહિત્યકાર સાથેનો પરિચય વધતાં સવિતાગૌરીના જીવનમાં

નવો જ વળાંક આવ્યો અને તેમણે કાવ્યોની રચના કરવા માંડી. નર્મદ સાથે પરિચય થયો તે પહેલાં પણ સવિતાગૌરીને નરસિંહ, મીરાં, પ્રેમાનંદ અને શામળની રચનાઓ કંઠસ્થ હતી. નર્મદના પરિચયમાં આવતાં તેમણે જે કાવ્યો રચવા શરૂ કર્યાં, તેનું ઉત્તમ ઉદાહરણ તે તેમણે અને નર્મદે પ્રસિદ્ધ કરેલ 'નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત' નામનો ગ્રંથ. અલબત્ત, આ ગ્રંથમાં તેમણે તથા નર્મદે નાગરોની મૌખિક પરંપરાઓને આધારે જે ગીતો પ્રચલિત બન્યાં હતાં, તેનું સંપાદન કર્યું છે. આમ છતાં તે સમયના માત્ર નાગરોના જ નહીં, પરંતુ ઉચ્ચ વર્ણોમાં પ્રવર્તતાં સાંસ્કૃતિક રીતરિવાજોની તેઓ અન્ય કૃતિઓ દ્વારા ઝાંખી કરાવે છે.

સવિતાગૌરીએ કેટલાંક બીજાં પદો રચ્યાં હતાં અને આ રચનાઓ 'એક સ્ત્રીજન'ના નામથી 'વિશ્વજયોતિ' અને 'સમાલોચક' જેવાં પ્રતિષ્ઠિત સામયિકોમાં છપાઈ હતી. તેમણે રચેલા પદોના બે નમૂના નીચે મુજબ છે. પ્રથમ પદમાં બાળલગ્નના કુરિવાજ સામેનો કટાક્ષ સુંદર રીતે વ્યક્ત થયો છે. બીજા પદમાં રામનો સીતા પ્રત્યેનો ભાવ આબેહૂબ વ્યક્ત થાય છે.

૧

આ શાં ગજબ કરી આવ્યા, રે કોડીલા કંથ મારા
સાઠ વરસે કુમારી વરી લાવ્યા, રે કોડીલા કંથ મારા ?
હું તો ભડકે બળું છું નરકે, રે કોડીલા કંથ મારા ?
લોક દીકરીની દીકરી પરખે, રે કોડીલા કંથ મારા !
બાળકડીથી બાળકની શી આશ, રે કોડીલા કંથ મારા ?
ઉછરેલા બાળ પામે નાશ, રે કોડીલા કંથ મારા !

૨

મૃગ મારીને પંચવટીમાં આવ્યા રામ,
દીસે સીતા વિના સૂનું ધામ.
'સીતા' 'સીતા' પોકાર ત્યાં કીધો રે,
નવ ઉત્તર કોઈએ દીધો રે,
આસપાસ તપાસ જ લીધો રે,
વીરા લક્ષ્મણ રે કોનું હશે આ કામ ?
દીસે સીતા વિના સૂનું ધામ.

સવિતાગૌરી એકાંતપ્રિય અને ધાર્મિક વૃત્તિનાં હતાં. તેમના ગુરુ નથુરામના માર્ગદર્શન હેઠળ તેમણે યોગની સાધના કરી હતી. કવિ નર્મદ તેમજ તેની પત્ની નર્મદાગૌરીથી થયેલ પુત્ર જયશંકરની મૃત્યુવિધિ તેમનું શ્રાદ્ધ કરનાર આ સંવેદનશીલ મહિલા હતી.

સવિતાગૌરી પંડ્યાની સરખામણીમાં સુમતિબહેન (૧૮૮૯-૧૯૧૧) નવી પેઢીનાં હતાં. તેઓ ભાવનગરના સુપ્રસિદ્ધ વ્યાપારી અને રાજકારણી લલ્લુભાઈ શામળદાસનાં પુત્રી હતાં. સુમતીબહેનનાં માતા સત્યવતી ભોળાનાથ સારાભાઈનાં પૌત્રી હતાં. આમ, તેમને બન્ને કુટુંબોનો સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસો નૈસર્ગિક રીતે જ મળ્યો હતો. તેમને વિષે વિદ્યાબહેન



સ્વર્ગસ્થ સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી. (જન્મ ૧૯૮૮ – મૃત્યુ ૧૯૬૯)

નીલકંઠે કરેલું વિધાન ઘણું સચોટ અને આધારભૂત છે. વિદ્યાબહેનનાં માતા બાળાબહેન પણ કવયિત્રી હતાં. વિદ્યાબહેનનાં શબ્દોમાં.

'ગુર્જર સાહિત્યની વાડીનાં કેટલાક અણમોલ માળીઓ જે કુટુંબે આપ્યાં છે, તે સ્વ. રા. બ. ભોળાનાથ સારાભાઈની પૌત્રી, એ તેમનાં માતા થાય. આમ, એમના લોહીમાં જન્મથી જ સાહિત્યના સંસ્કાર હતા. સૌ સુમતિ સને ૧૯૧૧માં ટૂંકુ જીવન ગાળીને અવસાન પામ્યાં. જીવનમાં છેલ્લા ચાર વર્ષ દરમિયાન તેમણે જે કાંઈ લખ્યું છે, તે ખરેખર એમની શક્તિ માટે અજાયબી ઉત્પન્ન કરે એવું અને એટલું છે. એમના લખાણમાં કાવ્યો, નાટકો, ટૂંકી નવલકથાઓ અને તેમણે સંસ્કૃતમાંથી કરેલાં ભાષાંતરોનો સમાવેશ થાય છે. આમ, સાહિત્યનાં બધા અંગોમાં તેમનો પ્રવેશ હતો.'

સુમતિબહેનનાં વૈચારિક ઘડતરમાં ગોપાલકૃષ્ણ ગોખલે, બરજોરજી પાદશાહ, ભાવનગરના ન્યાયાધીશ ભાસ્કરરાવ વિઠ્ઠલદાસ અને ખાસ કરીને માંગરોળના વિદ્વાન અનંતપ્રસાદ ત્રિકમદાસ વૈષ્ણવ (૧૮૬૧-૧૯૧૭)નો ફાળો વિશેષ હતો.



સૌ. વિદ્યાગૌરી તથા સૌ. શારદાગૌરી

અનંતપ્રસાદ રામાનુજ સંપ્રદાયના ભક્ત કવિ અને સમર્થ કીર્તનકાર હતા. તેથી સુમતિબહેનમાં ભક્તિ, સંગીત અને સાહિત્યના સંસ્કારો પડે તે સ્વાભાવિક હતું. સુમતિબહેને છેક કિશોરાવસ્થાથી જ ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો અને ૧૮ વર્ષની વયથી લેખનકાર્ય શરૂ કર્યું હતું. તેમણે કુદરત, સમાજ, ઈશ્વરભક્તિ અને અંગત અનુભવોને આલેખતાં ૫૮ કાવ્યનોનો એક સંગ્રહ 'કાવ્યઝરણા' પ્રસિદ્ધ કર્યો હતો. 'પ્રભુપ્રસાદી' શીર્ષકથી ઈશ્વરભક્તિનાં કાવ્યો પણ તેમણે રચ્યા હતાં. એ કાવ્યસંગ્રહ વાંચતા તેમની ઈશ્વરપરાયણતાની વાચકને પ્રતીતિ થાય છે. વળી, તેમણે રૉબર્ટ બ્રાઉનિંગ, વર્ડ્ઝવર્થ, ટેનિસન અને શેલી જેવા બ્રિટિશ કવિઓની કેટલીક કૃતિઓનો અનુવાદ પણ સુંદર રીતે કર્યો હતો. સુમતિ બહેનનાં કેટલાંક કાવ્યના નમૂના નીચે મુજબ છે.

(૧)

સંધિ-પ્રકાશ

(શાર્દૂલ)

સામેથી ઘનયૂથ આવતું દીસે, કેવી ત્વરાએ અહા !
ઉત્કણ્ઠા વધી કેમ એ દળ તણી, છે કોની એને સ્પૃહા ?
રે ! રે ! યુદ્ધ થયું કંઈ ઘન મહીં, સર્વે ગયાં વીખરી,
મધ્યેથી નીકળ્યો શશી ઝળકતો, ધીમી ગતિ આદરી.

(૨)

પ્રભુની પ્રતિમા

(વસંતતિલકા)

નિર્દોષતા મહીં રહ્યા સઘળા ગુણો જો,
જો શુદ્ધતા થકી બને વળી શત્રુ મિત્રો,
ને જો પ્રભા સજીવ ઉપર આ પડે છે,
તો સત્ય જીવ સુધી તે નવ પહોંચશે કે ?

સુમતિબહેને 'અરવિંદકુમાર' અને 'મધુરી' નામનાં બે નાટકો પણ રચ્યાં હતાં. 'મધુરી' કવિ ન્હાનાલાલના સુપ્રસિદ્ધ નાટક 'જયાજયંત'ના વસ્તુને મળતું આવે છે અને 'અરવિંદકુમાર' અંગ્રેજી વસ્તુના આધારે રચાયેલી કૃતિ છે. આ ઉપરાંત તેમણે 'રાજકન્યા' અને 'ભરથરી' જેવી વાર્તાઓ પણ પ્રસિદ્ધ કરી હતી.

સુમતિબહેન માત્ર ૨૦ વર્ષની વયે ૧ જુલાઈ ૧૯૧૧ના રોજ અવસાન પામ્યાં. નવાઈની વાત તો એ છે કે તે સમયના બૌદ્ધિક અને સંસ્કારી કુટુંબોમાં તેઓ ઉછર્યાં હોવાં છતાં સુમતિબહેન અને તેમનાં વડીલ બહેન જુબિલી (૧૮૮૯-૧૯૦૪) બાળલગ્નનો ભોગ બન્યાં હતાં. તે જમાનામાં છોકરીઓને પરણાવવાનું કામ મા-બાપનું નહીં પણ દાદા-દાદી કે વડીલ કાકા-કાકી કોઈને હસ્તક રહેતું. જુબિલીબહેન તેમજ સુમતિબહેનનું લગ્નજીવન શુષ્ક અને દુઃખી હતું. પિતા લલ્લુભાઈની હયાતીમાં જ જ્યારે તેમની આ બન્ને પુત્રીઓ અકાળે અવસાન પામી, ત્યારે લલ્લુભાઈને ઘણો પશ્ચાત્તાપ થયો હતો. તેમણે જાહેરમાં કહ્યું હતું કે જો મેં બન્ને પુત્રીઓને તેમની ઈચ્છા મુજબ મોટી ઉંમરે પરણાવી હોત તો તેઓ ઘણી જ સુખી થાત. એટલું જ નહીં, પણ તેઓ તેમની સાહિત્યિક પ્રતિભાને મોટી ઉંમરે સુંદર રીતે ખીલવી શક્યાં હોત.

બાળાબહેન (૧૮૫૮-૧૯૧૮) ભોળાનાથ સારાભાઈ (૧૮૨૨-૧૮૮૬) અને શિવકાશીનાં પુત્રી હતાં. ભોળાનાથ એક પ્રતિષ્ઠિત સમાજસુધારક અને સાહિત્યકાર હતા. તેથી બાળાબહેનને કૌટુંબિક સાંસ્કારોનો વારસો જન્મથી જ પ્રાપ્ત થયો હોય તે સ્વાભાવિક હતું.

બાળાબહેન જૂના અને નવા જમાનાને સાંકળતી કડીરૂપ હતાં. ગુજરાતી છ ચોપડી સુધી અભ્યાસ કર્યા બાદ ત્રણ ચોપડી અંગ્રેજી પણ તેઓ ભણ્યા હતાં. વિદ્યાબહેને (ફોરમ) અને શારદાબહેને (જીવનસંભારણા)માં લખ્યું છે કે તેમના ઉછેર અને ભણતરમાં માતા બાળાબહેનનો ફાળો અત્યંત મહત્ત્વનો હતો. બાળાબહેને તેમના પિતા ભોળાનાથની સાથે અનેક પ્રવાસો ખેડ્યાં હતાં. વળી, વાચંનનો પણ તેમને ભારે શોખ. ભજનો અને ભક્તિ સંગીત પ્રત્યે તેમને ઘણી પ્રીતિ હતી અને મધુર કંઠે તેઓ નરસિંહ અને મીરાંનાં ભજનોથી માંડીને કાન્તનાં ખંડકાવ્યો સુંદર રીતે ગાઈ શકતાં હતાં.

બાળાબહેન લોકગીતોનાં ખાસ અભ્યાસી હતાં. અમદાવાદથી ૧૮૭૨માં પ્રસિદ્ધ થયેલાં ગ્રંથ 'અમદાવાદનાં

વડનગરા નાગરની સ્ત્રીઓમાં ગવાતાં ગીતો'નો સંગ્રહતેમની સંપાદન-શક્તિનાં નમૂનારૂપ છે. માત્ર નાગરજ્ઞાતિમાં જ નહીં. પરંતુ ગુજરાતભરમાં આ ગ્રંથ એવો તો લોકપ્રિય બન્યો હતો કે ઈ.સ. ૧૯૫૮માં તેની છઠ્ઠી આવૃત્તિ કરવી પડી હતી. તેની ચોથી આવૃત્તિ એપ્રિલ ૧૯૦૭માં પ્રસિદ્ધ થઈ હતી અને તેમાં બાળાબહેને ઉમેર્યું હતું કે તેમનાં વિધવા થયેલાં 'સ્વ. બહેન જુથુબહેનની હાથથી લખેલી ચોપડીમાંથી આ ચોપડીમાં ઘણાં ગીત ઉમેર્યાં છે.' વળી, તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે ગુજરાતી ભાષામાં વ્યક્ત થયેલું આ શિષ્ટ સાહિત્ય સાધારણ જનસમાજમાં આવકારને પાત્ર બનશે.

બાળાબહેનનાં લગ્નગીતો તો ૧૮મા સૈકાના ગુજરાતમાં પણ પ્રચલિત હતા. તેમના ગ્રંથ 'અમદાવાદનાં વડનગરા નાગરની સ્ત્રીઓમાં ગવાતાં ગીતોનો સંગ્રહ'માં 'જનોઈનાં ગીતો' અને 'લગ્નનાં ગીતો' દર્શાવવામાં આવ્યાં છે. સમયના પ્રવાહની સાથે હવે તો ઘણુંબધું બદલાયું છે અને આજના ભારતવાસી અને ગુજરાતીનો ઠેકો ટેલિવિઝને લઈ લીધો છે. આમ છતાં પોતાના તળપદા સંસ્કારોની શોધ કરનાર વાચકને આપણાં જૂના ગીતો વાંચવાં અને માણવાંથી ઘણી હૂંફ મળી રહે તેમ છે. બાળાબહેને સંપાદિત કરેલ કેટલાંક ગીતો નીચે મુજબ છે :

જનોઈનાં ગીતો

૧

ફૂલ ફગર કેરાં ઝાડવાં રે, અને ઝાડવાંનાં નાવડે મુજને નામ,
મારે આંગણે બટુવો નિત્ય રમે રે;
વાંકી પાઘડી સોહીએ ભલી રે, એ વરણાગિયાનાં નાવડે
મુજને નામ, મારે આંગણે.
લીલી ટોપી રે બ્રહ્મચાર ભર્ત ભરી, મૂકી છે માંડવા હેઠ
બ્રહ્મચાર રડ્ય લઈ રહ્યા;
હોડી પેહેરી બ્રહ્મચાર સાંચર્યા, પૂછે છે નગરીનાં લોક
બ્રહ્મચાર ટોપી ક્યાં ભરી,
અમારા તે દાદાજી વેહેવારિયા, પુરાવ્યાં મુંબઈ શેહેરે વહાણ
મુસાફરે ભેટ મકોલી.

૨

સુરત શહેરને ગુજરી, સમી સાંજે ભરાય રે;
અમુલખ ટોપી વાપરી, જૂનાગઢનાં રે મોતી,
ટોપી ઉપર મોતીનાં લૂમખાં, ઉપર જડીયા છે હીરા
પેરે પેરો બ્રહ્મચાર સાંચરયા, ભાભી જોવાને જાય રે
ભાભીનાં મન રે પ્રસન્ન થયાં, હઈડે હરખ ન માય રે,
ફુલણ કેરી વાડી, લાવ્યો વનમાળી,
ભાભીનાં મન મોહીએ, લાડકાને સોહીએ,
જુઓ જુઓ ટોપી અવનવી, એમાં ઉત્તમ નામ રે.

૩

લીલી ટોપીને બ્રહ્મચાર વાંકો અંબોડો રે,



સ્વ. સૌ. સુમતિબહેન

સુલતાનની વાડીમાં બ્રહ્મચાર ઉતરીયો રે,
એરે બ્રહ્મચારીનાં દાન ન લેશો રે,
દાન ન લેશો દલાલી ન લેશો રે,
રૂઠડા બ્રહ્મચારીને કોણ મનાવે રે,
રૂઠડા બ્રહ્મચારીને દાદા મનાવે રે,
દાદા મનાવીને ખોળે બેસાડે રે,
ખોળે બેસાડી જનોઈ પહેરાવે છે.

લગ્નનાં ગીતો

(૧)

ગણેશ પાટ બેસાડીયે, ભલાં નીપજે પકવાન,
સગાં-સંબંધી તેડીયે, જો પૂજ્યા હોય મોરાર.
જેને તે આંગણે પીપળો, તેનો તે ધન અવતાર
સાંજે સવારે પૂજીયે, જો પૂજ્યા હોય મોરાર.
જેને તે પેટ ચાર દીકરા, તેનો તે ધન અવતાર,
ચારે વહુઓ પાયે પડે, જો પૂજ્યા હોય મોરાર.
જેને તે પેટ એક દીકરી, તેનો તે ધન અવતાર
સાચાં સૂચ્યાં ધન વાપરે, જો પૂજ્યાં હોય મોરાર.

(૨)

એક વેહેવાઈને ઘેર હસતી ઝૂલે, નારી કુંજર ડોલે રે,

પરણે રે મારી અવરમગેરી, પાટ બેઠી બોલે રે
એક વીનવું રે જોષીના બેટા, કહ્યાં હમારા સુણજો રે
એક જોષી જોને રે મુહરત મુહરત જોજે, સરસાં લિગન લાવજે રે
એક વીનવું રે ગાંધીના બેટા, કહ્યાં હમારાં સુણજે રે
મોગરા લાવજે ને ચંપા લાવજે,
સરસા ગુલાબ લાવજે રે, સુંઘરે મારી.

સુમતિબહેન અને બાળાબહેનની સરખામણીમાં ભાવનગરમાં જન્મેલા વિજયાલક્ષ્મી હર્ષદરાય ત્રિવેદી (૧૮૮૯-૧૯૧૩) સર્જનશક્તિની દૃષ્ટિએ વધુ મૌલિક હતાં. વળી, ગદ્ય અને પદ્ય એમ બન્નેમાં તેમણે નાની વયે ઠીક ઠીક પ્રમાણમાં ખેડાણ કર્યું હતું. તેમણે ૧૯૦૮થી 'બુદ્ધિપ્રકાશ', 'સુંદરી સુબોધ', 'સાહિત્ય' અને 'વસંત' જેવાં ગુજરાતનાં લબ્ધપ્રતિષ્ઠિત સામાયિકોમાં લખવાનું શરૂ કર્યું હતું.

વિજયા લક્ષ્મીના પિતા પિતાંબર જેઠાલાલ ત્રિવેદી વડોદરા રાજ્યના એકાઉન્ટન્ટ જનરલ હતા અને વળી તેઓ ગર્ભશ્રીમંત હતા. તેમનાં પત્ની, પુત્રી વિજયાલક્ષ્મીને માત્ર આઠ વર્ષનાં મૂકીને અવસાન પામ્યાં હતાં. પરંતુ પિતાએ તેમને ઘણાં લાડથી ઉછેર્યાં અને ગુજરાતી અને અંગ્રેજી શિક્ષણ પણ શાળા દ્વારા અપાવ્યું. કિશોરાવસ્થાની શરૂઆત થતાંમાં તો તેમણે ગુજરાતી ભાષા ઉપરાંત અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ સાથે પણ સંપર્ક વધાર્યો. તેઓ નરસિંહ અને મીરાંનાં ભજનો અને પ્રેમાનંદનાં આખ્યાનો મધુર અવાજે ગાઈ શકતાં અને બીજી તરફ વર્ડ્ઝવર્થ જેવા કવિઓની કૃતિઓને પણ માણી શકતાં. કમનસીબે સુમતિબહેનની જેમ તેમનું લગ્નજીવન પણ શુષ્ક પુરવાર થયું. તેમના કરુણ જીવનની દાસ્તાન તેમના નિબંધોમાં નહીં પણ કાવ્યો દ્વારા આબેહૂબ રીતે વ્યક્ત થાય છે. કવિતા દ્વારા હૃદયનાં સ્પંદનો વધુ સહજ રીતે વ્યક્ત થતાં હોવાથી, વિજયાલક્ષ્મીએ કાવ્ય દ્વારા તેમની કોમળ આંતરિક લાગણીઓનો પડઘો પાડ્યો હોય એમ લાગે છે. 'શંકા', 'અનાદર' 'આશાભંગ', અને 'પ્રેમયાચના' જેવાં તેમણે રચેલાં કાવ્યોમાંથી મધુરતાની સાથોસાથ વિષાદ પણ ટપકે છે. 'સુંદરીસુબોધ'ના તંત્રી રામમોહનરાય જશવંતરાય દેસાઈને (૧૮૭૩-૧૯૫૦) તેમણે લખેલા કેટલાક ખાનગી પત્રોમાં પોતાના લગ્નજીવનની સંવેદનાઓ ઠાલવી હતી. વિજયાલક્ષ્મી ત્રિવેદીની કૃતિઓના નીચે દર્શાવેલા કેટલાક નમૂનાઓ તેમના મનના આંતરપ્રવાહોને પિછાણવામાં મદદરૂપ છે.

(૧)

'રસહીન મ્હારું હૃદય આજે શુષ્ક સઘળું થઈ રહ્યું
મૃતપ્રાય મ્હારો આત્મ ત્હેનું નૂર છે સૌ વહી ગયું.
ઊંચા ઉડે ઉરકલ્પના વધુ સૌખ્યમય સૌભગ્યની
પ્રીતિ રસભોગની શ્રદ્ધા હૃદયમાં રાચતી
મેં કલ્પના કુસુમો ગૂંથી સુંદર પછેડી પાથરી
પણ વિષના પ્યાલા ઢળ્યા જ્યાં પ્રીતિ અમૃત ધારતી.'

(૨)

મ્હારા હૃદયનો પ્રેમ જે શ્રુંગાર રસને રેલતો
વિરમ્યો હવે સ્વામી દયાળુ શ્રીહરિના ચરણશો
અમર અમારો પ્રેમ ને અમ્મર ભૂમિ શું ધ્યાન છે
અમ્મર અમારો પ્રેમ ને અમ્મર ભૂમિ શું ધ્યાન છે
અમર અમારી ભક્તિ ને પ્રભુ તણું અમર અમ ગાન છે.

(૩)

'હું ચ્હાઉં છું શા માટ પ્રિયતમ ! ચ્હાઓ ના જયારે તમે ?
હા ! હાય ! હું હતભાગ્ય, મ્હારે માટ ના તમ પ્રેમ તે,
રસિયા ! ત્હમારે માટ મ્હેં આ શી ખુવારી મેળવી,
તમ મન બની બેહાલ મ્હેં આ શી જુગારી કેળવી ?
જેના પ્રણયને માટ મ્હેં મન પ્રાણ મૂક્યા પાથરી,
ત્હેનાં વચન શાં ક્રૂર આજે કર્ણમાં રહી સાંભળી ?

સવિતાગૌરીથી શરૂ કરીને વિજયાલક્ષ્મી ત્રિવેદી જેવી આ લેખમાં નમૂનારૂપે આવરી લેવામાં આવેલી સ્ત્રીકવિઓની કૃતિઓ ભિન્ન પ્રકારની હોવા છતાં તેમની વચ્ચેનું એક મહત્ત્વનું સામ્ય એ તરી આવે છે કે તેમને ઔપચારિક કે બિનઔપચારિક દૃષ્ટિએ આધુનિક શિક્ષણની તક મળી હતી. આવી તકો પ્રાપ્ત થતાં સ્ત્રીશક્તિ કેવી જીવંત અને જાગૃત બને છે તેના નમૂનારૂપ આ કવયિત્રીઓ છે. વળી, તેમના શૈશવકાળનાં અને જીવનઘડતરનાં વર્ષો પણ મહત્ત્વનાં હતાં. તેમનું કુટુંબજીવન સુખી હોય કે દુઃખી તે અલગ વાત હતી અથવા તો ગૌણ હતી. જે મહત્ત્વનું હતું તે તેમનું સંદર્ભવર્તુળ (રેફરન્સ ગ્રૂપ) એટલે કે કોઈને કોઈ પ્રતિભાશાળી વ્યક્તિ કે વાચન અને અભ્યાસ દ્વારા આ સ્ત્રીઓએ તેમની સર્જન-શક્તિ સુંદર રીતે ખીલવી હતી. ગાંધીયુગ દરમિયાન તો નવો જ સામાજિક અને સાહિત્યિક પરિવેષ શરૂ થયો અને સ્વાતંત્ર્યોત્તર ગુજરાતમાં તો સાહિત્યિક રચનાઓની બાબતમાં ઘણું પરિવર્તન આવ્યું છે. આમ છતાં સમયની દૃષ્ટિએ જોઈએ તો સવિતાગૌરી, સુમતિબહેન, બાળાબહેન અને વિજયાલક્ષ્મી ત્રિવેદી જેવી સ્ત્રીઓ સ્ત્રીસાક્ષરોની બાબતમાં 'અર્વાચીનોમાં આદ્ય' હતી. આવી તેજસ્વી મહિલાઓની માનસિક અને ભાવાત્મક એકતાની ક્ષિતિજ ઉત્તરોત્તર કેવી બહોળી બનતી ગઈ તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત સપ્ટેમ્બર ૧૯૦૩નાં સ્ત્રી-સામયિક 'સુંદરીસુબોધ'માં છપાયેલા કાવ્ય દ્વારા આપીને લેખ સમાપ્ત કરીશ.

'ભારતી સ્ત્રીગીત'


'ગુર્જરીને બંગસુંદરી મળી રે લોલ
કાશ્મીરી, દ્રાવિડી, મહારાષ્ટ્રી, રજપૂતાણીઓ રે લોલ
આવો બહેની ! ઐક્યતાનાં ગાણાં ગાઈએ રે લોલ
પારસી, ઈસ્લામી, આર્ય રમણિઓ રે લોલ
યુરોપી સન્નારીઓ, ઉલ્લાસ રસવિલાસિની રે લોલ
આવો બ્હેની ! હિંદદેવી વંદીએ રે લોલ.'

❒

# કલાવાર્તા

## ભૂપત લાડવા

૧૯૩૭માં ઑક્ટોબરમાં રાજકોટમાં જન્મેલા શ્રી ભૂપતભાઈ ભીમજીભાઈ



લાડવાને નાનપણથી ઘરમાંથી જ કલાકાર પિતા અને મોટાભાઈ પાસેથી કલાસંસ્કાર મળ્યા. એ વેળા રાજકોટમાં કલાનું કેન્દ્ર હતું 'સૌરાષ્ટ્ર ચિત્રશાળા'. તેમાં ખ્યાતનામ જળરંગી દૃશ્યચિત્રો સર્જનાર મગનભાઈ ત્રિવેદીના સાંનિધ્યમાં અન્ય યુવા કલાકારો સાથે તેમણે શરૂઆતની તાલીમ પ્રાપ્ત કરી. તદુપરાંત રવિશંકર રાવળ, સોમાલાલ શાહ તથા જગન્નાથ અહિવાસીનાં પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં. ૧૯૫૬માં તેમણે મુંબઈ રાજ્યની ડિપ્લોમા ઇન ડ્રૉઇંગ ઍન્ડ પેઇન્ટિંગની પદવી મેળવી. સમગ્ર સૌરાષ્ટ્રમાં નાની વયે આવી ઉચ્ચ પદવી મેળવનાર તેઓ પ્રથમ કલાકાર હતા.

૧૯૬૪માં ભૂપતભાઈએ ફિલોસૉફી વિષય સાથે દ્વિતીય વર્ગમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ.ની ડિગ્રી મેળવી. કારકિર્દીના પ્રારંભમાં ૧૯૫૭થી ૧૯૬૩ સુધી કલાશિક્ષક તરીકે તેમણે શ્રી. બાઈસાહેબબા ગર્લ્સ હાઈ સ્કૂલ અને મહાત્મા ગાંધી પ્રેરિત બુનિયાદી તાલીમની રાષ્ટ્રિય શાળામાં સેવાઓ આપી. ઈ. ૧૯૬૪માં પોરબંદરની માધવાણી કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા અને ૧૯૬૫થી નિવૃત્તિકાળ સુધી રાજકોટની માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજમાં તત્ત્વજ્ઞાન



ખડકીનું નાકું (જળરંગી ચિત્ર)



ટિપ્પણી રાસ (જળરંગી ચિત્ર)

વિભાગના વડા અને વરિષ્ઠ પ્રાધ્યાપક તરીકે તેમણે અધ્યાપનકાર્ય કર્યું. છતાં તેમની અંદર પડેલા ચિત્રકારે તો દર્શનશાસ્ત્રના અભ્યાસ અને અધ્યાપનકાર્ય ઉપરાંત કલાકૃતિઓની કલાસાધના તો સતત ચાલુ જ રાખી છે. હકીકતમાં તો તેમના તાજેતરના કલાસર્જનમાં દૃશ્યકલા તથા ફિલસૂફીનો સુભગ સમન્વય સધાયાત્ છે.

કલાના વ્યવસ્થિત અભ્યાસકાળ દરમ્યાન વિવિધ માધ્યમો જેવાં કે પેન, પેન્સિલ કે ચારકોલમાં તેમણે ધ્યાનપાત્ર સર્જન કર્યું. તેમણે ખ્યાતનામ વ્યક્તિઓનું પોટ્રેટ સ્કેચિંગ કર્યું. અને જળરંગોમાં, તૈલરંગોમાં માનવપાત્રોને પ્રકાશછાયાના આયોજનથી વૉશપદ્ધતિમાં સપાટ રંગથી નીપજતા મધુર સૌંદર્ય દ્વારા આકારિત કર્યાં. આ પ્રકારનાં ચિત્રોમાં તેમની ભારતીય તેમજ પાશ્ચાત્ય ચિત્રશૈલીઓની જાણકારી તેમજ અભ્યાસનાં દર્શન થાય



પાર્વતીની શિવ-આરાધના (જળરંગી ચિત્ર)



ગાંધીજી અને જયપ્રકાશ નારાયણ (સ્કેચ)

છે. વળી, ભૂપતભાઈ સ્વયં કબૂલે છે કે તેમની મુખ્ય પ્રેરણાનો સ્રોત તો સૌરાષ્ટ્રની લોકકલાઓ પરત્વેની તેમની સવિશેષ અભિરુચિ જ છે. બૉમ્બે આર્ટ સોસાયટીના ૬૯મા પ્રદર્શન (૧૯૫૯-'૬૦)માં પ્રદર્શિત તેમની જાણીતી ચિત્રકૃતિ 'ગ્રામજીવનનો લોકમેળો'માં લયયુક્ત ગત્યાત્મકતાની સાથે લોકકલાની વિશિષ્ટ પરિપાટીનાં પણ દર્શન થાય છે. તે પૂર્વે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર કલામંડળના પ્રદર્શનમાં તેમના 'ગોવાલણ' ચિત્રને રવિશંકર રાવળના હસ્તે ઇનામ પણ મળેલું. ૧૯૫૭માં મુંબઈ રાજ્ય કલાપ્રદર્શનમાં ભારતીય કલાનો સંસ્પર્શ ધરાવતી તેમની ચિત્રકૃતિ 'રાંદલ માતાનો લોટો'ને ૫૦૦ રૂપિયાનું ઇનામ મળ્યું. ૧૯૫૮માં દિલ્હીના રાષ્ટ્રિય કલાપ્રદર્શનમાં તેમના ચિત્ર ''ગ્રામ લગ્નપ્રસંગ''ને પ્રશંસાપત્ર મળ્યું. ૧૯૬૦માં કાલિદાસ સમારોહમાં 'કુમારસંભવ' કૃતિને રૂ. ૫૦૦નું પારિતોષિક તથા ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે યોજાયેલા કલાપ્રદર્શનમાં 'પાળિયાની પૂજા' ચિત્રને તેમાંની વિશિષ્ટ લોકકલા શૈલીને કારણે રૂ. ૫૦૦નું ઇનામ એનાયત થયું.

ભૂપતભાઈએ જયપ્રકાશ નારાયણની સહીવાળું પેન્સિલ માધ્યમમાં કરેલું પ્રભાવશાળી લાઇફ સ્કેચ ચિત્ર તથા ૧૯૫૬માં ઑઇલ કલર માધ્યમમાં કરેલું ચિંતનમગ્ન ગાંધીજીનું પોટ્રેટ ચિત્ર ખરેખર નોંધપાત્ર છે અને પોટ્રેટચિત્રસર્જનમાં તેમની ફાવટ દર્શાવે છે.

ભારતીય પરંપરાગત શૈલીમાં પણ લોકકલાના મિશ્રિત અંશો વડે તૈયાર થયેલું તેમનું જલરંગના અપારદર્શી માધ્યમવાળું ચિત્ર ''યાત્રિકો'' એક ધ્યાનાર્હ સંરચના બની છે. મહાકવિ કાલિદાસ વિરચિત 'કુમારસંભવ' પર આધારિત 'પાર્વતીની શિવઆરાધના' ચિત્ર અપારદર્શક જલરંગી માધ્યમમાં સૌરાષ્ટ્રની અલંકારયુક્ત લોકચિત્ર-શૈલીમાં તૈયાર થયું છે. તેમાં સમતોલનયુક્ત સપાટ સંરચના હોવા છતાં અવકાશ અને ઊંડાણનો અનુભવ થાય છે. તેમણે કરેલાં સ્થળ પરનાં પ્રભાવવાદી શૈલીમાં પારદર્શી જળરંગી દૃશ્યચિત્રોમાં તે સ્થળની આબોહવા અને પ્રકાશ-છાયા અસરકારક રીતે ઝડપાયાં છે. 'ખડકીનું નાકું' દૃશ્યચિત્ર સૂર્યપ્રકાશ અને પડછાયામાં જીવંત લાગે છે. તેમની કૃતિ વિવિધ વ્યક્તિઓ અને સંસ્થાઓમાં સંગ્રહાઈ છે. તેમણે ભારતનાં વિવિધ સ્થળોનાં પ્રદર્શનોમાં ભાગ લીધો છે.

-બંસીલાલ દલાલ

## કલાવૃત્ત

### યુવા કલાકારોનું ગ્રૂપ-પ્રદર્શન

વડોદરાની ફાઈન આર્ટસ્ કૉલેજના કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ, સી.એન. કૉલેજ ઑવ્ ફાઈન આર્ટ્સના ડિપ્લોમાધારી વિદ્યાર્થીઓ તથા વલ્લભવિદ્યાનગર અને વઢવાણ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભેગા મળી તેમની કલાકૃતિઓનું સહિયારું પ્રદર્શન 'ત્રીસ-બિલો-ચાલીસ વર્ષ ૨૦૦૦'ના નામે રવિશંકર રાવળ કલાભવનની નીચેની તથા ઉપરની ગૅલરીમાં યોજ્યું. આ યુવા કલાકારોમાં કલાત્મક શક્તિઓ તો પડેલી જ છે અને તેમાં કેટલાક અનુભવી છે તો કેટલાંક નવોદિત છે. તેઓ ખરેખર આશાસ્પદ ઊગતા કલાકારો તો અવશ્ય છે જ. ચિત્રો, પ્રિન્ટ્સ ઉપરાંત વિવિધ માધ્યમમાં સર્જાયેલાં શિલ્પો પણ અહીં પ્રદર્શિત થયાં છે. બધી કૃતિઓનું અવલોકન કરતા એવી છાપ ઊભી થાય છે કે આ યુવા કલાકારોમાં બાગી જુસ્સો છે અને કેટલાંક તો તેમનો પોતાનો બિલકુલ નવો માર્ગ શોધી કાઢવા માટે તત્પર છે.જોવાનું એ છે કે જે ઉમદા હેતુથી તેઓ આ પ્રદર્શનમાં ભેગા મળ્યા છે તે આવનારા વર્ષોમાં પણ આવાં ગ્રૂપ પ્રદર્શનો દ્વારા વધુ સારી કૃતિઓના સર્જન સાથે નિયમિત રીતે પ્રેક્ષકો સમક્ષ આવે અને સાથે મળી સમકાલીન કલાના વિવિધ પ્રવાહો, માધ્યમો, પ્રયોગો અંગે વિચારવિનિમય કરતા રહે અને એ રીતે તેમનો કલાસર્જન તથા કલાઓ અંગેનો ઉત્સાહ સતત ચાલુ રહે, જીવંત રહે.

પ્રદર્શનનાં સૌથી નોંધપાત્ર ચિત્રોમાં શેફાલી શાહનાં સર્જનાત્મક તેજસ્વી રંગપૂર્ણ અને બાળકોની કલાની તથા પૉલ ક્લીની નિર્દોષ છતાં સૂક્ષ્મ કલાની યાદ આપતાં, માનવાકૃતિઓ દર્શાવતાં ચિત્રો વધુ જીવંત, તાજગીભર્યાં અને તેમની મોટી સાઇઝને કારણે દૃશ્યપ્રભાવયુક્ત લાગે છે. નિકિતા પરીખનાં ચિત્રો તેનાં બાળપણનાં સ્મરણોને જીવંત કરે છે. તેમાં રહેલી કાલ્પનિક અને કલાત્મક શક્તિને કારણે જિજ્ઞા શાહનાં, બિપિન શિનોયનાં ચિત્રો



કલાકાર : હિંડોલ બ્રહ્મભટ્ટ



કલાકાર : જયેશ શુક્લ



કલાકાર : શેફાલી શાહ



કલાકાર : જિજ્ઞા શાહ

માનસિક સ્થિતિ દર્શાવતાં હોય તેમ તેમાં નિરાશા અને એકલતા અભિવ્યક્ત થયાં છે. શેફાલી દેસાઈનાં ચિત્રો જેરામ પટેલની અનુકૃતિઓ જેવાં લાગે છે. જયેશ શુક્લ તો ઘણા સમયથી માનવમસ્તકોને ખૂબ સંકુલ અને સૂક્ષ્મ રીતે સર્જતાં આવ્યા છે અને આ પ્રદર્શનોમાં તેમનાં મસ્તકો શિલ્પાત્મક ગુણવત્તા ધારણ કરે છે. દીપિકા શાહનાં ચિત્રોમાં આકર્ષક રીતે પોઇન્ટિલિસ્ટિક ટેકનિકનો ઉપયોગ હોઈ દશ્યાત્મક સૌંદર્યનો અનુભવ થાય છે. બંસી ખત્રીનાં નૂતન તાંત્રિક શૈલીમાં સર્જાયેલાં નાનાં ચિત્રોમાં રહસ્યાત્મકતાનાં દર્શન થાય છે. હિંડોળ બ્રહ્મભટ્ટનું પેનલયુક્ત વિશાળ ચિત્ર તથા ડેવિડ હોક્નીને અંજલિ આપતું ચિત્ર ખાસ નોંધપાત્ર છે. કુમાર ગૌરવનાં પેનલયુક્ત નાની સાઇઝનાં ચિત્રોમાંના ચહેરાઓ, હાથ, દોરી વગેરેના કલાત્મક ઉપયોગ દ્વારા સુંદર સંયોજનો બન્યાં છે. જિતુ



કલાકાર : બિપિન શિનોય



કલાકાર : નિકિતા પરીખ

આંઘાણી, મનહર કાપડિયા, ભાર્ગવ વૈષ્ણવનાં ચિત્રોમાં માનવ ચહેરાઓ તથા જીવનનું કલાત્મક આલેખન છે. કૈલાસ દેસાઈનાં તાજગીભર્યાં જળરંગી દશ્યચિત્રો અને દીપ્તિ શુક્લનાં ચિત્રો તથા લાલસિંગ વાળાનાં આધ્યમિક શિલ્પો નોંધપાત્ર છે.

-બંસીલાલ દલાલ



કલાકાર : જિતુ આંઘાણી

## કલાસ્મૃતિ

### અંજોલી ઇલા મેનન

આપણા દેશના ચિત્રકલાના ઇતિહાસમાં સ્ત્રી-ચિત્રકારોની સંખ્યા અલ્પ રહી છે.



જે બે ચિત્રકારો છેલ્લાં ૫૦ વર્ષમાં કલા-ફલક ઉપર ઊપસી આવ્યાં છે તેમાં પ્રથમ અમૃતા શેરગીલ અને બીજા છે શ્રીમતી અંજોલી ઇલા મેનન, જેમની દેશનાં પ્રથમ હરોળના ચિત્રકારોમાં ગણના થાય છે. આજે તેઓ ૬૦ની ઉંમરે પહોંચેલાં છે.

અંજોલીનો જન્મ ૧૯૪૦માં બંગાળમાં થયો હતો. તેમને શરૂઆતથી ચિત્રકલામાં રસ, જેથી મુંબઈની જે.જે. આર્ટ સ્કૂલમાં અભ્યાસ શરૂ કર્યો અને પાછળથી કારણવશ પૂર્ણ કરી શક્યાં. અને દિલ્હી મહાવિદ્યાલયમાંથી સાહિત્યનાં સ્નાતક થયાં. દરમિયાન તેમની મુલાકાત ચિત્રકાર હુસેન સાથે થઈ. હુસેને તેમને અન્ય સઘળા શોખ છોડી દઈને માત્ર ચિત્રકલામાં જ પ્રવૃત્ત રહેવા જણાવ્યું. હુસેને અંજોલીના બીજા ચિત્ર-પ્રદર્શનની વ્યવસ્થા ભાલછાબડાની મુંબઈની ગૅલરીમાં ૧૯૫૯માં ગોઠવી આપી અને સર્વ પ્રકારની મદદ કરી. આ પ્રદર્શનમાં અંજોલીનું ચિત્ર રૂ ૨૦૦માં વેચાયું ત્યારે તેઓ આનંદવિભોર બનીને નાચવા લાગેલાં. તેઓ જણાવે છે કે, ચિત્રકલાની મારી યાત્રાનું પ્રેરણાબળ ચિત્રકાર હુસેન છે. આજે પણ અંજોલી જમીન ઉપર બેસીને હુસેનની જેમ ચિત્રસર્જન કરે છે. આજે આ ચિત્રકારનાં ચિત્રો દેશપરદેશમાં

લાખો રૂપિયામાં વેચાય છે.

મુંબઈ શહેર લલિત કલાની દુનિયા તેમજ અન્ય વ્યવસાયની ઉત્તમ વ્યક્તિઓને ઉચ્ચતમ શિખરો સર કરવામાં હંમેશાં અગ્રેસર રહ્યું છે. અંજોલીના મુંબઈના પ્રદર્શનની સફળતા પછી તેમને પાછું વળીને જોવાનું રહ્યું નથી. તેમને ૧૯૫૯-૬૧ના ગાળા માટે ફ્રાન્સની સરકારની ચિત્રકલા માટે શિષ્યવૃત્તિ મળી. તેઓ પૅરિસ ગયાં. ત્યાં તેમણે ચિત્રકલા સાથે મ્યૂરલ' ભીંત ચિત્રકલા 'ફ્રેસ્કો'નો પણ સારો અભ્યાસ કર્યો.

દરેક ચિત્રકારને કલામાં પોતાની આગવી ઓળખાણ નિપજાવવાની ખેવના હોય છે. અંજોલી પણ ભારત પાછાં ફર્યા બાદ ચિત્રકલામાં અવનવા પ્રયોગો સાથે સર્જનમાં લાગી ગયાં. વ્યક્તિગત અને સંયુક્ત ચિત્ર-પ્રદર્શનમાં તેમનાં ચિત્રો વખાવા માંડ્યાં તેમતેમ તેમનો ઉત્સાહ વધ્યો. આર્ટ ગૅલરીઓના ખાસ રસ અને વિવેચકોનાં અનુકૂળ લખાણો પણ તેમને મદદે આવ્યાં. ચિત્રોની કિંમત વધવા માંડી. સાથે સામાજિક સુરક્ષા પણ સારી ગોઠવાઈ. મુંબઈમાં તેમનું બીજું પ્રદર્શન કેકુ ગાંધીની ગૅલરી કેમુલ્ડમાં ૧૯૭૬માં યોજાયું. ૧૯૭૮માં ન્યૂ દિલ્હીમાં પ્રદર્શન યોજાયું અને અંજોલીની ઉત્તમ કક્ષાના ચિત્રકારમાં ગણના થવા લાગી.

અંજોલી ઇલા મેનનની કલા વિષે આજે ઘણાંબધાં લખાણો ઉપલબ્ધ છે. એક પુસ્તક પણ પ્રકટ થએલ છે. અવારનવાર દૈનિકોમાં-સામયિકોમાં તેમના વિષે લેખો છપાતા રહે છે. અંજોલીના પિતા સર્જન ડૉક્ટર. કલકત્તામાં સારો વ્યવસાય અને સંસ્કારી વાતાવરણ. અંગ્રેજી સાહિત્યનું પ્રભુત્વ રહેતું. તેઓ ત્રણ બહેનો. અંજોલી ૧૩ વર્ષનાં હતાં ત્યારે માતા ગુજરી ગયાં. તેમનાં દાદી અમેરિકન હતાં. તેમનાં માસી દિલ્હીની પ્રતિષ્ઠિત કલાસંસ્થાઓ સાથે સંકળાએલાં અને ઘણી વગ ધરાવતાં હતાં. પતિ ભારતીય નૌકાદળના અફસર હોવાથી અંજોલીને લગભગ ૨૯ વખત રહેઠાણ બદલવાનો અનુભવ લેવો પડ્યો. હમણાં તેમના પતિ નિવૃત્ત થતાં લોધી સ્ટેટનાં એક કૉલોનીઅલ બંગલામાં સ્થાઈ થયાં. તેમના બે દીકરામાં એક તેમની સાથે અને એક અમેરિકામાં વસે છે.

અંજોલી આજે ચારથી પાંચ કલાક ચિત્રસર્જન કરે છે. તેઓ કહે છે કે 'હું જ્યારે ચિત્રકામ ના કરી શકું ત્યારે અસ્વસ્થતા અનુભવું છું.' તેઓ મોટા ભાગે હાર્ડબોર્ડ અને મેસોનાઇટ બોર્ડ ઉપર 'સરફેઇસ' તૈયાર કરીને તેલરંગોમાં કામ કરે છે. તેમનાં શરૂઆતનાં ચિત્રોમાં રોમાન્ટિક અસર વધારે દેખાતી. હાલનાં ચિત્રોમાં કટાક્ષનું પ્રમાણ તેમજ જીવન-અસમંજસતાની કથાઓનાં દર્શન થાય છે. પ્રતીકોમાં કાગડા, પોપટ, પતંગ, ભમરડા, નાગ, બીલાડીઓ, જૂની ખુરશીઓ, અડધાં ઉઘાડાં શરીરવાળી ગ્રામીણ સ્ત્રીઓ, પુરુષો, બાળકોનું ચિત્રણ હોય છે. ક્યારેક ખાસ પ્રકારના રહસ્યવાદી જેવાં ચિત્રો દેખાય છે. તેમનાં ચિત્રોના વિષયવસ્તુ દરેકને પકડી રાખવાની શક્તિ ધરાવે છે. શહેરનાં મોટાં મહાલયોમાં ખાસ મુકાતાં તેમનાં બારીબારણાંની ફ્રેમમાં કાચના સ્થાને દેખાતાં ચિત્રો, જેને તેઓ 'મોંકૂસીલ્સ સ્કેપ' કહે છે તે અને સતત ભારતની ગરીબ અર્થવ્યવસ્થાનાં પ્રતીકો દર્શાવવાનો આયામ સમજાતો નથી, કદાચ પરદેશના ખરીદારોને લક્ષમાં રાખવામાં આવતા હોય? કંઈક નવું કરવાની દિશામાં તેમણે યોજેલ વિવિધ પ્રકારના ફર્નિચર ઉપરનું ચિત્રસર્જન પ્રદર્શનપ્રભાવ પાડી શક્યું ન હતું.

જગતપ્રખ્યાત સંસ્થાઓ 'ક્રિસ્ટી' અને સોથબેનાં હરાજી પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો સ્થાન પામે છે, ૧૯૬૫માં રૂ. ૫૦૦માં વેચાએલ તેમનું ચિત્ર ૧૯૯૮માં પાંચ હજાર પાઉન્ડમાં વેચાય તે પણ ચિત્રવ્યવસાયની તાસીર છે. વેલકમ ગ્રૂપની થોડીક હોટલોનાં ચિત્રો તેમજ ઇન્ટરનેશનલ એરપોર્ટ ન્યૂ દિલ્હીનાં તેમનાં મ્યૂરલ ચિત્રો સારી પ્રશંસા પામ્યાં છે. તેમનાં અન્ય પ્રદર્શનોમાં ૧૯૮૦ ન્યૂ યોર્ક અને વૉશિંગ્સ્ટન, ૧૯૮૮ 'રિટ્રોસ્પેક્ટિવ' મુંબાઈમાં, ૧૯૯૬ હૉંગકૉંગ અને ન્યૂ યોર્ક, તેમનાં ચિત્રોના સંગ્રાહકોમાં વિકટર



બંનર, શ્યામ બેનેગલ, ચાર્લ્સ કોરીઆ, સરયુ દોશી, પરમેશ્વર ગોદરેજ, પુપુલ જયકર, તાતા પરિવાર, લલિત કલા અકાદમી, નેશનલ ગૅલરી ઑવ્ મૉડર્ન આર્ટ, સંખ્યાબંધ હોટેલો અને ધંધાકીય પરિવારોને ગણી શકાય. તેમની ૬૦ વર્ષની ઉજવણીના એક ભાગ રૂપે આ વર્ષે દિલ્હીના આર્ટ ટુ ડે ગૅલરી સંસ્થા દ્વારા 'નિમરાણા ફોર્ટ' ખાતે દેશના અન્ય પ્રમુખ ૨૦ જેટલા કલાકારો સાથે સન્માન-ઉજવણી તેમજ પ્રદર્શન યોજાયું તે ખૂબ જ સારી પરંપરા શરૂ થયાનો નિર્દેશ કરે છે. 'પેઇન્ટિંગ્સ ઇન ધ પ્રાઇવેટ ક્લેશન' નામનું રૂ.૨૦૦૦નું તેમનું એક ખાસ-ચિત્રસભર પુસ્તક પણ બહાર પડેલ છે. સ્વબળે સખત પરિશ્રમ દ્વારા ચિત્રકલામાં આગવું સ્થાન પ્રાપ્ત કરનારાં અંજોલી ઇલા મેનન અન્ય સ્ત્રીચિત્રકારો માટે પ્રેરણા સમાન છે.

**ગજેન્દ્ર શાહ – ચિત્રકાર**

# કંકાવટી

## નૃત્યસાધિકા ઈના શાહ

કથ્થક નૃત્યનાં ખ્યાતનામ કલાકારોમાં ગુજરાતમાં ઈના શાહનું અનોખું સ્થાન છે. તેઓ કલાક્ષેત્રે ખ્યાતનામ



ગુરુજી પં. શ્રી સુંદરલાલજી ગંગાણીનાં શિષ્યા છે. ઈના વિશાળ અનુભવ અને કલાની ઊંડી સૂઝ ધરાવે છે. સ્વભાવે નિખાલસ, મળતાવડાં, નિરાભિમાની અને વિનમ્ર છે. મૃદુ વાણી તેમની આગવી શૈલી છે.

ઈનાને બાલ્યકાળથી જ નૃત્ય-સંગીત-કલાની પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. ઘરમાં કોઈ પણ જાતનું કલામય વાતાવરણ ન હોવા છતાં માતાપિતાએ તેમની દીકરીને કલા વિકસાવવા અનેરું પ્રોત્સાહન આપ્યું. ૧૧ વર્ષની નાની વયે વડોદરાની મ્યૂઝિક કૉલેજમાં ઇનાનું નૃત્યશિક્ષણ આરંભાયું હતું. તેમના ગુરુજીના માર્ગદર્શન હેઠળ કથ્થક નૃત્યનું શિક્ષણ લીધું. કથ્થકમાં ડિપ્લોમા પદવી મેળવવી તેટલું પૂરતું નથી પણ સાથે સાથે બી.એ. થઈ લૉ કૉલેજમાં દાખલ થયાં 'પરંતુ કૉલેજના તે સમયનાં પ્રાધ્યાપિકા પ્રફુલ્લાબહેન ઓઝાના માર્ગદર્શનમાં કથ્થક નૃત્યમાં ડિગ્રી-અભ્યાસ શરૂ કર્યો.

ઈ.સ. ૧૯૭૮ની સાલથી તેમના ગુરુજી દ્વારા નૃત્યનું ઊંડું જ્ઞાન લેવાની તેમને સારી તક પ્રાપ્ત થઈ. તેઓએ સૌપ્રથમ વડોદરાના પ્રખ્યાત ગાંધીનગર ગૃહમાં પોતાની કલાનો પરિચય કરાવ્યો, અને ત્યારથી જ નૃત્યાંગના તરીકેની કારકિર્દીનો આરંભ થયો. આ કાર્યક્રમ વખતે વણિક જ્ઞાતિમાં ખળભળાટ મચી ગયો !

પરંતુ માતાપિતાના આશીર્વાદ, પ્રોત્સાહન અને ઇનાની નૃત્ય પ્રત્યે જબરદસ્ત લગન અને સાધના સામે સમાજને ઝૂકવું પડ્યું, કાર્યક્રમની રજૂઆત થઈ અને તે પણ સતત ૨ થી ૨ાા કલાકની, સૌને અચંબો થયો. ભક્તિભાવ અને નૃત્યની શુદ્ધતા જોતાં જ જ્ઞાતિમાંથી કથ્થક નૃત્યના વર્ગ ચલાવવાનું આમંત્રણ મળ્યું. આ કાર્યક્રમથી તેમના ગુરુજીએ ઇનામાં નૃત્યકલાનાં બીજ નિહાળ્યાં.

ત્યારબાદ ૧૯૮૦માં બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ, અમદાવાદ દ્વારા તેમના અધિવેશનમાં વલસાડ ખાતે ઇનાને નૃત્યના કાર્યક્રમ માટે આમંત્રણ પ્રાપ્ત થયું, અને વડોદરા શહેર બહાર આ કાર્યક્રમ તેમનો પહેલો હતો. તેમને ખૂબ જ સફળતા મળી. ત્યારબાદ ઈનાએ 'ગુજરાતમાં અનેક સ્થળોએ નૃત્યોની સુંદર રજૂઆત કરી પોતાનો આગવો પરિચય કરાવી ગુજરાતનું ગૌરવ વધાર્યું.

કલાગુરુની સલાહ અને ઉચ્ચ શિક્ષણથી ઈનાને ભારત સરકારની કથ્થક નૃત્ય માટેની શિષ્યવૃત્તિ ૧૯૮૨થી ૧૯૮૪ એમ બે વર્ષ સુધી મળી, અને કથ્થક નૃત્યક્ષેત્રે અનેક એવૉર્ડથી સન્માનિત પણ થયાં. ૧૯૮૩માં તેમની અથાક સાધના અને અભ્યાસથી પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે એમ.મ્યૂઝિકની ડિગ્રી પ્રાપ્ત કરી. આ ઉપરાંત ગાંધર્વ મહાવિદ્યાલયની અલંકાર પરીક્ષામાં સમસ્ત ગુજરાતમાં સૌથી વધુ ગુણાંક મેળવી બે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યા.

ઈનાએ કથ્થક નૃત્ય ઉપરાંત ગાયન અને ભરતનાટ્યમ્ નૃત્યનો ડિપ્લોમા મ્યૂઝિક કૉલેજ વડોદરામાંથી પ્રાપ્ત કર્યા. ભરતનાટ્યમ્‌ના અભ્યાસ માટે તેમને ગુરુજી કુબેરનાથ તાંજોરકર પાસેથી શિક્ષણ લેવાની સુંદર તક મળી. નાની વયે તેઓએ ભરતનાટ્યમ્‌ના પણ ઘણા નાના-મોટા કાર્યક્રમ રજૂ કર્યા.

સિમલા ખાતે યોજાયેલ ઑલ ઇન્ડિયા આર્ટિસ્ટ કૉન્ફરન્સમાં ઇનાને કથ્થકના કાર્યક્રમ માટે આમંત્રણ પ્રાપ્ત થયું. ત્યાં પોતાની આગવી શૈલીમાં થાળીનૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા.

અભ્યાસકાળ દરમ્યાન કૉલેજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તેઓ સક્રિય ફાળો આપતાં. આવા જ એક કાર્યક્રમમાં તેમની કૉલેજમાં ડીન પ્રો. ચંદ્રશેખરે તેની કલા પિછાણી અને દિલ્હી શહેરમાં કથ્થક કેન્દ્ર દ્વારા આયોજિત શરચંદ્રિકા મહોત્સવમાં કાર્યક્રમ કરવાની તક મળી.

પોતાના કર્તવ્યનિષ્ઠ ગુરુજીના માર્ગદર્શન હેઠળ ઇનાને દિલ્હીના રંગમંચ પર પોતાની નૃત્યકલાનું પ્રથમ વાર પ્રદર્શન કરવાની તક મળી, જેમાં જગવિખ્યાત કલાગુરુ પં. બિરજુ મહારાજની હાજરી હતી.

કટની (એમ.પી) ખાતે યોજાયેલ 'કિરણ સર્વશ્રેષ્ઠ કલાકાર પ્રતિયોગિતા'માં ૧૯૮૫માં 'કિરણ ટ્રૉફી' પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ૧૯૮૬માં દિલ્હીમાં I.C.C.R. દ્વારા તેમનો કથ્થક નૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. ત્યાં ઈનાએ અનોખી શૈલી અને તાલબદ્ધ અંગડોલનથી હાવભાવ રજૂ કરી ખૂબ જ પ્રશંસા મેળવી.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજીભાઈના સાન્નિધ્યમાં ગાંધર્વ મહાવિદ્યાલય મહામંડળ દ્વારા મહેમાન કલાકાર તરીકે કથ્થક નૃત્યના કાર્યક્રમનું આમંત્રણ મળ્યું. અહીં તેમની નૃત્યકલાની શક્તિની ખરી પિછાણ સમાજમાં થઈ. નૃત્યના પ્રારંભ બાદ વીજળી ખોરવાતા નૃત્ય બંધ ન કરતાં સૌને પોતાના તાલબદ્ધ ફુટવર્ક દ્વારા તેમના ગુરુજીના તબલાંના તાલબદ્ધ લયમાં નૃત્ય રજૂ કરી સૌને આશ્ચર્યચકિત કર્યાં હતાં.

(અનુસંધાન પૃ. ૭૪૪)

# સાહિત્યસંપર્ક

## નોબેલ વિજેતા ઝિંગ્જયાંગ

દારૂગોળો અને એવી બીજી પ્રધ્વંસક-વિસ્ફોટ સામગ્રીના શોધક સ્વીડનના ઉદ્યોગપતિ રસાયણશાસ્ત્રી આલ્ફ્રેડ બર્નહાર્ડ (૧૮૩૩-૧૮૯૬) નોબેલ પોતાના



વસિયતનામામાં પાંચ ક્ષેત્રે જગતશ્રેષ્ઠ કરનારને દર પાંચ-છ વર્ષે પારિતોષિક આપવાની યોજના કરતા ગયેલા. એ પાંચ ક્ષેત્રો તે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, સ્વાસ્થ્ય, સાહિત્ય અને શાન્તિકાર્ય. એ અનુસાર ૧૯૦૧થી નોબેલ પ્રાઈઝ અપાતું આવે છે. આમાં અર્થશાસ્ત્રના ક્ષેત્રનું છઠ્ઠું પારિતોષિક ઉમેરાયું છે.

આ વખતે ૨૦૦૦ના નોબેલની એક ખાસ ખૂબી જોઈ ? દક્ષિણ કોરિયાના ૭૫ વર્ષના પ્રેસિડેન્ટ કિમ-દાએજંગને એ મળ્યું. ઉત્તરના કૉમ્યુનિસ્ટ, પોતાને કેદ કરનાર, મૃત્યુદંડ દેનાર, જીવનભર પરેશાન કરનારને, પોતે ચૂંટાતાં, પહેલી જ જાહેરાતમાં ક્ષમા આપી! સામેથી મળવા ગયા. સંધિ કરી. કોરિયાના ભાગલા સાંધ્યા. એ કૉમ્યુનિસ્ટ-સંધિનું ફળ આ પારિતોષિક. તો, સાહિત્યનું? જીવને જોખમે પણ કૉમ્યુનિસ્ટ જુલ્મ સામે અણનમ રહેવાનું ફળ ! તે ય સાહિત્યિક ગુણવત્તા જાળવીને. જાણે એક સંધિ માટે; બીજું સંઘર્ષ માટે.

આ વખતના નોબેલ પુરસ્કારોમાં સાહિત્ય વિષેનાની જાહેરાત જરા મોડી થઈ ! પહેલાં વિજ્ઞાન-અર્થશાસ્ત્ર વિષેનાં જાહેર થયાં, પછી શાન્તિ-સાહિત્ય માટેનાં. સ્વીડિશ અકાદમીએ ૧૨મી ઑક્ટોબર ને ગુરુવારે સ્ટૉકહોમમાંથી નવ લાખ ને પંદર હજાર સ્વીડિશ ડૉલરનો સાહિત્યપુરસ્કાર ચીની લેખક ગાઓ-ઝિંગ્જયાંગ માટે જાહેર કર્યો. શેને માટે ? જાહેરાતના જ શબ્દોમાં :

''For an oeuvre of universal validity, bitter insights and linguistic ingenuity which has opened new paths for Chinese novel and drama.'

એટલે કે જેણે ચીની નવલકથા અને નાટકો માટે નવા માર્ગો ખોલી આપ્યા છે તેવા, વૈશ્વિક માનવએકતા, ઊંડું ચિંતન અને ભાષાની પ્રભાવક વિદગ્ધતાવાળા એમના સમગ્ર સાહિત્ય માટે. ફ્રેન્ચ શબ્દ oeuvreનો મુખ્ય અર્થ થાય 'સમગ્ર સાહિત્ય'. આમાંનું universal validity માનવ-માનવ વચ્ચે ભેદભાવ ન ચાલે અને માનવાધિકારો સર્વ માટે સમાન હોય એ મહત્ત્વનું મૂલ્ય છે. પ્રેસિડેન્ટ કિમે પુરસ્કારનો પ્રતિભાવ આપતાં જાહેર કર્યું : 'I will continue making efforts to improve human rights, democracy and peace – not only on the Korean peninsula, but in Asia and through out the world'

'માનવ અધિકારો, લોકશાહી અને શાન્તિ ત્રણેય માત્ર કોરિયામાં જ નહિ, એશિયામાં ને એ દ્વારા જગતઆખામાં સ્થપાય એ માટે હું મથીશ.' કિમનું આ જગબહુમાન જોઈ કોરિયા આખું નાચ્યું ! કિમ વિરોધી પાર્ટી GNP : ગ્રાન્ડ નેશનલ પાર્ટીના અધ્યક્ષ લી-હોઈચૅંગ પોતે કિમને ત્યાં અભિનંદન આપવા દોડી ગયા ! ત્યારે ચીનના સાહિત્યકારને પારિતોષિક મળતાં ત્યાંના સત્તાધારીઓ ફુંગરાયા : 'આ તો નર્યું રાજકારણ ! અમારે આ અમાન્ય' અને ચીનનું લોક તો બિચારું ચૂપ જ રહેને !

પણ આપણાં એક પત્રકારે (શોભા સક્સેના: સંદર્ભ ઇંડિ. એક્સપ્રેસ, ૧૬ ઑક્ટો. પૃ. ૭) લંડનમાં ગાઓ-ના એક મિત્ર કવિ-વિદ્વાન ડૉ. લ્યૂ હોંગબીનને પૂછતા એ કહે :

'He is perhaps the best writer in the Chinse language.' પછી ઉમેરે છે : 'એ ચીનમાં હતો ત્યારે તો ત્યાંની પછી કલ્ચર' મિનિસ્ટ્રી પણ એની પાસે લખાવરાવતી ! એને નોબેલ મળ્યું એનું મને આશ્ચર્ય નથી. તિયેન્નન્મેન સ્કવેરના (૧૯૮૯) હત્યાકાંડ પછી એણે એક અદ્ભુત નાટક લખેલું 'Escape' (પલાયન). ત્રણ જ પાત્રો : એક આધેડ, એક યુવક ને એક યુવતી. પાછળ લશ્કર, ને આ ત્રણ સંતાતાં-છુપાતાં ભાગ્યે જાય !'

'જાત અનુભવ નહીં ?' 'હા.'

'તમે પણ ભાગી છૂટેલા કે ?'

'તો શું કરું ? પાંચનો હતો, ને મારા પિતાને પકડી ગયા, હું સાતનો હતો, ને એમને મારી નંખાયા ! ૧૯૮૯માં તિયેન્નન્મેન સ્કવેરમાં કોઈ રાજકારણીઓ ભેગા નહોતા થયા, હતા બધા જ છોકરડા વિદ્યાર્થીઓ. એમના પર ટૅન્ક ચલાવાય ને ગોળા વરસે ! કલ્પી શકાય એમ નહોતું !'

'તમે હવે ત્યાં જવાના કે?'

'એ દેશ સાથે જોડનાર એક જ કડી છે. મારી ૬૫ વર્ષની માતા! ખબર નથી, એને ક્યારે મળાશે! પણ આશા રાખીએ કે યુગોસ્લાવિયામાં થઈ એમ ત્યાં પણ શાન્ત ક્રાન્તિ થાય...'

'ત્યાં સુધી તમારે તો...'

'શાશ્વત પરિભ્રમણ, સદાના નિર્વાસિત.'

'હા ! જુઓને, આજે ગાઓ ય ક્યાં છે ? છેક પારિ (પૅરિસ)માં. તેય એકલો !'

પારિનો બૅગ્નોલેત વિસ્તાર એટલે શ્રમિકોના વસવાટોથી ભરચક પરું. એના એક ગગનચુંબી મકાનને અઢારમે માળે, ઠંડા પવનના સૂસવાટાને માંડ રોકી શકતી નાની બારીઓવાળા નાનકડા બે-રૂમના

એક સાધારણ ફ્લેટમાં. આમ તો સાઠ વર્ષના. પણ કાળાકેશ ને શાન્ત-નમ્ર-સ્વસ્થ સ્વભાવને કારણે ઓછી વયના દેખાતા ગાઓને સ્ટૉકહોમથી ફોનદ્વારા 'નોબેલ પ્રાઇઝ' મળ્યાની જાણ કરવામાં આવી ત્યારે એને માટે એ ન માની શકાય એવું આશ્ચર્ય હતું. કારણ કે લખવું, લાગે તે – બિધાસ્તથી. એ તો એનો શ્વાસોચ્છ્વાસ ! ચીનમાં હતો ત્યારે ઘરમાં થતી જાસૂસી જાણતો છતાં લખતો. માઓને કાળે માથે મોત લઈને ભાગતો છતાં લખતો ! આવડા મોટા પારિતોષિકની જાણ પછીનો એનો પ્રતિભાવ એના શબ્દોમાં સાંભળવા જેવો છે :

'It was a kind of surprise you just don't expect... I've been writing since I was young. I've always had this obsession with writing. It has coused my suffering and misfotune in China. but I won't stop... Even during the most difficult times in China. I carried on writing secretly without thinking that one day I would get published. It's why I dont expect anything.'

એક બાગી કલમની આ દાસ્તાન! બાગી ખરો પણ કલમની ખોટી ઊછળ-કૂદ નહીં ! ધીર એવો શાન્ત ને સીધોસાદો-વિનયી કે એના બ્લૉકના રખવાળે જ્યારે તપાસ કરી, કે આ બારમી-તેરમી તારીખે એકાએક શું થયું છે કે ફોન પર ફોન આવે છે ને આટઆટલું માણસ અઢારમે માળ આવ્યેજાય છે ! ને જાણ્યું કે ગાઓને કારણે. ત્યારે વધુ નવાઈ લાગી, 'લે! હોય ને !' ઓ એ... એ આવડો મોટો લેખક છે ?' ને એની આગળ, અભિનંદન આપતાં આ આશ્ચર્ય રજૂ કર્યું ત્યારે ગાઓ કહે, 'અહીં તો કેવી મજા છે : શાન્તિ ને એકલતા મળે, અનામી રહી શકાય. ને જો, કેટલાં બધાં છાપરાં આ આંખોમાં એકીસામટાં સમાય ! ને જો ભાઈ, મોટું તો પેલું એફિલ ટાવર છે ! મારી હવેની નૉવેલમાં આ બધું આવશે પારિ !' એ બોલતાં એની આંખો જરૂર ક્ષિતિજપાર મંડાઈ હશે. એ ભાવિમાં જીવે છે. આપણે હજી એના ભૂતનેય ક્યાં જાણ્યો ? એ સાઠ વર્ષ ક્યાં-કેમ-ગયાં ? એ ભાવિનાં સ્વપ્ન ઉતારવા એ કેવું મથ્યો ? કેવું ભમ્યો ! એ સાઠ વર્ષો... હમણાં તો બહુ ઓછું એને વિષે જાણવા મળ્યું છે. ૧૯૪૦ના અરસામાં એનો જન્મ ચીનમાં. ફ્રેન્ચ ભાષાનો એ સ્નાતક, પણ નાનપણથી ચીનીમાં લખે. નાટકો ભજવે-ભજવાવે લખે. ચીની શૈલીનાં કાળી શાહીભરેલા મોટા ભૂંભા બ્રશના બેચાર કે આઠ-દસ લસરકાથી એકી વખતે જ, અત્યંત અઘરી લાગતી જાણે નૃત્ય કરતાં બ્રશના લાંક વળાંકોથી, ઝડપી, ચિત્ર કરવાની શૈલી એનો એ માહેર ! વાર્તા-નવલ પણ લખે, પણ છપાવવાની ખેવના નહીં. ફ્રાન્સ એ જાય-આવે, પણ લખે ચીનીમાં જ. એ ૨૫-૨૬નો થયો ત્યાં ૧૯૬૬ થી ૧૯૭૬નો માઓ-ત્સે-તુંગનો 'સાંસ્કૃતિ ક્રાન્તિ' નામે ઓળખાવાતો ગાળો આવ્યો ત્યારે સૌને એક ઢાંચે ઢાળવાની 'માસ કલ્ચર'ની પ્રક્રિયા ચાલી તેની સામે વ્યક્તિની મુક્ત સત્તાના અધિકારને સ્થાપવા એણે લખવા માંડ્યું. સત્તાધારીઓની આંખ લાલ થઈ. એને વિષે તપાસ ચાલી. છૂપી રીતે ઘરને ખૂણે એણે લખવાનું ચાલુ રાખ્યું. પણ એ ખૂણો જ ખૂટલ હતો ! એના જ શબ્દોમાં-

'In China I could not trust anyone. not even my family. The atmosphere was so poisoned, peple were so brainwashed that even someone from your own family could turn you in.'

કોઈ પર ભરોસો મુકાય એવું નહોતું – અરે, ઘરનાં પર પણ નહીં. આખું વાતાવરણ વિષમય હતું. લોકનાં મગજનું એવું ધોવાણ થઈ ગયું હતું કે તમારા ઘરનો જ કોક જણ તમને મહીં ધકેલી દે ! અને, એનો મિત્ર સાથી (Bei Ling) બી-લીંગ કહે છે કે એમ જ થયું ! એની પત્નીએ જ સરકારને જાણ કરી કે એ સરકારવિરુધે ઘરખૂણે લખ્યાં કરે છે! આમ લખવું એ ત્યારે ગુનો હતો. પણ એને પોતાની જાસૂસી થાય છે એની ગંધ આવી ગઈ હતી. એટલે પંદરેક નાટકો અને કેટલીક નવલકથાઓ સહિતની બધી જ હસ્તપ્રતોનો તો એણે પોતાને હાથે જ નાશ કર્યો ! એના લખાણથી એ લોકમાં જાણીતો હતો.

એને પકડીને 'રી-હેબિલિટેશન' ('સુધારણાશિબિર')માં ધકેલી દેવામાં આવ્યો. એના 'આવાં ગાર્દ' 'avante-garde' – નવતમ અને અસામાન્ય ખ્યાલો અને એબ્સર્ડ નાટકોને ચીનમાં પ્રસારવાના એના પ્રયાસોને દાબી દેવામાં આવ્યા. એની કૃતિઓને 'સ્પિરિચ્યુઅલ પૉલ્યૂશન' આધ્યાત્મિક અધઃપતન તરીકે ઓળખાવાઈ. એને નજરકેદ જેવી સ્થિતિમાં મૂકવામાં આવ્યો.

૧૯૮૨માં એનું પહેલું નાટક 'Absolute Signal' પ્રસિદ્ધ થયું હતું, ને લોકપ્રિય પણ બનેલું. એના પર પ્રતિબંધ મુકાયો. એનો સામાજિક બહિષ્કાર થયો. એને દવાખાને મોકલાયો, ને એને ફેફસાંનું કેન્સર હોવાનું જાહેર કરાયું ! સત્તાધીશો સફળ થાય તે પહેલાં એ ભાગી છૂટ્યો. સામાજિક બહિષ્કાર ને મોત બેના જડબામાંથી છટકવા એ સીચુઆન (Sichuan)નાં જંગલોમાં છુપાઈ ગયો. પછી યાંગ્ત્સે (Yangtze) નદીને કાંઠેકાંઠે દસ માસ લપાતો-છુપાતો એકલવિહાર કરતો રહ્યો ! એની એકલતા જીરવવા એણે વારતા કહેવા માંડી ! એમ પગપાળા એ નહિ નહિ તોય પંદર હજાર કિલોમીટર ભટક્યો. એ અનુભૂતિમાંથી આ દરમ્યાન ચિત્તે કંડારાઈ એક નવલકથા, જે ગયે વરસે જ અંગ્રેજીમાં 'Soul Mountain' (આત્મગિરિ) નામે પ્રસિદ્ધ થઈ છે. એની કૃતિઓમાં એ શ્રેષ્ઠ, એનું 'magnum opus.' ૫૨૮ પાનાંની નવલકથા. લિંગ્શાન નામે સ્થળની વાત ! એ માટે સ્વીડિશ અકાદમીનો અભિપ્રાય આવો હોવાનું જણાવાયું છે : 'One of those singular literary creations that seem

impossible to compare with anything but themselves.'

જેને માટે અનન્વયનો જ આશરો લેવો પડે એવી કૃતિ. એના બીજા પ્રકરણમાં માઓના સામાજિક ઉત્થાનનો સીધો ઉલ્લેખ છે. એક સંવાદ છે :

૧. પહેલાં તો સ્ત્રીપુરુષ એકઠાં થઈ તાપણાં ફરતાં છેક પરોઢ સુધી નાચતાં-ગાતાં ! પણ પછી એના પરે ય પ્રતિબંધ આવ્યો.

૨. 'કેમ ?' મને ખબર તો હતી છતાંય મેં પૂછયું. હું ફરીથી મારી જાતને છેતરતો હતો !

૧. કારણ કે એ સાંસ્કૃતિક ક્રાન્તિ હતી. એ ગીતો તો ગંદાં ગણાય. એટલે પછી અમે માઓ-ત્સે-તુંગનાં જ વેણ લઈને ગાવા માંડ્યાં.

આ નવલમાં એક વ્યક્તિની પોતાના મૂળ સ્રોતની, આન્તરિક શાન્તિની તથા મુક્તિની ખોજની વાત છે. એ માટે વ્યક્તિને સમસ્ત દેશ-કાળ (સ્થળ-કાળ)માં ભટકવું પડે છે. આ એવા સ્થળકાળની પરિભ્રમણકથા - an odyssey in time and space — છે.

૧૯૭૯ સુધી તો એના પર પ્રવાસ-પ્રકાશન માટે પ્રતિબંધ હતો. એનાં જે નાટકો પ્રતિબંધ પહેલાં ભજવાયાં તે લોકપ્રિય થયેલાં, પણ સરકારે તિરસ્કારેલાં. ૧૯૮૬માં છેલ્લે 'The Other Shore' ('સામેનો તટ') ભજવાયું કે પ્રતિબંધાયું ! ૧૯૮૭માં ચૂપચાપ એણે ચીન છોડ્યું. ને એક વર્ષ પછી પારિમાં રાજકીય નિર્વાસિત (political refugee) તરીકે આશ્રય મેળવ્યો. ૧૯૮૯માં તિયેનન્મેન સ્કવરમાં જે હત્યાકાંડ થયો બેજિંગમાં, તે પછી એણે કૉમ્યુનિસ્ટ પાર્ટી પણ છોડી. ચીની સત્તાધીશોએ એને 'અમાન્ય વ્યક્તિ' — 'persona non-grata' — જાહેર કર્યો, અને એની બધી જ કૃતિઓ પર પ્રતિબંધ મૂક્યો.

બાર વરસથી એ પારિમાં વસે છે. એક 'તપ' થયું ! ધાણી ફૂટે એમ અનાયાસે શુદ્ધ ફ્રેન્ચ બોલે છે. ફ્રેન્ચ નાગરિક છે. સાદું જીવન છે. ટૂંકી બાંયનું એક બુશ-શર્ટ ને પેન્ટ કે પાયજામો, પગમાં સ્લીપર ! ચીતરીને ને નાટકો મંચ કરીને રોજી કમાય છે ને લખીને પોતાના અસ્તિત્વની ખાતરી પામે છે એમ એ કહે છે : 'When you use words you're able to keep your mind alive. Writing is my way of reaffirming my own existance.'

એની કેટલીક કૃતિઓમાં 'Bus Stop' (1983). 'The Other Shore' (1986) 'Between Life and Death' (1991). 'Weekend Quartet' (1995) અને અંગ્રેજીમાં ગયે વર્ષે પ્રસિદ્ધ થયેલી એની સૌથી વધુ જાણીતી નવલકથા 'Soul Mountain'. આમેય, કવિમાત્ર અહીં તો કાયમના નિર્વાસિત ! એમ એક અંગ્રેજી કવિતામાં ઉમાશંકર કહે છે. કહે છે, કોણ કવિના નાનકડા આત્માને ક્યાંકથી ચોરી લાવી, અહીં મૂકી ગયું આ જીવનમાં ? ખેર, એ વાત સ્વીકારી, પણ 'સંઘર્ષ'ની ખોટી બડાઈ સાથે નહીં ! અમે કવિ લોકની માફક જન્મથી મૃત્યુ સુધી જનારા નહીં. અમે તો મૃત્યુથી આરંભીને જન્મ સુધી, ને પછી નિરંતર એવી યાત્રાના શોધકો. કવિનો માર્ગ ન્યારો, કાંટાળો, તોય એને પ્યારો, ને સ્થળકાળનેય જીતનારો — એ ત્રણેય વાત ઉમાશંકરના જે કાવ્યમાં છે એને સલામ સાથે આ શાશ્વત નિર્વાસિત શબ્દસ્વામીના સ્મરણનેય સમેટીએ !—

'I wonder how this little soul
Was smuggled into life.
Not that I dread the fact of being.
That men misname as strife.

From birth to death the mortals roam.
I seek the way from eath to birth;
I have wandered and will wander still
An exile on this earth.' -ઉમાશંકર

('સમગ્ર કવિતા' દ્વિતીય આવૃત્તિ
૧૯૮૧, પૃ. ૧૨૮)

-કનુભાઈ જાની

અનુસંધાન | કંકાવટી | પૃ. ૭૪૧થી

સિદ્ધિનાં સોપાન સર કરવાં હોય તો સાધના એ જ એક માર્ગ છે. ઉત્તર ભારતના કથ્થક નૃત્ય પ્રકારની આ નૃત્યાંગના એક અજબ કલાસાધિકા છે. વડોદરામાં જન્મેલી આ ગુજરાતી નૃત્યાંગના ગુજરાતમાં કે ગુજરાત બહાર જ્યાં જ્યાં પોતાનાં નૃત્યોની રસલ્હાણ કરે છે ત્યાં ત્યાં પ્રેક્ષકો મુગ્ધ થઈ જાય છે.

ઈ.સ. ૧૯૮૮ ના જૂન-જુલાઈમાં ભારત સરકાર દ્વારા રશિયામાં ઇન્ડિયા ફેસ્ટિવલનું આયોજન થયું હતું. શ્રીમતી કુમુદિની લાખિયા દ્વારા આમંત્રણ મળતાં તેમના જૂથ સાથે તાસ્કંદ, ક્રેમલીન, બોલશોય થીએટર અને ઑલિમ્પિક સ્ટેડિઅમમાં કદમ્બ ગ્રૂપના સુંદર કાર્યક્રમો રજૂ કર્યા. આ તેમનો પ્રથમ વિદેશ-પ્રવાસ સદા યાદગાર રહ્યો. આ પ્રવાસ દરમ્યાન જગવિખ્યાત કોરિયોગ્રાફર શ્રીમતી કુમુદિની લાખિયાના માર્ગદર્શન હેઠળ નૃત્ય-શિક્ષણ લેવાની પણ સારી તક ઇનાને પ્રાપ્ત થઈ.

ચાલુ સાલે માર્ચ - ૨૦૦૦ માં ધૂળેટીના દિવસે 'રંગારંગ' સંસ્થા દ્વારા વડોદરાના સાવલી મુકામે યોજાયેલ કાર્યક્રમમાં પણ ઇનાએ સુંદર હોળી નૃત્યો રજૂ કરી સૌને આનંદવિભોર કર્યા.

હાલમાં તેઓ ચારુતર વિદ્યામંડળ સંચાલિત, સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કલા કેન્દ્ર કૉલેજ ઑવ્ મ્યૂઝિક ઍન્ડ ડાન્સમાં કથ્થક વિભાગમાં છેલ્લાં અઢાર વર્ષથી પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવે છે. આ નૃત્યાંગના પાસે અત્યાર સુધીમાં અગણિત શિષ્યાઓએ તાલીમ લીધી છે. તેઓ સારા નૃત્યકાર હોવાની સાથે સાથે સારા શિક્ષક પણ પુરવાર થયાં છે.

# ઈતિહાસધારા

અશોક હર્ષ

મરાઠી સત્તાનો અસ્તકાળ ત્યારે શરૂ થઈ ચૂક્યો હતો. દેશ પર અંગ્રેજોનું વર્ચસ વધુ ને વધુ જામતું જતું હતું. એવા વખતે મરાઠી સત્તાને ટકાવી રાખવા ઝૂઝ તારામાં ત્રિંબકજી ડેંગળે સૌથી મોખરે હતા. જેમને અંગ્રેજ ઇતિહાસકારોએ 'અભણ, દુષ્ટ અને ખૂની' તરીકે ચીતરેલ છે. સંગમનેર તાલુકાના નીબગાંવ મુકામે જન્મેલા આ દેશભક્તના પિતાનું નામ મલ્હારજી. ત્રિંબકજી મલ્હારજીની બીજી પત્નીની કૂખે ઈ. ૧૭૭૫માં જન્મેલા. તેમના સાવકા ભાઈનું નામ કુસાજી.

બંને ભાઈઓને પરણાવ્યા બાદ મલ્હારજી મોટું દેવું તેમના માથે મૂકીને મરણ પામતાં ત્રિંબકજી પૈસા કમાવા નાગપુર ઊપડ્યા, પરંતુ બે વરસ વીત્યાં છતાં કશો મેળ ન પડતા તે પાછા ફર્યા અને બંને ભાઈઓએ નીંબગામ છોડી પાડેસર ગામે ખેતી શરૂ કરી. બાદ ત્રિંબકજી પૂના ઊપડ્યા અને ત્યાં પોતાની બુદ્ધિપ્રતિભાના બળે પેશવા બાજીરાવ બીજાના ખાસ વિશ્વાસુ કારભારી બન્યા અને પોતાનું સ્વાતંત્ર્ય અંગ્રેજોએ હરી લીધા બદલ પેશવા બાજીરાવ બીજાને ખૂબ લાગી આવ્યું હતું; પરંતુ તે પાછું મેળવવા માટે જરૂરી ધાર્ય, સાહસ અને બુદ્ધિપ્રતિભા તેમનામાં નહોતાં. જે ઊણપ ત્રિંબકજીએ પૂરી પાડી.

ત્રિંબકજી અંગ્રેજોની ચાલથી પૂરા પરિચિત હતા. તેમણે પહેલા તો પેશવાનું તોપખાનું સુધાર્યું. પછી લશ્કર વધારવાનું શરૂ કર્યું. તેમણે વહીવટી તંત્ર સુધારી તેમાં શિસ્તબદ્ધતા આણી અને જરૂર લાગી ત્યાં ખુદ પેશવાના અંગત ખર્ચ પર કાપ મૂક્યો. આ બધાં પગલાંનું પરિણામ એ આવ્યું કે ઈ. ૧૮૧૫માં પેશવાઈનો ખજાનો ૧૫ કરોડ રૂપિયાથી છલકાતો થઈ ગયો. તેમણે ધારવાડનો કિલ્લો કબજે કરીને અંગ્રેજો વિરુદ્ધ સંગઠિત થવાને સમજાવવા માટે પોતાના દૂત સિંધિયા, હોળકર, ગાયકવાડને ત્યાં મોકલી આપ્યા. આથી સામે અંગ્રેજોએ ગંગાધરશાસ્ત્રી, ખુસશેઠ મોદી, વગેરેના ખૂનના આરોપ ત્રિંબકજી પર ઢોળી તે પોતાને સોંપી દેવાનું જણાવતાં બાજીરાવે જવાબ આપ્યો કે, તમે એ બદલ પુરાવા રજૂ કરો. પરંતુ છેવટે અંગ્રેજોની ધમકીઓને વશ થઈ પેશવાએ ત્રિંબકજીને અંગ્રેજોને સોંપી દીધા.

અંગ્રેજોએ ત્રિંબકજીને થાણાની જેલમાં પૂરી દીધા. તેમનો ઈરાદો એમને ફાંસીએ લટકાવવાનો હતો, પણ ત્રિંબકજી ગમે તેમ કરીને ત્યાંથી નાસી છૂટ્યા. અંગ્રેજોએ જાહેર કર્યું કે ત્રિંબકજીને નસાડવામાં પેશવા બાજીરાવનો હાથ હતો. મુક્ત થયેલા ત્રિંબકજીએ ફોજ જમાવી નાશિક, ખાનદેશ, સંગમનેર, સતાસ વગેરે જુદાં જુદાં સ્થળે આક્રમણો શરૂ કરી દીધાં. અંગ્રેજોએ તેમને હાથ કરવા એક લાખ રૂપિયા સાથે એક ગામની બક્ષિસ જાહેર કરી.

અંગ્રેજોની ભીંસ વધી જતાં ત્રિંબકજી સામે ચાલીને ઈ. ૧૮૧૮ના ડિસેમ્બરમાં અંગ્રેજોના શરણે ગયા. અંગ્રેજો તેમને જુદી જુદી જેલોમાં ફેરવતા રહ્યા. છેલ્લે ચુનારના કિલ્લામાં કેદી અવસ્થામાં ઈ. ૧૮૨૯ના એપ્રિલની ૧૬મીએ આ મહાન દેશભક્ત અવસાન પામ્યા.

*

ઓચ્છાના રાજવંશમાંથી ઊતરી આવેલા બાણપુરા ચંદરીના રાજા મર્દનસિંહ એક પરાક્રમી અને પ્રભાવશાળી રાજવી હતા. અંગ્રેજો સાથે એ સારો સંબંધ ધરાવતા હતા. પરંતુ પાછળથી અંગ્રેજોએ એમને હેરાન કરવા માંડ્યા અને ૧૮૫૭ના વિદ્રોહીઓ સાથે એમને મેળ હોવાની શંકા પરથી એમનું રાજ્ય પડાવી લીધું. તે પાછું લેવાના મર્દનસિંહના પ્રયાસો ચાલુ જ હતા એ દરમિયાન એમને જાણવા મળ્યું હે સાગર મુકામેની ભારતીય લશ્કરી ટુકડીએ અંગ્રેજો સામે વિદ્રોહનો ઝંડો ફરકાવ્યો છે. એટલે તેમણે પોતાની બુંદેલી સેના સાથે સાગર પ્રતિ પ્રયાણ કર્યું. માર્ગમાં અનેક વિદ્રોહી સૈનિકો તેમની સેનામાં ભળતા ગયા.

રાજા મર્દનસિંહ સાગર પહોંચે એ પહેલાં અંગ્રેજોએ પોતાની તાકાત ખૂબ વધારી દીધી હતી. સર હ્યુ રોઝ મર્દનસિંહના સામના માટે મોટી સેના લઈ આગળ વધ્યાં અને મર્દનસિંહને હરાવી તેણે ઝાંસીની વાટ પકડી. મર્દનસિંહને લાહોર મોકલી આપવામાં આવ્યા. એમનું શું કરવું એ અંગેની લાંબા સમયની વિચારણા બાદ એવું નક્કી કરવામાં આવ્યું કે એમનો તમામ મુલ્ક ખાલસા કરી માસિક એક હજારનું પેન્શન બાંધી આપવું. તેમને મથુરામાં રાખીને ત્યાંથી ક્યાંય ન જવાનું ફરમાવવામાં આવ્યું. આમ છતાં રાજા મર્દનસિંહે પોતાની મુક્તિના પ્રયાસો ચાલુ રાખ્યા. તેમનું ધૈર્ય ફળ્યું. અને તેમના આગ્રા જિલ્લામાં ગમે ત્યાં રહેવાની ને હરવાફરવાની છૂટ આપવામાં આવી.

આ છૂટ મળતાં રાજા મર્દનસિંહે મથુરા-વૃંદાવન માર્ગ પરની એક વૃક્ષકુંજમાં પોતાનો નિવાસ ઊભો કરી ત્યાં શાંતિપૂર્વક જીવન ગુજારવા માંડ્યું. આ કુંજમા જ તેમણે કેટલાંક વર્ષે બાદ દેહ છોડ્યો. ઝાંસીના પ્રજાએ તેમના નામે 'મર્દનસિંહ કોલેજ, ઊભી કરીને સત્તાવનના એ વીરની સ્મૃતિ જાળવી રાખી.' ❒

# સૂર્યમાળાના ગ્રહો – ૧ બુધ

સંજય ભટ્ટ


સૂર્યની નજીકમાં નજીક આવેલો આ ગ્રહનો વ્યાસ ૩૦૨૮ માઈલનો છે. સૂર્યથી તેનું સરેરાશ અંતર ૩ કરોડ ૬૦ લાખ માઈલનું રહેતું હોય છે. આ ગ્રહ તેની કાલ્પનિક ધરી ઉપર માત્ર ૨°ના ખૂણે ઢળેલો છે. સૂર્યને ફરતે એક ચક્કર પૂરું કરવામાં તેને ૮૮ દિવસ થાય છે. તે પોતાની ધરી ઉપર પણ સતત ઘૂમતો રહે છે અને એક ચક્કર ૫૯ દિવસમાં પૂરું કરે છે. તેના ઉપર દિવસ દરમિયાનનું ઉષ્ણતામાન ૮૦૦° ફે. અને રાત્રિ દરમિયાનનું માઇનસ (-) ૩૦૦° ફે. રહેતું હોય છે. આ ગ્રહ સામાન્ય પરિસ્થિતિ હોય ત્યારે પૂર્વ દિશામાં ક્ષિતિજના નીચેના ભાગમાં સૂર્યોદયના સમયે અને પશ્ચિમ દિશામાં સૂર્યાસ્તના સમયે જોવામાં આવે છે. અન્ય ગ્રહો કરતાં તે સૂર્યની નજીકમાં આવેલો હોવાથી રાત્રીના સમયે અન્ય ગ્રહોની જેમ તારાના સ્વરૂપે તે દૃષ્ટિમાન થતો નથી. આ ગ્રહ અંગેની વિસ્તૃત માહિતી ઈ.સ. ૧૮૮૧થી '૮૯ દરમિયાન પ્રાપ્ત થવા પામી હતી. જો કે તેના અંગે સંપૂર્ણ વિગતો દર્શાવતો એક ચાર્ટ તો ઈ.સ. ૧૯૩૪માં એક ગ્રીક ખગોળશાસ્ત્રીએ તૈયાર કરીને જાહેરમાં મૂક્યો હતો. આ ઉપરાંત ઈ.સ. ૧૯૭૦માં જ્યારે 'મેરિનર-૧૦' નામનું અવકાશયાન છોડવામાં આવ્યું હતું ત્યારે તેના ઉપર આવેલાં પડો, પર્વતો અને ખીણોની માહિતી પ્રાપ્ત થવા પામી હતી. આ માહિતીના આધારે એ જાણી શકાયું હતું કે, તેની સ્થિતિ ચંદ્રની સ્થિતિને મળતી આવે છે. એક શક્તિશાળી દૂરબીન દ્વારા બુધ ઉપર જે વિશાળ કદનો ખાણ જેવો વિસ્તાર દેખાયો હતો, તેનો વ્યાસ ૮૧૨ માઇલનો હોવાનું અનુમાન કરવામાં આવે છે. આ વિસ્તારની ચારે તરફ વિશાળ પર્વતોની હારમાળા આવેલી છે.

બુધગ્રહ કદમાં પૃથ્વી કરતાં નાનો અને ચંદ્ર કરતાં મોટો છે. તે ૭૦% લોખંડ અને ૩૦% પથ્થરોનો બનેલો હોવાનો અંદાજ છે. તેની પોતાની ધરી ઉપરની ભ્રમણની ગતિ અને સૂર્યની આસપાસની પરિક્રમા કરવાનો સમય ધ્યાનમાં લેતાં તેવી ગણતરી મૂકી શકાય છે કે, સૂર્યની ફરતે જ્યારે તે બે ચક્કર પૂરાં કરે છે, ત્યારે પોતાની ધરી ઉપરનાં ત્રણ ચક્કર તે પૂરાં કરે છે. આમ હોવાને કારણે તેની ઉપર રાત્રિ અને દિવસના સમયમાં પણ ફેરફાર થવા પામે છે. તેની ઉપરની આબોહવા ઘણી જ પાતળી હોવાનું મનાય છે, જેમાં હાઇડ્રોજન હેલિયમ અલ્પ પ્રમાણમાં હોવા સાથે સોડિયમ પણ હોવાનું જણાયું છે. કોઈ પણ વસ્તુ યા વ્યક્તિનું વજન પૃથ્વી ઉપર હોય તેના કરતાં ૬૨% ઓછું વજન બુધ ઉપર થવા પામે એવો અંદાજ કાઢવામાં આવ્યો છે. આપણી અહીંની દિવસરાત્રિની લંબાઈ કરતાં ત્યાંની દિવસ-રાત્રિની લંબાઈ ૩૦ ગણી વધુ હોય છે.

'બુધ' ગ્રહનો જન્મ આશરે ૪.૫ બિલ્યન વર્ષ (૪,૫૦,૦૦,૦૦,૦૦૦) અગાઉ થયો હોવાનો અંદાજ છે. તે સૂર્યની નજીકમાં નજીક આવેલો ગ્રહ હોવાને કારણે તેના ઉપરનું ઉષ્ણતામાન ભારે ઊંચું રહેતું હોઈ તેના ભૂગર્ભમાં રહેલ ૭૦% લોખંડ પીગળી જઈ તેના મધ્યના ભાગમાં જમા થવા પામ્યું છે. આ પીગળેલો લાવારસ જ્યારે ફૂટીને બહાર ધસી આવે છે ત્યારે ભયંકર જ્વાળામુખી પેદા થાય છે અને પરિણામે વિશાળ કદનાં મુખો ત્યાંના બહારની ધરતી ઉપર રચાવા પામે છે. આવું કરોડો વર્ષો પહેલાં બનવા પામ્યું. ત્યાર બાદ તે ધીમે ધીમે ઠંડો પડતો ગયો અને સંકોચાવા માંડતાં તેની બહારની સપાટી વ્યવસ્થિત થઈ એક ગોળાનું રૂપ ધારણ કર્યું હતું. આવી પ્રક્રિયા તેના ઉપર થવા પામેલી ત્યારે અનેક મહાકાય ટુકડાઓ બહાર ઊપસી આવેલા, જેણે નાના-મોટા પર્વતોનું રૂપ ધારણ કર્યું હતું. આ બધા પર્વતોમાં એક પર્વત તો ૩૧૦ માઇલ લાંબો અને બે માઇલ ઊંચો હોવાનું જણાયું છે. આબોહવાનું કોઈ દબાણ ના હોવાને કારણે ત્યાં શૂન્યાવકાશ જેવી સ્થિતિ પ્રવર્તે છે. ૧૯૭૦માં 'મેરિનર-૧૦' અવકાશયાને અડધા ભાગના વિસ્તારની વિગતો રવાના કરી હતી. આ માહિતી પ્રાપ્ત થતાં એવા નિર્ણય ઉપર આવી શકાયું હતું કે બુધ અને ચંદ્રની રચનામાં ઘણું જ સામ્ય છે.'

'બુધ' ગ્રહનું એક વર્ષ આપણા ૮૮ દિવસનું બનેલું હોય છે. આમ હોવાનું કારણ એ છે કે, તે સૂર્યની આસપાસનું તેનું ભ્રમણ તેટલા જ સમયમાં પૂરું કરે છે. તેનું પરિભ્રમણ પણ લંબગોળ કક્ષામાં હોઈ જ્યારે તે સૂર્યની નજીકમાં હોય છે ત્યારે તેઓની વચ્ચેનું અંતર ૨,૯૦,૦૦,૦૦૦ માઇલનું અને સૌથી વધારે દૂરના અંતરે હોય છે ત્યારે બે વચ્ચેનું અંતર ૪,૪૦,૦૦,૦૦૦ માઈલનું હોય છે. આમ, બે વચ્ચેના અંતરમાં વધઘટ થવાની સાથે બુધ ગ્રહ ઉપરના ઉષ્ણતામાનમાં પણ વધઘટ થયા કરતી હોય છે. આપણા ૫૯ દિવસ બરાબર તેનો એક દિવસ હોય છે. ત્યાં ઋતુઓમાં ખાસ ફેરફાર થવા પામતો નથી.

## જેસલમેર
(દેશાટન-૨૨)



રાજસ્થાનનું જેસલમેર દુનિયાના યાત્રિકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. જોધપુરથી લગભગ ૨૭૫ કિ.મી.ના અંતરે એ રાજસ્થાનના પશ્ચિમી રણવિસ્તારમાં આવેલું છે. અડદિયા પથ્થરમાંથી બનેલી અને બંદૂકોમાંથી ગોળીઓ છોડવા સારું ઠેર ઠેર કાણાવાળી દીવાલો અને સાંકડી શેરીઓથી ઓપતું આ નગર મધ્યકાલીન અસરને છતી કરે છે. સોનેરી રંગના પથ્થરોમાંથી બનાવેલી દીવાલોને કારણે તેને સોનેરી નગરી પણ કહે છે. ઈ.સ. ૧૧૫૬માં રાજકુમાર જેસલે તેની સ્થાપના કરી હતી. આજે તો એ મહત્ત્વનું સેના-કેન્દ્ર પણ છે.

શહેરને ચાર મુખ્ય પ્રવેશદ્વારો છે. મલકા પોલ, અમર સાગર પોલ, બેરોની પોલ, અને ગઢીસાગર પોલ. ત્યાં ત્રિકુટ પર્વતમાળા પરનો જેસલમેરનો કિલ્લો સોનેરી કિલ્લા તરીકે વિખ્યાત છે. જૂનાં મહેલ, સર્વોત્તમ વિલાસ, ગજવિલાસ, મોતીમહેલ વગેરે ઇમારતો વિશાળ ભીંતચિત્રો, કોતરણીયુક્ત પ્રવેશદ્વારો આદિથી પ્રસિદ્ધ છે. અહીંયાં ભવ્ય જૈન મંદિરો પણ આવેલાં છે. મહાવીર દેરાસરમાંની પન્નાની પ્રતિમા તથા ત્યાંનું હસ્તપ્રતોથી મંડિત 'જ્ઞાનભંડાર' પુસ્તકાલય જાણીતું છે. આ નગરની નકશીદાર પ્રાચીન હવેલીઓ ઉમદા સ્થાપત્યના નમૂનારૂપ છે.

ખુરીગ્રામ અને તેની નજીકનો મરુસ્થલીય રાષ્ટ્રિય ઉદ્યાન જોવાલયક છે. પશુઓની દુર્લભ જાતિઓ ત્યાં જોવા મળે છે. નગરથી ૧૪ કિ.મી.ના અંતરે વિશ્વજીવાશ્મ ઉદ્યાન આવેલો છે. જેમાં ૧૮૦ લાખ વર્ષોજૂનાં વૃક્ષોના અવશેષ જોવા મળે છે.

('યોગક્ષેમ'ને આધારે)



## અમૃત કણી

મધુર કોમળ મલયનો લયં લઈને વહે રાતનો સમય:
ઉરને મારાં સમણાંનો મય પાય છે અહો ! રાતનો સમય !
નીંદવિહોણાં નેણમાં લપાઈ જાગતો રહે રાતનો સમય :
બંધ હોઠોની ગોઠડી મૂંગી સુણતો રહે રાતનો સમય !

- સુરેશ દલાલ

### સતયુગની ઝાંખી કરાવતા તબીબ

મુંબઈમાં ઘાટકોપરમાં નવરોઝ લેન અને પરમાણંદ લેનના ક્રોસિંગના નાકે એક સાદું દવાખાનું છે. સવારથી સાંજ સુધી વિવિધ રોગના દરદીઓની કતાર લાગેલી જોવા મળે. દવાખાનામાં ડૉક્ટરની બેસવા માટેની ખુરશી નથી. ડૉક્ટર ઊભા ઊભા જ કામ કરે છે...! આ દવાખાનાની સૌથી મોટી વિશેષતા એ છે કે બધાં જ દરદીઓ સ્પષ્ટ વાંચી શકે એ રીતે દવાખાનામાં એક પાટીયું લગાડવામાં આવ્યું છે :

'આ દવાખાનામાં દવાની ફી આપવી ફરજિયાત નથી. આમ છતાં ફી આપવી હોય તો ત્રણ રૂપિયા આપો.'

આજના યુગમાં દવા અને ડૉક્ટરની ફી ખૂબ જ મોંઘી થઈ ગઈ છે ત્યારે ગરીબ જરૂરતમંદ દરદીઓ માટે ઘાટકોપરનું આ દવાખાનું દેવમંદિર બની ગયું છે. સેવાના ભેખધારી આ ડૉક્ટરનું નામ છે રસિકલાલ પ્રભુદાસ ગાંધી.

સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તરેડ જેવા નાનકડા ગામે કપોળ વણિક જ્ઞાતિનાં એક ગરીબ પરિવારમા તા. ૨૨મી મે ૧[illegible]ના રોજ જન્મેલા ડૉ. રસિકલાલ ગાંધીની ઉંમર ચાર વર્ષની હતી ત્યારે તેમનાં માતા લાલાવંતાબહેનનું અવસાન થયું. આથી તેમનો ઉછેર તેમના દૂરના ફોઈબાએ કર્યો હતો.

ડૉ. રસિકભાઈ ગાંધીએ એચ.એસસી. સુધીનો અભ્યાસ મહુવાની કપોળ બોર્ડિંગમાં રહી એમ.એન. હાઇ સ્કૂલમાં કર્યો હતો. પ્રારંભથી જ ભણવામાં તેઓ ખૂબ તેજસ્વી દસમા ધોરણ સુધી દરેક વખતે પ્રથમ નંબરે જ ઉત્તીર્ણ થયા હતા. એસ.એસ.સી. થયા પછી તેમના પિતાએ હાથખર્ચ માટે રૂ. ૨૩ આપી રસિકભાઈને નોકરી માટે મુંબઈ મોકલ્યા. એ સમયે મહુવા પંથકના અનેક કપોળ વણિકો મુંબઈમાં ધંધાઉદ્યોગમાં કાર્યરત હતા.

પિતાએ રસિકભાઈને નોકરી કરી રૂપિયા રળવા મુંબઈ મોકલ્યા. પણ તેજસ્વી



વિદ્યાર્થી રસિકભાઈને નોકરી કરતાં અભ્યાસમાં સવિશેષ રસ હતો. આથી તેઓએ પોતાની જ્ઞાતિના શ્રીમંત મુરબ્બીઓનો સંપર્ક સાધી ભણવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી. અમરેલીના કપોળ શ્રેષ્ઠી ખુશાલદાસ કુવરજી પારેખ આ તેજસ્વી યુવકની બુદ્ધિપ્રતિભાને પામી ગયા. તેમણે રસિકભાઈની કૉલેજના અભ્યાસની તમામ જવાબદારી પોતાના શિરે લીધી.

સુખી દાતાઓ તરફથી મળેલી કૉલેજની ફી, ટ્યુશન ફી અને સ્કૉલરશિપની સહાયથી તેઓ ઇન્ટર સાયન્સમાં ખૂબ જ સારા માર્ક્સ મેળવી ઉત્તીર્ણ થયા. રસિકભાઈની ઇચ્છા ડૉક્ટર થવાની હતી. આથી તેઓ

એમ.બી.બી.એસ. થવા માટે મેડિક્લ કૉલેજમાં દાખલ થયા. ૧૯૬૨માં તેઓ એમ.બી.બી. એસ. થઈ ડૉક્ટર બન્યા. ખૂબ જ ગરીબી અને સંઘર્ષ વેઠી આગળ આવેલા રસિકભાઈના લોહીમાં જ સેવાસંસ્કાર પડેલા હોવાથી તેમણે ૧૯૬૫થી ૧૯૭૬ એમ ૧૧ વર્ષ સુધી ઘાટકોપરની સર્વોદય ચૅરિટેબલ ટ્રસ્ટની હૉસ્પિટલમાં ડૉક્ટર તરીકે પોતાની સેવાઓ આપી.

આ હૉસ્પિટલનું સાર્વજનિક દવાખાનું અમુક કારણોસર બંધ થતાં ડૉ. રસિકભાઈને ચિંતા થવા લાગી કે, હવે ગરીબ દર્દીઓનું શું થશે ? રસિકભાઈને આવો પ્રશ્ન મૂંઝવતો હતો ત્યારે જ તેમને સદ્‌વિચાર સૂઝ્યો કે, મેં સમાજની સેવા લીધી છે તો તેમનું ઋણ ચૂકવવાની મારી ફરજ છે. મનમાં આવો વિચાર આવતાં જ તેમણે ગરીબ દરદીઓની સેવા કરવાનો સંકલ્પ કર્યો ને પોતાનાં ઘરમાં જ ગરીબ દરદીઓ માટે દવાખાનું શરૂ કરી દીધું.

ડૉ. રસિકભાઈએ નિશ્ચય કર્યો હતો કે મારે શક્ય એટલા ઓછા ભાવે લોકોને સેવા આપવી. આથી તેમણે એક દિવસની દવાનો ચાર્જ માત્ર એક રૂપિયો લેવાનું રાખ્યું. પ્રારંભમાં દવાખાનામાં તેઓ એકલા હાથે જ લોકોની સેવા કરતા, પરંતુ દરદીઓનો ધસારો વધી જતાં તેમને એક કમ્પાઉન્ડર અને પરચુરણ કામ માટે એક છોકરો રાખવાની જરૂર પડી.

મોંઘવારી વધતા ૧૯૮૦થી દવાનો ચાર્જ વધારીને ત્રણ રૂપિયા કરવામાં આવ્યો, જે વીસ વર્ષથી આજે પણ એટલો જ લેવાય છે. કોઈ દરદીને ઇન્જેક્શન આપવાની જરૂર વર્તાય તો માત્ર પાંચ રૂપિયામાં ઇન્જેક્શન આપવામાં આવે છે. ડૉ. ગાંધીના દવાખાને દિવસનાં સરેરાશ ૩૦૦ જેટલા દરદીઓ સારવાર માટે આવે છે.

દવાનું ઉત્પાદન કરતી કંપનીઓ તરફથી ડૉ. ગાંધીને દવાનાં જે સેમ્પલ મળે તે તેઓ વિનામૂલ્ય જરૂરતમંદ દરદીઓને આપી દે છે. દરદીનું નિદાન કરી તેઓ દવા લખી આપે ત્યારે જો કોઈ દરદી એમ કહે કે, દવા લેવાના મારી પાસે પૈસા નથી તો ડૉ. ગાંધી આવા દરદીઓને દવા લેવા માટે આર્થિક સહાય પણ આપે છે.

ડૉ. ગાંધીના દવાખાનામાં એક દાનપેટી રાખવામાં આવી છે. દવાખાનામાં આવતા દરદીઓ કે કોઈ સુખી દાતા સ્વૈચ્છિક રીતે દાન કરવા માગતા હોય તો આ દાનપેટીમાં પોતાની રકમ અર્પણ કરે છે. મહિનેદહાડે આ દાનપેટીમાં રૂ. દોઢથી બે હજારની રકમ એકત્ર થાય છે. આ રકમનો ઉપયોગ ડૉ. ગાંધી ગરીબ દરદીઓને બહારથી ખરીદવાની દવા માટે કરે છે. આ રકમ ખૂટી જાય અથવા તો ક્યારેક કોઈ દવા ખૂબ જ મોંઘી હોય ત્યારે ડૉ. ગાંધી દરદીને ચિઠ્ઠી લખી આપે છે. દવાની દુકાનવાળાના નામે લખાયેલી એ ચિઠ્ઠી દવાવાળાને મળે એટલે એ વેપારી દરદી પાસેથી દવાના પૈસા લીધા વિના તેને જરૂરી દવા આપી દે છે. મુંબઈમાં આવા આઠથી દસ દવાવાળાને ત્યાંથી ડૉ. ગાંધીની ચિઠ્ઠીથી ગરીબ દરદીઓને સાવ મફત દવા મળે છે.

નવો દરદી પ્રથમ વખત તબિયત બતાવવા આવે ત્યારે કેસ કાઢવાની એક રૂપિયો ફી લેવામાં આવે છે. આ રકમ દવાખાનામાં કામ કરનાર કમ્પાઉન્ડરને આપવામાં આવે છે. રોજના આવા ૪૦થી ૫૦ કેસ નવા આવે છે. જે તમામ આવક કમ્પાઉન્ડરને આપી દેવામાં આવે છે. માનવતાપ્રેમી, સેવાભાવી આ ડૉક્ટરની સેવાનો લાભ માત્ર ઘાટકોપરની પ્રજા જ લે છે એવું નથી, બલકે એમને ત્યાં વસઈ, ભાયંદર, દહીંસર, અમરનાથ, કલ્યાણ અને ડોંબીવલી જેવાં દૂરસુદૂરનાં પરાંઓમાંથી પણ લોકો દવા લેવા આવે છે. દવાખાનામાં માત્ર ગરીબ દરદીઓ જ દવા લેવા આવે છે એવું પણ નથી. ઉચ્ચમધ્યમ વર્ગના અને શ્રીમંત લોકો પણ અહીં દવા લેવા આવે છે. આવા સુખી લોકો જ્યારે ડૉ. ગાંધીને અમુક રકમનું દાન કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે ત્યારે ડૉ. ગાંધી તેઓને બૅંકમાં તેમના નામનું ખાતું ખોલવાની સલાહ આપે છે. આવી રકમમાંથી જરૂરતમંદ દરદીઓને જરૂરી મોંઘી દવા માટે ચેક લખી આપવામાં આવે છે. આવાં ૨૦ જેટલાં બૅંક ખાતાનો વહીવટ ડૉ. ગાંધી સંભાળે છે.

છેલ્લાં પચીસ વર્ષથી ગરીબ દરદીઓની આ રીતે સેવા કરતાં ડૉ. ગાંધીની સેવાને બિરદાવવા ઘાટકોપર સમાજ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ગાંધીના ચાહકોએ રૂપિયા ૩.૨૫ લાખની માતબર રકમ એકત્ર કરી અર્પણ કરી હતી. ડૉ. ગાંધી આ રકમ પોતાની પાસે ન રાખતા એ જ સમયે એક ટ્રસ્ટ બનાવીને એ રકમ એમ.બી.બી.એસ.માં ભણતા જરૂરતમંદ વિદ્યાર્થીઓની ફી માટે વાપરવાની જાહેરાત કરી હતી. ખારા રણમાં મીઠી વીરડીસમા સેવાભાવી ડૉ. રસિકલાલ ગાંધી સતયુગની ઝાંખી કરાવી જાય છે.

(ફૂલછાબ) -રાજેન્દ્ર દવે

## કુવાડિયો

ચામડીના અનેક રોગો એવા છે કે જે ઉપાય કરવા છતાં યોગ્ય નિદાનના અભાવે મટતા નથી. ત્યારે આ રોગના ચક્રમાં ફસાયેલ દર્દી ડૉક્ટર-વૈદ્ય ઉપરની શ્રદ્ધા ગુમાવી નિરાશાના ચક્રમાં ફસાય છે. આવો જે ચામડીનો રોગ જેને દાદર (ધાધર)ના નામે ઓળખવામાં આવે છે તે તથા શરીર ઉપર થતાં ચકામાં-સફેદડાઘા કરોળિયામાં આપણી આજુબાજુ ખાલી જગ્યામાં વિપુલ પ્રમાણમાં ઊગી નીકળતો કુવાડિયો અતિઉત્તમ ઔષધ છે.

આ છોડ કુદરતી રીતે જ ઊગી નીકળે છે અને કારતક માસમાં તે કુવાડિયો આપોઆપ સુકાઈ જાય છે. તેના ઉપર પાતળી શિંગો થાય છે, જેમાં ૨૦ થી ૩૦ જેટલાં મેથીના દાણા જેવાં બીજ નીકળે છે. આ બીજ (બી)ને છાશ અથવા લીંબુના રસમાં લસોટી મલમ બનાવી લગાડવાથી ઉપરોક્ત ચામડીના રોગમાં ઉત્તમ કામ આપે છે. શિયાળાની ઠંડી ઋતુમાં દાદર-રોગ કારણોવશાત્ વધે છે ત્યારે આ મલમ સાથે મંજિષ્ઠાદિ લેવાથી અવશ્ય ફાયદો થાય છે.

કુંવાડિયો આ ચામડીના ચક્રને મટાડતો હોવાથી આયુર્વેદમાં તેને 'ચક્રમર્દ'થી ઓળખવામાં આવે છે. આ કુવાડિયો વાતપિત્ત હરનાર, હૃદયને હિતકર, રુક્ષ-શિત-કફ શ્વાસ અને ચામડીના રોગમાં ઉપયોગી છે. વિરેચક હોવાથી કબજિયાતને પણ મટાડનાર છે. કુવાડિયાનાં બીજનો પાઉડર બનાવી કૉફી પણ બનાવવામાં ઉપયોગમાં લેવાય છે. ચક્રમર્દમાં તેનાં બીજની માળા બનાવી પણ ઘણાં ધારણ કરે છે. -વૈદ્ય ધનેશભાઈ રાવલ

# ૨૦૦૧ના વર્ષનું કેલેન્ડર

## કેલેન્ડરનો ઉપયોગ કેવી રીતે કરશો ?

**રચયિતા : રિતેશ એસ. સુખડિયા (ખંભાત)**

જો તમારે ૧૪મી જાન્યુઆરીએ કયો વાર આવે છે તે જાણવું હોય તો ૧૪ના આંકડાથી નીચે તરફ આંગળી સરકાવો અને જાન્યુઆરી માસ લખ્યો છે તેની સામેની લાઈનના 'વાર'-ખાના સુધી લાવો તો તે રવિવાર પર અટકશે, તેથી ૧૪મી જાન્યુઆરીએ રવિવાર આવશે.




કુમાર કાર્યાલય લિમિ.,
૧૪૫૪ રાયપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| | ૨૯ | ૩૦ | ૩૧ | | | | |
| એપ્રિલ-જુલાઈ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| જાન્યુ.ઑક્ટોબર | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
| મે | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ |
| ઑગસ્ટ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |
| નવે. ફેબ્રુ.માર્ચ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ |
| જૂન | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| સપ્ટેમ્બર-ડિસેમ્બર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |

---

**સદ્. યશવંત પંડ્યા – ૪૫મી પુણ્યતિથિએ – ૧૪-૧૧-૨૦૦૦**

**સદ્. ચંદ્રવદન મહેતા – જન્મશતાબ્દી નિમિત્તે – ૬-૪-૧૯૦૧**

**સ્થાનસમર્પિત**

અમે દુનિયાને બદલવાના પ્રયત્નો કરીએ.

સમૂળી ક્રાંતિના સિદ્ધાંતો રચીએ.

એને બદલે અમે દરેક જણ જો થોડાક વધુ સારા થઈએ,

થોડાક ઓછા સ્વાર્થી થઈએ,

બીજાઓનો થોડોક વધુ ખ્યાલ કરીએ-

-તો દુનિયાનાં રૂપરંગ બદલાઈ ન જાય, ભગવાન ?

**સદ્. યશવંત પંડ્યા પરિવાર તરફથી શ્રદ્ધા સુમન**

બિરહા બિરહા મત કહો, બિરહા હૈ સુલતાન;
જા ઘર બિરહ ન સંચરે, સો ઘર જાન મસાન.

— કબીર

**શ્રી** તારાકાન્ત રાય કૃષ્ણનગર રાજ્યના મોટા અધિકારી હતા. ત્યાંના રાજવી એમને મિત્ર ગણતા. રાજમહેલના એક ભાગમાં રહેતા. એક શિયાળાની ઠંડી રાતે શયનગૃહમાં જરાક મોડા પહોંચ્યા. તેમની પથારીમાં તેમનો નોકર નિરાંતે ઊંઘતો હતો. રાય શેતરંજી પાથરી, નીચે સૂઈ ગયા.

બીજે દિવસે સવારે કૃષ્ણનગરના રાજવી ખાસ કામ માટે જાતે રાયના નિવાસસ્થાને આવ્યા. જોયું તો રાયસાહેબ શેતરંજી પર આડા પડેલા હતા. અવાજ સાંભળી નોકર જાગી ગયો. રાજવીએ કહ્યું, 'આ શું ? તમે જમીન પર સૂતા છો ને નોકર પલંગ પર ?'

રાયે કહ્યું કે, હું રાતે મોડો આવ્યો હતો. જોયું કે નોકર પલંગ પર સૂઈ ગયો છે. મને લાગ્યું કે થાકેલો હશે કે તબિયત સારી નહિ હોય માટે સૂઈ ગયો હશે. ઉઠાડું તો એને કષ્ટ થાય એટલે હું નીચે સૂઈ રહ્યો. એમાં મને કોઈ અગવડ નથી પડી.

*

એક તારણ પ્રમાણે સિગારેટ પીનારાઓ બીજા કરતાં પચાસ ટકા વધુ અકસ્માત કરનારાઓ હોય છે. અને ટ્રાફિકનું ઉલ્લંઘન બીજા કરતાં ચાલીસ ટકા વધારે કરતા હોય છે.



વૃક્ષ આકારમાં વૃક્ષ શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

भोगा न भुक्ता वयमेव भुक्ताः
कालो न यातो वयमेव याताः ।
तपो न तप्तं वयमेव तप्ताः
तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥

માણસ સમજે છે કે એ ભોગોને ભોગવે છે, પણ વાસ્તવમાં ભોગ જ એને ભોગવે છે. કાળ નથી જતો, આપણે જ જઈ રહ્યા છીએ; તપ નથી તપતું, આપણે જ તપી રહ્યા છીએ; તૃષ્ણા જીર્ણ-ઘરડી નથી થતી, આપણે જ જીર્ણ થઈએ છીએ

જાયફળનું એક તોલો ચૂર્ણ ગોળમાં મેળવી નાની નાની ગોળીઓ કરી, તેમાંથી એક એક ગોળી અર્ધા અર્ધા કલાકે લેવાથી અને ઉપર થોડું ગરમ પાણી પીવાથી કોલેરામાં રાહત થાય છે.

*

ઈ. સ. ૧૮૪૮માં અમેરિકામાં ન્યૂ યોર્ક શહેરના સેનિકાફોલ્સમાં ભરાયેલી સ્ત્રીકાર્યકારો માટેની સભામાં સ્ત્રીઓને મતાધિકાર આપવા અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવનો ત્યારે સખત વિરોધ કરવામાં આવ્યો હતો, પરંતુ વર્ષો પછી ૧૯૨૦ માં તેમના આ ઠરાવને માન્ય કરવામાં આવ્યો હતો.

*

એક સરકારી ઑફિસમાં ફાઈલોના ઢગલાના નિકાલ માટે પુછાવ્યું : 'ફાઇલો વધી ગઈ છે. શું કરવું ?'

જવાબ આવ્યો, 'સ્ટોરરૂમમાં મુકાવી દો.

ઑફિસમાંથી ફરી લખી જણાવ્યું : 'રૂમમાં જગ્યા નથી તેનો નાશ કરવાની મંજૂરી આપો.'

ઉપરથી જવાબ આવ્યો : 'ફાઈલોનો નાશ કરવાની રજા આપવામાં આવે છે, પણ નાશ કરતાં પહેલાં બધી ફાઈલોની નકલ કરાવી લેશો.'

*

પૃથ્વીના પોપડામાં બારમા ભાગનું એલ્યુમિનિયમ હોય છે.



દાક્તરે છોકરાંને કાયમ તાજું જ દૂધ પાવાનું કીધું, એટલે તાજા દૂધની વ્યવસ્થા કરતી આવી છું !

**કલાકણિકા :** જપાનમાં 'ઓલ્ડ ટુમ્બ પીરિઅડ' તરીકે ઓળખાતા સમયગાળા દરમિયાન કબર પર ચીજવસ્તુઓ મૂકવાનો ચાલ હતો. તે રિવાજ અનુસાર મુકાએલી માટીમાંથી બનાવેલી સ્ત્રીની એક કલાત્મક પ્રતિમા.

